હરિ કરે સો હિત



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

॥ શ્રીવાક્પતયે નમઃ ॥

હરિ કરે સો હિત

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com,
visit us at www.vaishnavparivar.org

Hari Kare So Hit

by Prof. Rameshbhai V. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

■ પ્રાપ્તિસ્થાન ■
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૯૮
દ્વિતીય આવૃત્તિ : ઓગષ્ટ, ૨૦૧૧

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૨૦/-

■ મુદ્રક ■
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
(મો) ૯૮૨૫૩ ૫૨૮૭૨

સમર્પણ

શ્રીહરિ! કરુણા કરી, દે દેહના રોગ અનેક,
સ્થાપી મતિ તવ ચરણે, માનસિક કલેશ ન છેક.
નિજજન જાણી શીખવ્યું છે દુઃખ દયાનું દાન,
આપ્યું છે તને રાખવા મુજ ચરણની પાસ.

મારા શ્રીશ્યામસુંદર
શ્રીદ્વારકેશપ્રભુની આ દીક્ષા-
શિક્ષાની અનુભૂતિના શબ્દરૂપને
એમનાં સુખદ, વરદ પાદારવિંદોમાં
દાસભાવે સમર્પિત કરું છું.

-રમેશ

અનુક્રમણિકા

પ્રસ્તાવના ૫

પ્રસન્નતાની અભિવ્યક્તિ ૯

ભૂમિકા ૧૧

૧. ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે ૨૩

૨. વિપતમાં વિશ્વાસ વિભુનો ૩૧

૩. મારી હૂંડી સ્વીકારો શામળા ગિરધારી ૪૧

૪. રાધાવર રીઝે તેમ રહીએ ૪૮

૫. હરિ કરે, જીવ શું જાણે? ૫૭

૬. સુકાન સોંપ્યું શામળાને ૬૫

૭. હરિ હાથ વેચાણી ૭૪

૮. જીવ, તું શીદને ચિંતા ધરે? ૮૨

૯. કૃપામાં કસોટી તો થાય ૮૮

૧૦. કૃપાની રીત ન્યારી ૯૭

૧૧. હરિ કરે તે સહી ૧૦૪

૧૨. દુઃખ : દયાનું દાન ૧૧૧

પ્રસ્તાવના

મારા દ્વારા લખાયેલ સાહિત્યના એક સુશિક્ષિત ભાવક મળ્યા. પ્રસન્નતા વ્યકત કરતાં બોલ્યા : 'તમારી જમણા હાથની આંગળીઓનાં ટેરવામાં ગજબનો જાદુ છે. ડુંગરે ડુંગરે મોર ટહૂકે, તેમ ટેરવે ટેરવે મોર ટહૂકે છે. તમારાં ટેરવાંને સ્પર્શી શકું? મેં હથેળી લંબાવી. એમણે ટેરવાં પર એમની તર્જની આંગળી ફેરવી. અંગૂઠાના ટેરવે ઠીક ઠીક વાર ફેરવી. પછી કહે-તમારા અંગૂઠાના ટેરવાની વચ્ચે ઊભો ખાડો છે! ખબર છે તમને? મેં જોયું. વાત સાચી લાગી. વિચારમાં પડ્યો-વાગ્યા વિના ખાડો કેમ હોય? એમણે કહ્યું- 'મારું અનુમાન છે કે તમે લખતા હશો, ત્યારે પેન પર અંગૂઠાનું દબાણ રહેતું હશે. દસ જન્મનું લેખન એક જન્મમાં કરી નાખ્યું, એના કારણે ખાડો પડી ગયો.'

હું હસ્યો.

એમણે મને પૂછયું (બીજા પણ ઘણા ભાવકો પૂછે છે) – 'તમને તમારું કયું પુસ્તક સૌથી વધુ પ્રિય છે?' હું કહું છું – 'મને કેવી રીતે ખબર પડે? પુસ્તક હું લખતો નથી, લખાઇ જાય છે. પછી વાંચતો નથી. છપાયા પછી યે નહિ. કયા પુસ્તકમાં શું છે, તેની યે મને ખબર નથી.'

પરંતુ બીજા ભાવકોના અભિપ્રાય અને એમની વાતો મને વિચારતો કરી દે છે.

'શ્યામ રંગ સમીપે જાવું' નવલકથા લખાઇ. પહેલી જ નવલકથા. કેમ લખાઇ ખબર નથી, બસ લખાઇ ગઇ. તે પુસ્તક લઇ ત્યારે પૂ.ગો.શ્રી ઇન્દિરાબેટીજી શ્રીનાથદ્વારા પધારેલાં. એમણે આજ્ઞા કરી, 'એકવાર એક

બેઠકે વાંચી ગઇ. બીજીવાર વાંચું છું. સંપ્રદાયના સિદ્ધાંતો અને સમસ્યાઓના નિરૂપણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ નવલકથા છે. લેખકને કહેવું હોય તે પાત્રોના મોઢે કહી શકે અને છતાં છૂટો.'

એ નવલકથા મારા મિત્ર પ્રા. રાજનભાઇ કડિયાને પણ ઘણી સ્પર્શી ગયેલી. હમણાં તેઓ એનો હિન્દી અનુવાદ 'પુષ્ટિપથ' ત્રિમાસિકમાં પ્રકાશિત કરી રહ્યા છે.

એવો બીજો સુખદ અનુભવ થયો. સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન અને ભાવુક ભગવદીય ડૉ. ગજાનનભાઇ શર્માનો. આ નવલકથા 'વૈષ્ણવ પરિવાર'ના અંકોમાં ધારાવાહિક સ્વરૂપે છપાતી હતી. ત્યારે 'શ્રીવલ્લભ ચિંતન' ત્રિમાસિકમાં તેનો હિન્દી અનુવાદ છાપવાની સંમતિ તેમણે માગી. તેમણે સ્વયં અનુવાદ કર્યો અને છપાય છે.

એક રાતે અમદાવાદની ડેન્ટલ કૉલેજમાં ભણતો એક ડૉક્ટર વિદ્યાર્થી આવ્યો. તે કહે તમારી 'શ્યામ રંગ' નવલકથા વાંચી. બહુ મજા આવી. બીજી જેટલી હોય તેટલી આપો. તે વૈષ્ણવપુત્ર ન હતો.

સાત વર્ષ પહેલાં અમેરિકા જવાનું થયેલું. ત્યાં વરમોન્ટમાં અમેરિકન વૈષ્ણવ શ્યામદાસજીના ત્યાં રાતે એક વૈષ્ણવ મળવા આવેલા. વાતવાતમાં તેમણે કહ્યું : 'તમારું આનંદનો આવિષ્કાર ભાગ-૧ વાંચ્યું. એવું સ્પર્શી ગયું કે વારંવાર વાંચ્યું. લગભગ કંઠસ્થ થઇ ગયું છે.' તેમણે એક પ્રકરણનો ભાવવાહી શૈલીમાં મુખપાઠ પણ સંભળાવ્યો!

આ બધા અનુભવો આનંદની અનુભૂતિ કરાવનારા છે. આજે ય હું વિના સંકોચે કહું કે મને સાહિત્યના બધા પ્રકારોમાં નવલકથા વધુ પ્રિય છે. એટલે જ કદાચ 'આનંદના આવિષ્કાર'ના ૪ ભાગમાં ચાર ઐતિહાસિક નવલકથાઓ લખાઇ. 'શ્યામ રંગ' પછી 'ગોવિંદ ગોતી દ્યોને' અને 'હરિથી હું હરિયાળો' લખાઇ. સ્વાનુભવોને નવલદેહ મળ્યો 'ટહુકા ભીના ને આંખ કોરી'માં. બધી જ સૌને પ્રિય થઇ.

બે વર્ષ પહેલાં પરિસ્થિતિવશ પ્રા. રાજનભાઇએ 'વૈષ્ણવ પરિવાર' સંભાળ્યું. ત્યારે તેમનો આગ્રહ રહ્યો કે એક વર્ષના બાર અંકમાં વિસ્તરે એવી બાર જ પ્રકરણની લઘુનવલ (*Novelette*) આપો. આમ તો સાહિત્યસર્જન ફરમાઇશથી થતી પ્રક્રિયા નથી, પણ ભગવદિચ્છા થઇ. લખાઇ ગઇ. તે જ આ લઘુનવલ છે.

પાયાનો વિષય છે - દુ:ખ અને તેનો પુષ્ટિમાર્ગીય અભિગમ. દુ:ખના બે પ્રસિદ્ધ અભિગમ છે. કર્મમાર્ગિય અભિગમ. શ્રી હીરાભાઇ ઠક્કરનું 'કર્મનો સિદ્ધાંત' પુસ્તક ખૂબ વંચાય છે. તેમાં દુ:ખનો કર્મમાર્ગિય અભિગમ છે. શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન'ના એક શ્લોકમાં અને રાસપંચાધ્યાયીના અંતર્ગૃહગતા ગોપીજનોના પ્રસંગ પરનાં 'શ્રીસુબોધિનીજી'માં દુ:ખનો પુષ્ટિમાર્ગિય અભિગમ રજૂ કર્યો છે. તેની જ મીમાંસા શ્રીહરિરાયજીએ છઠ્ઠા અને દસમા શિક્ષાપત્રમાં કરી છે. પુષ્ટિમાર્ગિય દૃષ્ટિકોણથી દુ:ખ દંડ નથી, કૃપાનું-દયાનું દાન છે. આ વાત બુદ્ધિમાં પાકી ઘૂંટાઇ જાય તો દુ:ખથી વેષ્ણવ ભાંગી ન પડે. દુ:ખને આવકારતો બને. દુ:ખથી ગભરાઇ ન જાય. મારો ય પ્રભુ દીધો આ જ સ્વાનુભવ છે. ''આ વાદ્યને કરુણરસ વિશેષ ભાવે.''

આ વિચાર વાર્તાસ્વરૂપે અહીં વ્યક્ત થયો છે. પ્રસંગો અને પાત્રો નથી પૂરાં કાલ્પનિક કે નથી પૂરાં સત્ય. બંનેનુ એમાં સંયોજન છે- કલાતત્ત્વને નિખારવા માટે.

આ નવલકથા માત્ર માણવા માટે નથી, મનન કરવા માટે છે. એટલે તેની ભૂમિકા રૂપે દુ:ખનો શ્રીમહાપ્રભુજીનો દૃષ્ટિકોણ હવે પછીનાં પાનાઓમાં ભૂમિકા રૂપે રજૂ કર્યો છે.

આ પુસ્તક પ્રકાશનનાં મનોરથી છે, શ્રી શીલાબેન ચોકસી (ફલોરીડા, અમેરીકા.) એમણે કહેવડાવી દીધું હતું કે રમેશભાઇનું એક નવું પુસ્તક અમારે જોઇએ. વાચનવ્યાસંગી એ પરિવારે આ પુસ્તકના પ્રકાશનના અસહ્ય વિલંબને ધીરજથી સહી મનોરથી બનવાની પાત્રતા સિદ્ધ કરી બતાવી છે કે 'હરિ કરે સો હિત.'

ન્યુ જર્સી, અમેરિકાસ્થિત શ્રી નવનીતભાઇ સી. શાહના મમત્વ, સાહિત્ય-અનુરાગ અને સેવાનિષ્ઠાએ આ પુસ્તકપ્રકાશનને ટેકો કર્યો છે. એમનો આભાર ન માનું-મને ભાર પડે, કારણ એમને ન ગમે. પ્રસન્નતા વ્યક્ત કરવાનું તો ન જ ચૂકાય.

સૌથી વધુ બળ સાંપડ્યું છે, મારા ગુરુઘરના કાંકરોલીના યુવરાજ-કુમાર પૂ.શ્રીવાગીશબાવાથી. એમનામાં મને તો મારા પૂજયપાદ ગુરુદેવ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીનાં જ દર્શન થાય છે. વિષમતાઓ વચ્ચે સમતા, હરકતો વચ્ચે હાસ્ય, થકાન વચ્ચે મુસ્કાન અને જ્ઞાનગરિમા વચ્ચે વિનયપૂર્ણ શાલીનતાનું બીજું નામ શ્રીવાગીશબાવા. ગુરુઘરની ત્રણ ત્રણ પેઢીઓનો કૃપાપ્રસાદ જ આ જીવને ભગવન્નામ રટતો, લખતો કરી શક્યો છે. એ ત્રણે ગુરુપેઢીની પરંપરાને વંદું છું, પ્રણમું છું.

અષાડ વદ સાતમ, ૨૦૫૩
મહેસાણા.

દાસાનુદાસ
રમેશભાઈ વિ. પરીખ

પ્રસન્નતાની અભિવ્યક્તિ

આપના દ્વારા મોકલાવેલી 'હરિ કરે સો હિત' પુસ્તકની વિગત જાણી. મનમાં ખૂબ આનંદની અનુભૂતિ થઈ એનો મુખ્ય વિષય મારા દૃષ્ટિબિંદુ પ્રમાણે દુઃખ અંગેનો પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ છે. તેનું નિરૂપણ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથના છઠ્ઠા શ્લોકમાં ત્રણે પ્રકારના દુઃખની વ્યાખ્યા અનેક ટીકાકારોએ સ્પષ્ટપણે બતાવી છે.

આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એમ ત્રણે દુઃખ સહન કરવામાં આવે એને જ ધૈર્ય કહેવાય છે. એ ત્રણે દુઃખોમાં દેહના સંબંધથી જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે આધિભૌતિક કહેવાય છે. કામ વગેરેથી ઉત્પન્ન થતું ઇન્દ્રિય સંબંધી જે દુઃખ છે તે આધ્યાત્મિક કહેવાય છે. ભક્તની કસોટી કરવા માટે અથવા તો પ્રારબ્ધના ભોગ માટે ભગવાને પોતે જ પોતાના ભક્તને પોતાના માટે પણ જોઈતી સામગ્રી પૂરી પાડવામાં વિલંબ કરી જે દુઃખ ઉત્પન્ન કર્યું હોય તે આધિદૈવિક કહેવાય છે.

આ વિષય જોતાં આપણને એવી સૂચના શ્રીમહાપ્રભુજી આપે છે કે એકમાત્ર ભગવાનની સાથે જ સંબંધ ધરાવનાર કાર્યોમાં જ માખણની માફક અથવા પ્રિયજનોની માફક મમત્વ બાંધવું અને એ મમત્વ બાંધવાથી ભગવદીયજનોને પ્રભુની સેવામાં સુખ ઉત્પન્ન થાય છે. શ્રીમદ્ભગવદ્-ગીતામાં સ્પષ્ટ રૂપથી બતાવવામાં આવ્યું છે કે ભોગ્ય વસ્તુનું ગ્રહણ નહીં કરવું એ ત્યાગ કહેવાય છે. સારું અથવા નરસું, કશું પણ મોઢે નહીં બોલવું તે વાચિક ત્યાગ કહેવાય છે અને પોતે નિસ્પૃહ રહે એ માનસ ત્યાગ છે.

આ પ્રકારની ભાવનાને અને કઠિન વિષયને શ્રીરમેશભાઈ પરીખે ખૂબ સુંદર શૈલીમાં નિરૂપિત કર્યાં છે અને ભગવદ્‌શરણાગતિને તમામ દુઃખોની નિવૃત્તિ માટેનું રસાયણ બતાવ્યું છે. આજે વ્યક્તિ દુઃખોથી ગભરાય છે, જ્યારે ઋષિ-મહર્ષિઓ પ્રભુને સાનુનય-વિનય સાથે દુઃખ પ્રાપ્ત કરવાની વિનંતી કરે છે. મનુષ્યમાત્ર આ દુઃખના ઘટનાક્રમથી જ્યારે અતિશય દુઃખી હોય છે, ત્યારે એકમાત્ર પ્રભુશરણાગતિનો બીજમંત્ર જો એના હૃદયમાં સ્થિત થઈ જાય તો, ત્યારે પણ દુઃખ હોવા છતાં, દુઃખની અનુભૂતિ થતી નથી. એક કવિ કહે છે, સુખની અનુભૂતિ માટે પણ દુઃખની અપેક્ષા હોય છે અને એ અપેક્ષાને શ્રી રમેશભાઈ કે જેમના લેખનનું પ્રસ્તુતીકરણ અતિ મનમોહક છે, એમણે ખુબ સુંદર રીતે આ નવલકથાને પ્રસ્તુત કરી છે. ખરેખર એમની સાંપ્રદાયકિ સેવાને જોતા આશીર્વાદ આપ્યા વગર રહી શકાતું નથી. પ્રભુની કૃપા એમના પર છે જ અને એ કૃપાને વૈષ્ણવો સુધી પહોંચાડીને જે સુંદર માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે, એને મારાં ખૂબ ખૂબ અભિનંદન સહ આશીર્વાદ.

ભવદીય
ગો. વાગીશકુમાર
(કાંકરોલી)

ભૂમિકા

દુઃખ પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

દુઃખ શબ્દાર્થ :

સુખ અને દુઃખ એવી અનુભૂતિઓ છે કે તે શબ્દોના અર્થના મૂળમાં જવાનું આપણને જરૂરી જ નથી લાગ્યું.

સુ=સારું, ખ=આકાશ. 'સુખ' શબ્દનો યોગાર્થ થાય - સારું, સુંદર, મનોહર આકાશ. આપણી આજુબાજુનું ભાવવરણ એ જ આપણું આકાશ. તનને મજા આવે, મન પ્રસન્ન થાય ત્યારે આપણને આપણી ચોમેર સુખનો-આનંદનો અનુભવ થાય. આથી સુખ એટલે આનંદ.

દુઃ (દુસ્)= ખરાબ. ખ=આકાશ. આકાશ લાંબો સમય વાદળછાયું રહે, ત્યારે મનને ગમગીની, (*Gloominess*) લાગે છે. શરીરની સ્ફૂર્તિ હરાઈ જાય છે. 'મજા' નથી આવતી. એમ તન અને મનને શોક પીડે, ત્યારે શોકનાં વાદળો આપણા ભાવાવરણને ગમગીન બનાવે છે. તન-મનને કલેશ થાય છે. દુઃખ એટલે કલેશ.

દુઃખની ઉત્પત્તિ :

માણસ એકલો હતો-વનવાસી હતો, ત્યારે તેને દુઃખની ખબર ન હતી. વધુ સારું જીવન હોઈ શકે એવો વિચાર ન હતો, ત્યાં સુખી તે પોતાની જાતમાં મસ્ત હતો, સુખી હતો. જ્યારે તેની બુદ્ધિ વિકસી, ત્યારે

તેને વધુ સારા જીવનની કલ્પના આવી. એ કલ્પનાએ, વિચારે તેના વર્તમાન જીવન માટે તેના મનમાં અસંતોષ જન્માવ્યો. એ અસંતોષે તેના જીવનમાં દુઃખનાં બીજ વાવ્યાં.

જનકનંદિની શ્રીરામ સાથે વનમાં જવા તૈયાર થયાં. શ્રીરામે વનજીવનની કઠોરતા કહી, પણ સીતાજીને તો પતિસુખમાં જ તેમનું સુખ સમજાયું હતું. તેથી સહગમન કર્યું. દુકૂળ તજી વલ્કલ પહેર્યાં. પલંગ તજી પૃથ્વી પર પોઢ્યાં. આવાં સંયમસુંદરીને સુવર્ણમૃગ દેખાયું. વલ્કલ કઠ્યાં. સુવર્ણ કંચુકીનો અસંતોષ જાગ્યો. તે જ ક્ષણથી પતિસુખ ગયું. દુઃખનાં વાદળો ઘેરાયાં.

ગીતાજી સમજાવે છે- માણસનું મન સાત્ત્વિક હોય, ત્યાં સુધી તેને દુઃખ ન થાય. સાત્ત્વિકતા એટલે સંયમ, સંતોષ, વિષમતામાં સ્વસ્થતા. સાત્ત્વિકતાને સંગ ગમતો નથી, એકાંત ગમે છે.

માણસમાં રજોગુણ વધે એટલે ભોગેચ્છા જાગે, એટલે સંગ ગમે. સંગ કામ, ક્રોધ, લોભને જન્માવે. કામ, ક્રોધ, લોભ રજોગુણનાં સંતાન. ત્રણે પીડા કરે, દુઃખ આપે.

દુઃખનું મૂળ સંગમાં. સંગથી ઈચ્છા જાગે. ઈચ્છામાંથી અહંતા-મમતા જાગે. એ જ કામ, ક્રોધ, લોભ, પેદા કરે. તન, મન બંને શોકમય બને. સુખ શોધવા નીકળેલો માણસ દુઃખના કાદવના દરિયામાં ખૂંપીને મરે.

દુઃખની સંકલ્પના :

દુઃખ તનનું, મનનું અને આત્માનું હોય. શરીર રોગી બને. રોગની પીડા થાય. તેનું દુઃખ થાય. દવા-ઈંજેકશનો-ઓપરેશન-હોસ્પિટલ ટ્રીટમેન્ટ, જુદા જુદા ટેસ્ટ - આ બધું પણ પીડા કરે. શરીરને માર પડે. વાગે-ઘાયલ થાય. તેનુ દુઃખ પણ થાય.ભૂખ-તરસ-અનિદ્રા-થાક પણ દુઃખ કરે.

મનમાં ચિંતા થાય, ચિંતા ઉદ્વેગ કરે. ઉદ્વેગનું દુઃખ માનસિક દુઃખ છે. મનમાં જૂની કડવી સ્મૃતિઓ સળવળે, ત્યારે પણ મનને બેચેની થાય. ધંધાની ઉપાધિઓ, સ્વજનોનું મૃત્યુ, સ્વજનો-મિત્રોની ગંભીર માંદગી, કુટુંબીઓ-નોકરો દ્વારા થતો અનાદર-તિરસ્કાર, સહકાર્યકરો દ્વારા થતા પ્રપંચ-અદેખાઈ, માથે ચડી ગયેલું દેવું, ખર્ચજોગ આજીવિકાનો અભાવ, વધતી મોંઘવારી અને ખર્ચ, ઈચ્છાઓની અપૂર્તિ એમ અનેક પ્રકારનાં માનસિક દુઃખો માણસને પીડે છે.

આત્માને લગતાં દુઃખોમાં ભૂત-પ્રેતની પીડા, મલીન મંત્રતંત્રથી થતી પીડા મુખ્ય છે. આત્મા ભગવાનનો અંશ છે. ભગવાનથી અગણિત વર્ષો પહેલાં વિખૂટો પડ્યો છે. હજી તે ભગવાનને પામી શક્યો નથી. તેનો વિરહતાપ પણ કલેશરૂપ છે.

દુઃખોનું વર્ગીકરણ :

શ્રીમહાપ્રભુજીએ આ બધાં દુઃખોનું વર્ગીકરણ ત્રણ વિભાગમાં કર્યું છે.

(૧) આધિભૌતિક દુઃખ- તે શરીરને અને મનને લગતાં છે. તેમાં આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો સમાવેશ થાય છે.

(૨) આધ્યાત્મિક દુઃખ - તેમાં આત્માને પીડાકારી દુઃખોનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્વે ભૂત-પ્રેત, હીન દેવદેવી તરફથી મળતો દંડ, મંત્ર-તંત્રથી થતી બાધાનો સમાવેશ થાય છે.

(૩) આધિદૈવિક દુઃખ - તેમાં ભગવાન શ્રીકૃષ્ણને ન પામવાના વિરહતાપકલેશનો સમાવેશ થાય છે.

શ્રીમહાપ્રભુજીના મતે આ અલૌકિક વિરહતાપકલેશ દુઃખદ નથી, સુખદ છે. અંતઃકરણને રુચે છે. આત્મા તે ઈચ્છે છે. એ તો આત્માનું જીવન બને છે.

દુઃખ પેદા થવાનાં કારણો :

શાસ્ત્રના મતે ત્રણ પરિબળો દુઃખ પેદા કરે છે. (૧) કર્મ (૨) કાલ (૩) સ્વભાવ.

(૧) કર્મ :

માણસ કે જીવસૃષ્ટિનું કોઈપણ પ્રાણી કર્મ કર્યા વિના રહી શકે જ નહિ. કર્મ દરેકના માટે અનિવાર્ય છે. કેટલાંક કર્મ નિત્યનાં હોય છે. કેટલાંક નૈમિત્તિક (પ્રાસંગિક) હોય છે. આ કર્મો પૈકી કેટલાંક સત્કર્મો હોય છે, જેમ કે, પરોપકાર, વ્રત, યાત્રા, યજ્ઞ વગેરે. કેટલાંક દુષ્કર્મ હોય છે. જેમ કે હિંસા, ચોરી, અસત્ય બોલવું, વ્યભિચાર, જુગાર, વ્યસનો વગેરે. બંને પ્રકારનાં કર્મોનું પરિણામ (ફળ) તે જીવે ભોગવવું જ પડે. તે કર્મો અનુસાર તેને ૮૪ લાખ યોનિઓમાંની કોઇ એક યોનિમાં બીજો જન્મ મળે છે.

સત્કર્મોથી પુણ્ય ભેગું થાય. દુષ્કર્મોથી પાપ જમા થાય. પુણ્યથી સંપત્તિ મળે, સત્તા મળે, ભૌતિક અને પરલોકનાં સ્વર્ગાદિ સુખો મળે. પાપથી વિપત્તિ મળે અને પરલોકમાં નરકનાં દુઃખ-પીડા મળે.

આપણે આ જન્મમાં જે સુખદુઃખ ભોગવીએ છીએ, તે તો આપણા સો જન્મ અગાઉના સોમા જન્મનાં કર્મોનું ફળ છે. ત્યારબાદનાં નવ્વાણું જન્મોનાં કર્મફળ તો હજી ભોગવવાનાં બાકી રહે છે!

(૨) કાલ :

કાલ એટલે સમય. આપણે કહેતા હોઈએ છીએ કે હમણાં મારો સમય સારો નથી. જયોતિષશાસ્ત્ર કાલ અને ગ્રહોના ભ્રમણના આધારે જાતકનાં સુખદુઃખની આગાહી કરે છે. રાહુકાલ દક્ષિણમાં અશુભ મનાય છે. અમાસ શુભ કામ માટે અશુભ મનાય છે. ધનાર્ક, શ્રાદ્ધપક્ષ આદિ દિવસો લગ્નાદિ માટે અશુભ ગણાયા છે. સત્કર્મ કરનારને ય કાલની ઝપટ વાગે છે. કાલ માણસની મતિ સુધારે છે યા બગાડે છે. તેની શુભાશુભ અસરમાં માણસ સત્કર્મ કે દુષ્કર્મ કરે છે, તેથી તેના ફળરૂપે તેને સુખદુઃખ ભોગવવાં પડે છે. હાલ ચાલતો કલિયુગ માણસને દુષ્કર્મ કરવા પ્રેરે છે, પીડે છે.

(૩) સ્વભાવ :

પ્રકૃતિના ત્રણ ગુણ સત્ત્વ, રજ, તમ. આપણને જન્મજાત આપણા સ્વભાવ રૂપે મળેલા છે. સત્ત્વ ગુણ સંયમ અને સંતોષ બક્ષે. તે સત્કર્મ કરાવે. રજોગુણ સંપત્તિનું સેવન કરાવે. તમોગુણ અનાચાર, હિંસા, ક્રોધ કરાવે. માણસનો સ્વભાવ માણસ પાસે તદનુસાર સત્કર્મ કે દુષ્કર્મ કરાવે છે, જેનું ફળ માણસને ભોગવવું પડે છે.

શાસ્ત્રો કહે છે કે સત્યયુગમાં એક માણસ દુષ્કર્મ કરે, તો તેનું પરિણામ આખા દેશને ભોગવવું પડતું. ત્રેતાયુગમાં ઘટીને તેનું પરિણામ આખા ગામને ભોગવવું પડતું. દ્વાપરયુગમાં તે તેના કુટુંબને ભોગવવું પડતું. હાલ કલિયુગમાં દુષ્કર્મ કરનાર વ્યક્તિને જ તે ભોગવવું પડે છે. પરંતુ કલિકાલનો દુષ્પ્રભાવ જબરદસ્ત હોવાથી માણસમાત્રનાં દુષ્કર્મો વધ્યાં છે, સત્કર્મો ઘટ્યાં છે. તેથી દુઃખોની સંખ્યા અને માત્રા વધ્યાં છે, સુખ ઘટ્યું છે.

શાસ્ત્રના મતે દુઃખ મનુષ્ય પર નિર્ભર છે. તેનાં પાપકર્મોનું જ પરિણામ છે. ઈશ્વર દુઃખ આપતા નથી. તેઓ નિષ્ઠુર નથી. તેઓ તટસ્થ છે. તેથી કહ્યું : 'કરે તેવું પામે', 'કરણી તેવી ભરણી'. માણસે આ જન્મમાં દુષ્કર્મ ન કર્યું હોય. નવજાત બાળક દુષ્કર્મ કરવા કયાં જાય? છતાં તેને દુઃખ આવે છે. તે તેનાં પૂર્વજન્મનાં કર્મોનું ફળ છે, તે નકકી છે. આપણા જ હાથનાં કર્યાં આપણા હૈયે વાગે છે.

દુઃખ આવવાનો પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ :

પુષ્ટિજીવો શ્રીપ્રભુના શ્રીઅંગમાંથી શ્રીપ્રભુની સેવા માટે જ પ્રકટ થયેલી, તેમની નિત્યલીલાની દિવ્ય સૃષ્ટિ છે. નિત્યલીલામાં એ પૈકીના જે જીવોને સૌભાગ્યમદ થયો યા સેવામાં અભિમાન થયું યા સેવામાં શિથિલતા થઇ યા ભગવદાજ્ઞાનુ ઉલ્લંઘન કરવાની ઉદ્ધતાઇ થઇ, તેમને તેમના અપરાધના દંડ રૂપે પૃથ્વી ઉપર જન્મવાના શાપ મળ્યાં. 'શાપં દાપયતિ કવચિત્.' એ જીવો તેમનો શાપ ભોગવવા મનુષ્યદેહે જન્મ્યા. કેટલાય જન્મો લીધાં હશે. આખરે તેમના માટે શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર પધાર્યા. તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું અને તેમનો ફરી ઉદ્ધાર થયો.

પુષ્ટિજીવોએ કરેલ ભગવદપરાધ ભોગવવા એમને જન્મ-મરણનાં દુઃખ આવ્યાં.

શ્રીપ્રભુનો શાપ પણ ગુપ્ત વરદાન જ હોય છે. ભગવદપરાધની નિવૃત્તિ તો થવી જ જોઇએ. તે ન થાય ત્યાં સુધી અલૌકિક ફળ ન મળે. માટે તો શ્રીમહાપ્રભુજીએ આપણને શરણે લઇ, ભગવદપરાધની નિવૃત્તિ કરાવી. આપણો હાથ પ્રભુને સોંપ્યો. શ્રીપ્રભુએ ફરી આપણો હાથ પકડીને શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું કે હું આ જીવનો તમે સોંપેલો હાથ કદાપિ છોડીશ નહિ, તે કૃપાના ફળ રૂપે અલૌકિક સામર્થ્ય (તનુનવત્વ) પ્રાપ્ત થતાં, સાક્ષાત ભગવદાનુભવ થાય. ભગવદપરાધથી પૃથ્વી પર જન્મવાનો શાપ કેવળ દુઃખરૂપ નથી. તે *Blessings in disguise* (ગુપ્ત આશીર્વાદ) છે.

કેટલાક વૈષ્ણવો અણસમજમાં કહેતા હોય છે કે જે સારી રીતે સેવા કરતા હતા, તેમને શ્રીઠાકોરજીએ કેટલું દુઃખ આપ્યું? આપણે સેવા કરીએ છીએ તો ઘણા અપરાધ થાય, એટલે શ્રીઠાકોરજી દુઃખ આપે. જે સેવા કરતા નથી, તેમને કેટલું બધું સુખ છે!

સેવાથી દુઃખ અને સેવા ન કરવાથી સુખનું તારણ બિલકુલ સાચું નથી. શ્રીમહાપ્રભુજીનો જવાબ જુદો છે. શ્રીમહાપ્રભુજી 'બાલબોધ' ગ્રંથમાં સમજાવે છે કે જીવને અહંતામમતા વળગી છે. અહંતામમતાનું બીજું નામ માયા. માયા અવિદ્યા છે, એટલે મિથ્યા છે. માયા રૂપી પડદો ન હટે ત્યાં સુધી જીવાત્માનો મોક્ષ ન થાય. જન્મમરણનું ચક્ર ચાલતું જ રહે. દુઃખ નાશ ન પામે. અહંતામમતા જ દુષ્કર્મો કરાવે છે, પાપ કરાવે છે, દુઃખ આપે છે. શોક કરાવે છે.

મોક્ષ માટેની એક શરત એવી છે કે પૂર્વજન્મો અને આ જન્મ સહિતનાં ભેગાં થયેલાં બધાં જ પુણ્ય અને પાપ ભોગવાઇ જવાં જોઇએ. બંનેનું બેલેન્સ 'શૂન્ય' થાય, ત્યારે જ જીવાત્માનો મોક્ષ થાય. તે ગોલોકગમનનો પણ અધિકારી બને. શ્રીમહાપ્રભુજી પાપને લોખંડની બેડી અને પુણ્યને સોનાની બેડી કહે છે. બંને આત્માને જકડી રાખનાર બેડી તો છે જ. આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વૈષ્ણવે પાપકર્મ તો સ્વપ્નમાં ય ન કરવું. એવી જ રીતે કોઇ સત્કર્મ પુણ્ય મેળવવાના હેતુથી તો ન જ કરવું. ફરજના ભાગ રૂપે સત્કર્મ કરવાં. આમ નવાં પાપ-પૂણ્ય થતાં રોકવાં.

બાકી રહ્યાં સંચિત-ભેગાં થયેલાં પાપ-પુણ્યો. આ જન્મમાં વૈષ્ણવત્વ મળ્યું, સેવાસ્મરણ મળ્યાં. તે કરતાં પુણ્ય ભોગવાઇ જશે. પુણ્યનું ખાતું સરભર થશે. બાકી રહ્યુ પાપનું ખાતું, તે મોટું છે. પરંતુ શ્રીઠાકોરજી ઇચ્છે છે કે વધુ સહનશક્તિ રાખીને તે પણ ભોગવી લો.

લગ્ન મહાલવા જવું છે, બસમાં ભારે ભીડ છે. તો આપણે કહીએ છીએ કે કલાકની મુસાફરી છે. ઊભા રહેવાની, થોડા કચડાવાની, ગરમીમા શેકાવાની તકલીફ કલાક વેઠી લો. લગ્નના માંડવે ગયા પછી તો મજા જ મજા છે. આનંદ પામવા થોડું દુઃખ માણસ વેઠતો જ આવ્યો છે. દુનિયાનો

એવો કોઈ આનંદ નથી, જે દુઃખ વેઠ્યા વિના મળે. તો ભગવદાનંદ તો અલૌકિક છે, સનાતન-શાશ્વત છે. તે પામવા માટે, શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ જિંદગીમાં તમારા પાપખાતામાંથી જેટલાં પાપ ભોગવવાનાં થાય છે, તેના બદલે આ પાછલાં સો વર્ષનાં પૂરા પાપખાતાનાં બધાં પાપ હિંમત રાખી, ભોગવી લો. જેથી ફરીથી જન્મ લેવો ન પડે.

શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે શ્રીપ્રભુ જે પુષ્ટિજીવો ઉપર કૃપા કરે છે, જેમને હવે બીજો જન્મ આપવા માગતા નથી, તેમને તેમનું પાપખાતું સરભર કરવા લૌકિક-વૈદિક જીવનમાં સ્વસ્થતા આપતા નથી. **'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ.'** એનો અર્થ એ થયો કે જે પુષ્ટિજીવોને આ લોકમાં વધારે દુઃખ આવે છે, તે શ્રીપ્રભુની દયાનું-કૃપાનું દાન છે. તેમના તરફ શ્રીપ્રભુએ કરેલી સ્પેશ્યલ ફેવર(ખાસ કૃપા) છે. એમનાં દુઃખ કર્મ, કાલ, સ્વભાવના સિદ્ધાંત અનુસાર નથી, કૃપાના સિદ્ધાંત અનુસાર છે. કૃપા ભગવાનનો 'વીટો' છે. વધુ દુઃખ આવે ત્યારે વૈષ્ણવે સમજવું કે તેમનો આ છેલ્લો જન્મ છે. એ વૈષ્ણવ માટે દુઃખ છે.

રાસલીલા પૂર્વે વેણુનાદ સાંભળી, કામભાવથી પીડાતાં ગોપીઓ વનમાં જવા તૈયાર થયાં. શ્રીપ્રભુ કામભાવવાળા જીવોનો અંગીકાર કરતા નથી. છતાં તેમના ઉપર કૃપા કરી, તેમનો દોષ નિવૃત્ત કરવાનો ઉપાય શ્રીપ્રભુએ કર્યો. તે ગોપીઓનાં ઘરનાંએ તેમને જવા ન દીધાં. આથી ગોપીઓને અસહ્ય વિરહ થયો. વિરહાગ્નિમાં તેમનાં બધાં સંચિત પાપ બળી ગયાં. પાપ નાશ પામતાં, તેમણે અંતઃકરણમાં ભગવદાનુભવ થયો. પરિણામે તેમનાં બધાં પુણ્ય ભોગવાઈ ગયાં. પાપપુણ્ય શૂન્ય થતાં, તેમના પ્રાણ છૂટી ગયા. તેમને શ્રીપ્રભુએ પોતાના શ્રીઅંગમાં સાયુજ્ય મોક્ષ આપ્યો.

શ્રીહરિરાયજી છઠ્ઠા 'શિક્ષાપત્ર'માં સમજાવે છે કે **'લૌકિક કલેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્.'** પુષ્ટિજીવને તેના લૌકિક જીવનમાં કલેશ વધે તો સમજવું કે તે જીવનો પ્રભુએ અંગીકાર કર્યાનું તે લક્ષણ છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે નાનો અબુધ બાળક સરકતા જતા સાપને રમકડું માની પકડવા જાય, તો તેની માતા પકડવા દેતી નથી. બાળક અબુધ હોવાથી પોતાનું હિત-અહિત જાણતો નથી. માતા જાણે છે. માતા બાળકને રડવા દેશે, સાપ પકડવાનો આનંદ નહીં લેવા દે. આપણે અબુધ બાળક જેવા છીએ, આપણું હિત-અહિત જાણતા નથી. શ્રીપ્રભુ સમજદાર છે. આપણા હિત-અહિતની રક્ષા કરનારા છે. લૌકિક સુખ સાપ જેવું છે. તેથી પ્રભુ પોતાના કૃપાપાત્ર જીવોને લૌકિક સુખો રૂપી સાપથી જાણીબૂઝીને દૂર રાખે છે. તે તેમની કૃપા છે, શાપ નથી.

લૌકિક સુખો જીવને પ્રભુથી વિમુખ કરે છે. અહંતામમતા વધારે છે. શ્રીહરિરાયજી દસમા 'શિક્ષાપત્ર' માં દસ પ્રકારનાં લૌકિક સુખો માટેની આપણી આસક્તિ બતાવે છે. (૧) પોતાની જાત-શરીર, ઇન્દ્રિયોની આસકિત (૨) સ્વજનોની આસક્તિ (૩) સ્વદેશની આસકિત (૪) ઘરની આસક્તિ (૫) ધનની આસક્તિ (૬) લૌકિક કાર્યોની આસક્તિ (૭) પ્રતિષ્ઠાની આસક્તિ (૮) મિત્રો, સંબંધીઓ તરફની આસક્તિ (૯) વ્યવસાયની આસક્તિ (૧૦) વૈદિક કર્મોની આસક્તિ.

આ બધી આસક્તિઓનાં જાળામાં ફસાયેલો પુષ્ટિજીવ બહિર્મુખ થાય, તે શ્રીપ્રભુ સહન કરી શકતા નથી. પુષ્ટિજીવ શ્રીપ્રભુનો જ બનીને રહે, તેમાં જ પુષ્ટિજીવનું હિત છે. બહિર્મુખતા અહિત કરનારી છે. આથી પુષ્ટિજીવની જેમાં જેમાં લૌકિકાસક્તિ થાય અને વધે, તે શ્રીપ્રભુ તેની પાસેથી છીનવી લે છે. તે છીનવાઈ જતાં અબુધ જીવ ખોટું સમજી બેસે છે કે શ્રીપ્રભુએ મને દંડ આપ્યો. વાસ્તવમાં શ્રીપ્રભુએ તો તેના પર દયા કરી છે.

લૌકિક બાબતોનો આપણો મોહ જ આપણને શોક-દુઃખ કરાવે છે. આ મોહ અને શોક બંને મિથ્યા છે, એ સમજ આવતાં દુઃખ 'દુઃખ' લાગતું નથી.

દુઃખમાં પુષ્ટિજીવનું કર્તવ્ય :

શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં સમજાવ્યું કે નિયત દુઃખ તો આવશે જ, તેનાથી કોઇથી ભાગી શકાતું નથી. શ્રીરામ અને શ્રીકૃષ્ણે મનુષ્યાવતાર લીધા, તો તેમને પણ દુઃખનું લીલાનાટ્ય વેઠવું પડ્યું.

લૌકિક લોકો દુઃખ વેઠે અને પુષ્ટિજીવો દુઃખને સ્વીકારે એ બેમાં કોઇ ફરક ખરો? હા, શ્રીમહાપ્રભુજીના મતે લૌકિક જીવો શિયાળવાં જેવા છે. પુષ્ટિજીવો સિંહ જેવા છે. દુઃખનો પ્રસંગ આવે ત્યારે વૈષ્ણવના મનમાં નીચેના વિચાર દૃઢ રહેવા જોઇએ.

(૧) સર્વ કંઇ શ્રીપ્રભુની ઇચ્છા મુજબ જ થાય છે અને થશે. તેમના સિવાય બીજા કોઇનું ધાર્યું થવાનું નથી. આથી જે સુખદુઃખ મળે તેને સ્વીકારી લો. તેનો કકળાટ ન કરો. તે જીવી લો.

(૨) શ્રીપ્રભુ સૌનું હિત કરનારા છે. જેના માટે જે હિતકારી છે, તે તેને આપવા સર્વ 'સમર્થ' છે. શ્રીપ્રભુ જે આપે છે, તેમાં લાંબાગાળાનું આપણું હિત જ છે, એમ નિશ્ચિત માનો.

(૩) શ્રીપ્રભુ જ આપણા સમ્યક્ અર્થ રૂપ છે. એમને છોડી લૌકિકમાં સુખ શોધવાનાં ફાંફાં ન મારો.

(૪) શ્રીપ્રભુ પાસે ય માગણી (પ્રાર્થના) ન કરો. કોઇ દુઃખ કાયમનું તો હોતું જ નથી. ભિખારી બની નમાલા શીદને થવું?

(૫) શ્રીપ્રભુ સ્વામી છે. હું એમનો દાસ છું. એમને આધીન છું. તેઓ જેમ રાખે તેમ મારે રહેવું, એ જ મારો દાસધર્મ છે. તેઓ

મને કેટલાં બધાં સુખ આપે છે! તેઓ એકાદ દુઃખ આપે તો તેનો કકળાટ કેમ?

(૬) કર્તાપણાનું અભિમાન અને ભોકતાપણાની મમતા છોડો. જે સમયે જે મળે તેને સંતોષથી જીવો.

(૭) શ્રીપ્રભુમાં અવિશ્વાસ કદાપિ ન કરો.

આવા દૃઢ મનોભાવ વૈષ્ણવે કેળવવા જરૂરી છે. તો દુઃખ સહ્ય બનશે.

શ્રીમહાપ્રભુજીએ ત્રણ પ્રકારનાં દુઃખ ધીરજથી વેઠવાના ત્રણ ઉપાયો બતાવ્યા.

(૧) **આધિભૌતિક દુઃખો :** શરીરનાં દુઃખો છાસ સમજીને વેઠવાં. છાશ માખણ કાઢ્યા બાદનું સત્વ વિનાનું દહીંનું પ્રવાહી છે. તે ઢોળાઇ જાય તો જીવ ન બળે. તેમ શરીર નાશવંત છે. એનો જીવ ન બાળવો. એક ભરવાડણનું દૃષ્ટાંત અપાયું. હતી રાજરાણી. રાજાને છોડી, ગરીબ પ્રેમીમાં ફસાઇ. ભાગવા જતાં નદીમાં તણાઇ. બચી ખરી, પણ પ્રેમીથી વિખૂટી પડી. નિરાધાર બની. પેટ ભરવા વેશ્યા થઇ. એનો દીકરો રાજકુંવર જ એકવાર તેના કોઠે આવ્યો, પાપથી પસ્તાઇ મરવા નદીમાં પડી. એક ભરવાડે બચાવી. એનું ઘર માંડ્યું. છાશ વેચવા જતાં ઠેસ વાગી. માથેથી માટલી પડી, ફૂટી ગઇ. તે હસવા લાગી. આટલાં દુઃખો પાસે માટલીના નુકશાનનું દુઃખ શું રડું?

(૨) **આધ્યાત્મિક દુઃખો :** શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમ જડ ભરતજીએ શરીરને ગૌણ ગણ્યું, માનસિક દુઃખોને સ્પર્શવાં ન દીધાં. જડવત બની જગતમાં રહ્યા, તેમ રહો. માનસિક -આધ્યાત્મિક દુઃખો રડવામાં જિંદગી બરબાદ ન કરો.

(૩) **આધિદૈવિક દુઃખ :** શ્રીપ્રભુ વ્રજ છોડી મથુરા પધાર્યા, ત્યારે ગોપીજનોને વિરહતાપકલેશનું આધિદૈવિક દુઃખ થયું. તે તેમણે સ્વીકારી લીધું. એ જ તેમને જીવાડનાર દિવ્ય બળ બની ગયું. તેમ વિરહતાપકલેશનું દુઃખ અવશ્ય અનુભવો. એમાં એવા ડૂબી જાવ કે લૌકિક દુઃખો યાદ જ ન આવે.

દુઃખ માગનાર ભક્ત :

કુંતીજીએ ભગવાન શ્રીકૃષ્ણ પાસે, આથી જ, માગ્યું હતું કે જો તમે મારા ઉપર પ્રસન્ન હોવ અને મને વરદાન આપવા માગતા હોવ તો એટલું માગું છું કે મને સદા દુઃખ મળે, જેથી હું તમને સદા સંભારું. *'સુખમાં સાંભળે સોની, દુઃખમાં સાંભળે રામ.'*

આથી વૈષ્ણવો દુઃખથી કયારે ય ડર્યા નથી, ડગ્યા નથી. સુખઃદુખમાં નિર્લેપ રહ્યા છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં જ્વલંત ઉદાહરણો છે. કિશોરીબાઈને ઓછું દુઃખ હતું? બાળપણમાં ઘર છોડી નીકળી ગયેલા સૂરદાસજીને દુઃખ નહીં પડ્યાં હોય? માથે બાંધવાની પાગ માટે જેમની પાસે સળંગ વસ્ત્ર પણ ન હતું, તે ગોવિંદસ્વામીને યાદ કરો. આવેલા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવા, અનાજ વેચાતું લાવવા ઘરમાં એક બીજી સાડી પણ વેચવા નથી. એ વૈષ્ણવદંપતીને યાદ કરો. સગો દીકરો કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરતાં, સિંહના મુખમાં હોમાઇ ગયો, તે પિતા કુંભનદાસજીને યાદ કરો. એમનાં લૌકિક દુઃખો પાસે આપણાં દુઃખ તો રાઈના દાણાં જેવડાં જ છે. તેમણે શ્રીઠાકોરજી સાથે મન કેવી પ્રસન્નતાથી જોડેલું રાખ્યું? ન કોઈ રાવ, ન ફરિયાદ. આથી જ અન્ય મનુષ્યો કરતાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મૂઠી ઊંચેરો છે. આપણે આવા શૂરવીર વૈષ્ણવોના વંશજ છીએ, તે વાત ન ભૂલીએ.

■

૧

ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે

ઈન્ટરકોમની બઝર વાગી. ડૉ. પાવનીએ રિસિવર ઉઠાવ્યું. રિસેપ્શનિસ્ટ મિતા બોલતી હતી : 'મેડમ, રાજકોટથી મોહનભાઈનો ફોન છે. સાહેબના મામા છું એમ કહે છે.'

'મને લાઇન આપ.'

'હલો, હું પાવની. જય શ્રી કૃષ્ણ, મામા. હા હરીશ, સોરી, એ ઓપરેશનમાં છે. કલાકેક ખરો.... એ બહાર આવે એટલે ફોન કરવા કહું?... હા, હા. જે હોય તે સંકોચ વિના કહો, મામા.... ના, ચિંતા ન કરશો. એમને હું સાચવી લઇશ. કહો....શું? ભાભુની આખર સ્થિતિ છે?.... અમે પ્લેનમાં જ ત્યાં આવવા નીકળીએ છીએ. હા, વહેલામાં વહેલા પહોંચવા પ્રયત્ન કરીશું. સીધાં ગામે જ આવીશું.'

મુશ્કેલીમાં મજબૂત મનોબળ ધરાવતી પાવનીનું હૃદય પણ અણધાર્યા સમાચારે હૃદયનો એક ધબકારો ચૂકી ગયું હોય એવું એને ક્ષણભર લાગ્યું. એ એરકંડિશન્ડ કેબિનની શીતળતામાંય પાવનીનું શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું. એણે હાથ લૂછયા. બાજુની ટિપોઇ પરના જગમાંથી ગ્લાસમાં પાણી લઇ, બે ઘૂંટડા પીધું.

એણે ઈન્ટરકોમનું બટન દબાવ્યું. એકાઉન્ટ સેકશનમાં બઝર વાગી.

એકાઉન્ટન્ટ અગ્રવાલે રિસિવર ઊંચક્યું.

'અગ્રવાલ, સાહેબનાં ભાભુ એકદમ સિરિયસ છે. સાહેબ ઓપરેશનમાં છે. બે કલાક પછીની રાજકોટની જે પહેલી ફલાઇટ મળે, એમાં મારી અને સાહેબની બે ટિકિટ બૂક કરાવો,... હા, એકઝીકયુટીવ કલાસની પણ ચાલશે. Please, be quick. (ઝડપ કરજો).'

પાવની એનાં દર્દીઓને આટોપવા લાગી. દર્દીઓને યંત્રવત્ તપાસતી હતી, પણ મન ભાભુ પાસે દોડયું ગયું હતું. હજી બે વર્ષ પહેલાં જ એના પપ્પા સિરિયસ હોવાનો આવો જ ફોન કોલ્હાપુરથી આવ્યો હતો. એણે જ જવા માટેની બધી વ્યવસ્થા ગોઠવી દીધી હતી. કોલ્હાપુર પહોંચ્યાં, ત્યારે મોડું થઇ ગયું હતું. કદાચ આજેય એ ઇતિહાસનું પુનરાવર્તન તો નહીં થાય ને? દર્દીની છાતી પર મૂકેલ સ્ટેથોસ્કોપ હાથ ધ્રૂજતાં સરકયું. એણે તરત મન અને હાથ સમાલી લીધાં.

તે છેલ્લા દર્દીને તપાસતી હતી.

ત્યારે ડૉ. હરીશ કેબિનમાં આવ્યો. પીઠ પરથી સફેદ ગાઉન ઉતારતાં તેણે કહ્યું: 'શ્રીઠાકોરજીએ લાજ રાખી. ઓપરેશન સફળ થયું. પાવની, મને એ પેશન્ટ માજીના મોંમાં ભાભુના ખ્યાલે નાઇફ પકડતાં હાથ ધ્રુજી ગયેલો. બધા આશીર્વાદ ભાભુના જ.'

હરીશ - ડૉ. હરીશ ડોબરિયા કેન્સરક્ષેત્રે માત્ર ભારતનું જ નહીં, વિશ્વનું મોટું નામ. એની પત્ની ડૉ. પાવની ફિઝીશિયન- એમ. ડી. પેડર રોડ પર મુંબઇમાં એમનું મોટું કિલનિક. ધીકતી પ્રેકટીસ. પાવનીએ છેલ્લા દર્દીને પતાવી, હરીશ સામે જોયું. તે ઊભી થઇ. જગમાંથી ગ્લાસ ભરીને હરીશને આપ્યો. હરીશ ગટગટાવી ગયો. દરમ્યાન કોફીનો મગ તૈયાર કરીને આપ્યો.

'કેમ, લંચ નથી લેવાનું?'

'ના, આપણે રાજકોટ જઇએ છીએ.'

હરીશે પાવની સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

'તું ઓપરેશનમાં હતો, ત્યારે મામાનો ફોન આવ્યો હતો. ભાભુ જરા નરમ થયાં છે. મેં અગ્રવાલને ફલાઇટની ટિકિટ બુક કરાવવા સૂચના આપી છે. તું જરા ફ્રેશ થઇ જા.'

'ભાભુને શું થયું? એકાએક?...'

'ચિંતા ન કર. ત્યાં ગયા પછી ખબર પડે.'

એટલામાં ફોનની બઝર વાગી. પાવનીએ રિસિવર ઉઠાવ્યું. 'યસ... ઓ. કે. થેન્ક યુ... અમે કલેક્ટ કરી લઇશું.' રિસિવર મૂકતાં પાવની બોલી : 'હરીશ, ટિકિટો મળી ગઇ છે. ત્રણ વાગ્યાની ફલાઇટ છે. સવા વાગ્યો છે. ઘેરથી કપડાં લેવાનાં છે. જરા ઉતાવળ કર.'

આગળ પાવની અને પાછળ હરીશે હોસ્પિટલ છોડી.

★ ★ ★

પ્લેન 'ટેક ઓફ' થયું. હરીશે એરહોસ્ટેસને સૂચના આપી- 'અમને બંનેને કંઇ નહીં જોઇએ. અમને ડિસ્ટર્બ ન કરશો.' હરીશે આંખો બંધ કરી. તે ભૂતકાળમાં સરી પડયો.

રાજકોટથી દસબાર માઇલ દૂરનું ગુંદાળા ગામ. એની મા-ભોમકા. ઘરની સ્થિતિ અતિ સાધારણ. પાંચ વીઘાના આસામી કરસન પટેલનો તે એકનો એક દીકરો. પણ પિતા સાથે કદી એનો મોં-મેળો થયેલો જ નહીં. હજી તો એ એની માતા ચંચળબાની કૂખમાં હતો, ને ચોમાસાની સાંજે ખેતરથી ઘેર પાછા ફરતાં એના પિતા અને બે બળદ ઉપર વિજળી પડી. ત્રણે જીવ પાણી માગવાય ન રહ્યા. પતિના અણચિંતવ્યા આઘાતથી માતા

ચંચળબા અંદર ને અંદર ઓગળતાં રહ્યાં. એને બે વર્ષનો મૂકી, એય ઠાકોરજીનાં ચરણમાં પહોંચી ગયાં. હરીશને પિતાનું સ્વરૂપ તો જોવા મળ્યું જ નહોતું, પણ માતાની સૂરતનોય આછો અણસાર યાદ નથી.

હરીશની બંધ આંખો ભીની થઇ. તેણે ત્રાંસી નજરે પાવની તરફ જોયું. એની આંખો પણ બંધ હતી. જમણા હાથની આંગળીના ટેરવાથી તેણે આંખોની ભીનાશ લૂછી. ફરી આંખો બંધ કરી. એનું મન ફરી સ્મરણના રમણે ચડયું.

એનાં સ્વજનમાં બે - મામા મોહનભાઇ અને માસી મહાલક્ષ્મીબેન. માસીબાને એ ભાભુ કહેતો. ભાભુય બાળવિધવા. મામાય અધકચરી ઉંમરે વિધુર થયેલા. બંને નિઃસંતાન. માતા ચંચળબાનાં બોલાવ્યાં વાવડીથી ગુંદાળા આવીને એની સાથે રહેલાં. મામા ખેતી સંભાળે. ભાભુ હરીશને.

હરીશની સામે ભાભુ ઊભાં થઇ ગયાં! હમેશાં લાલ પુમચો અને જાંબલી કબજો પહેરે. સરખી ઊંચાઇ, સરખો દેહ, ઊઘડતો રંગ. આંખોમાં કરુણા. મોં પર મુસ્કાન. આખી જિંદગીમાં માથુંય દુઃખેલું નહી. સિત્તેર વર્ષે ખખડધજ. પાકી મરજાદ. શ્રીગિરિરાજજીને સેવે, પણ મરજાદીવેડા જરાય નહીં. આખું ગામ એમને પ્રેમથી ભાભુ કહે.

ભાભુએ દુઃખ તો અપાર જોયેલાં-પોતાનાં, સ્વજનોનાં અને પારકાનાં. પણ કયારેય એની ફરિયાદ નહીં, એનો કકળાટ નહીં, એની પીડા નહીં. મોં પર શાંતિ અને પ્રસન્નતા.

હરીશ સમજણો થયો, ત્યારે ભાભુ એને કહેતાં: 'દીકરા, શ્રીપુરુષોત્તમલાલજી જૂનાગઢથી આપણે ગામ પધાર્યા, ત્યારે તું ત્રણ વર્ષનો હતો. મહારાજશ્રીએ તારું નામ હરિદાસ પાડેલું. એમની સાથે જમનભાઇ નામના વૈષ્ણવ આવેલા. એમણે કહ્યું : 'જે જે, જમાના પ્રમાણે નામ પડે તો સારું.' આપે આજ્ઞા કરી : 'ભલે, એને હરીશ કહેજો.' મહારાજશ્રીએ આજ્ઞા કરેલી: 'મહાલક્ષ્મીબેન, આ છોકરો બહુ મોટું નામ કાઢશે. ઘણાંના આશીર્વાદ પામશે. એ ભણે તેટલું ભણાવજો.'

હરીશ બાળક હતો, ત્યારે ઝાઝી સમજણ નહીં; પણ રોજ ભાભુને સવારે મીઠી હલકતી ઢબે બે પદ ગાતાં અચૂક સાંભળે. 'ચિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે' અને 'જે ગમે જગત ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.'

મામા તો આખો દિવસ ખેતીમાં રચ્યાપચ્યા. હાથથી કામ અને મુખથી 'કૃષ્ણાશ્રય'નો પાઠ. રાતે આડા પડખે થાય ત્યારે ગણગણે 'ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે.' મામા સવારે સ્નાન કરી, ભાગવતમાંની 'કુંતાસ્તુતિ'નો પાઠ અચૂક કરે. મામા કહેતા : 'કુંતાજીએ ભગવાન શ્રીકૃષ્ણ પાસે દુઃખ માગ્યું હતું. દુઃખમાં શ્રીદામોદરલાલ યાદ આવે.' હરીશને યાદ આવ્યું - એણે સાતમા ધોરણની પરીક્ષા તો ગામની નિશાળથી આપેલી. ત્યાં સુધીમાં તે ભાભુ પાસેથી ઘણાં બધાં સ્તોત્રો શીખી ગયેલો. એનો કંઠ પણ સુરીલો. રાતે ભાભુ શ્લોક શીખવે. મોઢે કર્યા પછી જ ઊંઘે. સવારે નાહીને ભાભુના શ્રીગિરિરાજજીની સામે હાથ જોડીને બેસે. બધા આવડતા શ્લોક બોલી જાય, પછી જ મંગળભોગનું દૂધ પીવા માટે ભાભુ આપે.

ભાભુ એને પેટના જણ્યાથીય અદકો રાખે. છતાંય બે વૃદ્ધોવાળા ઘરમાં જાણે એનું હસવા-રમવાનું ગુમ થઇ ગયેલું. તે અકાળે ભારેખમ બની ગયેલો. સમજણો થયા પછીની રાતોમાં નિંદર સાતતાલી લે, ત્યારે માતાપિતા યાદ આવી જાય. કેવા હશે એની કલ્પનામાં રડી જાય.

એ સાતમા ધોરણમા હતો, ત્યારે એને ભગંદર થયું. પેટ ખૂબ ફૂલી ગયું. મામા-ભાભુએ થાય એટલી દવાઓ કરી. રોગ વધતો જ ગયો. હરીશ કષ્ટાતો રહ્યો. મામા મૂંઝાતા હતા. ઉપચારમાં એક વીઘો જમીન

પણ વેચવી પડેલી, ત્યારે ભાભુ સ્વસ્થતા રાખીને કહેતાં: 'ઠાકોરજીએ આપ્યો છે. ઠાકોરજીનો છે. ઠાકોરજી જે કરે તે સારું કરે. મહારાજશ્રીના આશીર્વાદ મળ્યા છે. ખોટા ન પડે. ચિંતા ન કરવી.'

નાનકડા હરીશને સમજાતું નહોતું કે હું ઠાકોરજીનો છું, ઠાકોરજી દયાળુ છે, તો ઠાકોરજી મને આટલું રિબાતાને કેમ બચાવતા નથી? ભાભુની વાત એના ગળે ન ઊતરતી.

ડૉકટરોએ આશા મૂકી દીધી. નિરાશ થયેલા મામા એને રાજકોટથી ગુંદાળા પાછો લાવ્યા. એની ઘડીઓ ગણાતી હતી. એક દિવસ કોઇ સાધુ ભિક્ષા માગવા ફળિયામાં આવ્યા. એમણે ઓસરીમાં ખાટલે કણસતા હરીશને જોયો. ભાભુને બોલાવ્યાં. ઔષધિ આપી. પેટ પર વનસ્પતિ બાંધી. બીજા દિવસથી પેટમાંથી ગંદકી નીકળવા માંડી. પાંચેક દિવસમાં હરીશનું પેટ બેસી ગયું. મોં પર ચેતન આવ્યું. આઠ દિવસ પછી તે પહેલાં જેવો સાજો થઇ ગયો. સાધુ કયાંથી આવ્યા ને કયાં ગયા- ઠાકોરજી જાણે! પણ હરીશને ઠાકોરજીની કૃપામાં વિશ્વાસ બંધાયો.

પછી તે ઘણી વાર ભાભુને પૂછે: 'ભાભુ, ઠાકોરજી બહુ દયાળુ છે ને?'

'હા. એ તો દયાના સાગર છે. એમના જેટલું દયાળુ બીજું કોઇ નહીં.'

'તો ભાભુ, ઠાકોરજી બધાંને દુ:ખ કેમ આપે છે?'

'એવું તને કોણે કહ્યું કે ઠાકોરજી દુ:ખ આપે છે?'

'તો દુ:ખ કોણ આપે છે?'

'આપણા હાથે પાપ થયાં હોય તે ભોગવવાં પડે. એમાં ઠાકોરજી શું કરે?'

'ભાભુ, મેં જન્મ્યા પહેલાં કયાં પાપ કરેલાં? મારાં માતા-પિતા બેય જતાં રહ્યાં?'

'પાપ એકલા આ જન્મનાં જ થોડાં હોય છે?'

'તો?'

'આ પહેલાં આપણા હજારો જન્મો થયા હશે. એ બધા જન્મોનાં ભેગાં થયેલાં પાપ હોય ને?'

નાનકડા હરીશના મગજમાં આ વાતોનો તાળો બેસતો નહીં. ગુંદાળામાં હાઇસ્કૂલ ન હતી. હરીશને આગળ ભણવા રાજકોટ જવું પડ્યું. રોજ બસમાં જાય અને આવે. મોંઘવારી વધતી જતી હતી. ખેતીની આવક ઘટતી જતી હતી. ચાર વીઘામાં ત્રણ જણનું માંડ પૂરું થતું, તેમાં ભણવાનો ખર્ચ વધ્યો. હરીશ હવે વધુ સમજદાર થયો હતો. ભણતાં ભણતાં કામ કરી, થોડું કમાઇ લેવાનો રસ્તો શોધવા લાગ્યો.

રાજકોટમાં ડૉક્ટર કોટેચાના ત્યાં ચાર મોટરગાડીઓ. રોજ સવારે સાફસૂફી કરવાનું કામ મળી ગયું. મહિને પચાસ રૂપિયા મળે. એનો ભણવાનો ખર્ચ નીકળતો થયો.

ગાડીઓ સાફ કરતાં હરીશ ખુલ્લી આંખે સ્વપ્ન જોતો, 'હું ખૂબ ભણીશ. ખૂબ મહેનત કરીશ. ખૂબ કમાઇશ. આવી ગાડી વસાવીશ. મામા અને ભાભુને તેમાં બેસાડી વ્રજમાં અને શ્રીનાથજી લઇ જઇશ.'

એને ભાભુએ એક નવું સ્તોત્ર શીખવ્યું, 'વિવેકધૈર્યાશ્રય'. અર્થ તો ન આવડે, પણ વાકય એને થોડાં સમજાયાં- 'ત્રિદુ:ખ સહનં ધૈર્યમ્' અને 'સર્વથા શરણં હરિ:' તકલીફો આવે, વેદના થાય, વિષાદ જાગે, મન કચવાય એટલે તે આ બે વાકયો રટવા લાગે. મનને સારું લાગે.

તે એસ.એસ.સી. માં પહેલો આવ્યો. કોલેજમાં ભણવા જવાનો સમય

આવ્યો. ગુંદાળાના એક વૈષ્ણવ મુંબઇ રહે. એમણે ભાભુને સમજાવ્યાં. હરીશને મુંબઇ લઇ ગયા. જવાના થોડા દિવસો અગાઉથી ભાભુ રોજ કહે, 'દીકરા, મુંબઇ મેં તો નથી જોઇ. હું તો રાજકોટે નથી ગઇ, પણ લોક કહે છે મુંબઇ મોહમયી છે. ભગવાનની માયા મોહ કરાવે છે. મુંબઇની માયામાં ફસાતો નહીં. ઠાકોરજીને ભૂલતો નહીં. જેટલા પાઠ આવડે છે, તેટલા બોલ્યા વિના પાણી પીતો નહીં. તું વૈષ્ણવ છે, વલ્લભનો છે, એ વાત ભૂલતો નહીં. ઓછું ભણાશે તો ભવ નહીં બગડે, ભગવાન ભુલાશે તો ભવ બગડશે. બીજા ભવે આથીયે વધારે દુઃખ વેઠવાં પડશે.'

હરીશે ભાભુની શિખામણ ગાંઠે બાંધી. એમનો શબ્દેશબ્દ પાળ્યો. નોકરી કરતો ગયો, પહેલો નંબર રાખતો ગયો. તેને મેડિકલમાં પ્રવેશ મળ્યો. તે કેન્સર-સર્જન થયો. અનેક વિપત્તિઓ આવી. પણ એણે વેદનાને વહાલી કરી. છતાં આજ સુધી એને સમજાયું નથી કે ઠાકોરજી આવું કેમ કરે છે?

આ વ્યથાઓને જીરવવાનું બળ એનામાં કયાંથી આવ્યું? કદાચ ભાભુ પાસેથી, કદાચ શ્રીમહાપ્રભુજી પાસેથી! એણે નક્કી કર્યું, આ વખતે તો ભાભુ પાસેથી આ બાબતનો જવાબ મેળવવો જ છે - ઠાકોરજી આવું કેમ કરે છે?

◆

૨

વિપતમાં વિશ્વાસ વિભુનો

પ્લેનમાં પાવની પણ આંખો મીંચીને એના અતીતમાં ખોવાઇ હતી. 'કચ્છડો ભલો બારે માસ' એવા કચ્છમાં ફળોની વાડીઓના પ્રદેશ અંજારની એ દીકરી. જ્ઞાતિ સોનીની. વંશપરંપરાએ ચાંદીનાં કચ્છી આભૂષણો એના વડવાઓ ઘડતા આવેલા. એના પિતા નંદલાલ પણ એ જ કરતા. માતા ધનલક્ષ્મી પરણીને સાસરે આવ્યાં ને કુટુંબની સ્થિતિ ઘસાતી ગઇ. એમનાં પગલાં અપશુકનિયાળ ગણાયાં. એમને માનસિક યાતનાઓ શરૂ થઇ. એમની વેદનાઓનો વારસો લઇને તે જન્મી, એમ મા કહેતી હતી. જન્મથી રોગી, કૃશ, રડતી. કુટુંબમાં સૌને અકારી. માત્ર માને પ્યારી.

હજીય પાવનીને સમજાતું ન હતું કે માની સાથે બાપાને જરાય મનમેળ નહીં, છતાં એના જન્મને વરસ થતાં થતાં માએ બીજી દીકરીને કેવી રીતે જન્મ આપ્યો? ચાર વરસમાં ઘેર ચાર માયાઓ આવી ગઇ અને પાંચમી સુવાવડ માને ભરખી ગઇ. નમાયી ચાર નાની છોકરીઓને ઉછેરવાનું બાપાનું તો ગજું જ નહીં. બાપાએ બીજું લગ્ન કર્યું. ચાર છોકરીઓના બાપને છોકરી આપનારા પણ સમાજમાં પડ્યા હતા! પાવનીને સમજણ ન પડતી કે હસવું કે રડવું? એના નસીબમાં તો રડવાના જ દિવસો હતા.

ઓરમાન માને મન ચાર છોકરીઓ એની શોકય હતી. તે અતિ

ત્રાસ ગુજારે. ચારે મરવાનાં વાંકે આયખું ખુટાડે. ભૂખની અને મારની વેદના બે નાની બહેનોને ભરખી ગઇ. બાપ જેવા બાપે છૂટકારાનો એક દમ લીધો. મામા આવીને એની એક બહેનને સાથે લઇ ગયા. પાવની અહીં એકલી રહી ગઇ. સંજોગોએ એને સમજુ બનાવી દીધી. કાચી વયે એ પાકટ બની. પડોશમાં ગોદાવરીબેન રહે. પાવની એમને માસીબા કહે. માસીબા શ્રીનાથજીનાં ભકત. એમણે પાવનીને મમતા આપી, 'બેટી, મારા શ્રીજીબાવા બધું સારું કરશે. વિપત તો કોને નથી પડી? સીતાજીને અને રામજીને ઓછી વિપત પડી હતી? કૃષ્ણ કનૈયાના માથે વિપત્તનાં ઝાડ નહોતાં ઊગ્યાં? ભગવાનને આટલી વિપત પડી હોય, તો આપણે તો મનેખ. વિપત પડે ન વલખીએ; કારણ વલખે વિપત ન જાય. વિપતમાંય શ્રીજીબાવા પર વિશ્વાસ રાખજે. મારો વહાલો દયાળુ એવો છે કે સૌનું સુધારે છે. જો એ ઊંચો હાથ કરી બધાંને બોલાવે છે.'

પાવનીને ગોદાવરી માસીની વાત એ ઉંમરે ઝાઝી સમજાઇ નહોતી, પણ ગળામાં શ્રીનાથજીનો કાળો દોરો જે દિવસે બાંધ્યો, તે દિવસથી પાવનીનાં વળતાં પાણી શરૂ થયાં. ત્યારે તેણે સાતમા ધોરણની પરીક્ષા આપેલી.

એના બાપના બાળપણના મિત્ર મનસુખકાકા ઉનાળામાં મુંબઇથી વતનમાં આવેલા. મુંબઇમાં એમની ઝવેરાતની ચાર મોટી દુકાનો- મનસુખભાઇ જવેલર્સ. એમને નંદલાલની દયા આવી. એમણે કહ્યું : 'નંદુ, મારી સાથે ચાલ. મુંબઇ ભલભલાનું તકદીર પલટાવે છે. તુંય દાવ ખેલી જો. મારે તારા જેવા કુશળ કારીગર અને પ્રામાણિક, મહેનતુ સાથીની જરૂર છે. તારા કુટુંબ સાથે રહેવાની સગવડ આપીશ.'

ઓરમાન મા ગજરા અંદરના ઓરડેથી આ વાત સાંભળી રાજી રાજી થઇ ગઇ. રાતે રસોડામાં સૂતી સૂતી પાવની માબાપની આગલા ઓરડે થતી વાતો સાંભળતી હતી.

'સાંભળો, જોષીને મૂરત પૂછવા જવાનીયે જરૂર નથી. મનસુખભાઇને કાલે સવારે જ હા પાડી આવો. મુંબઇ તો મુંબઇ છે. મહાલક્ષ્મી માતાજી જ રીઝ્યાં છે.'

'પણ, આપણું આ બાપદાદાનું ખોરડું....'

'ખોરડામાં પૂળો મૂકો. અહીં તો બે ટંકનાં ફાંફાં પડે છે. ખોરડાને શું ગળે વળગાડી ચાટવાનું?'

'સારું, સુઇ જા. માતાજી સુઝાડશે તેમ કરશું.'

સવારે બાપા હિલચાલ કરે, એ પહેલાં તો મનસુખકાકા જ ઘેર આવ્યા. પાવની ઓસરીની નીચે ફળિયામાં કપડાં ધૂએ. મનુસુખભાઇએ એને જોઇ. ઊભા રહી ગયા, 'તું નંદુ ને મહાલક્ષ્મીભાભીની દીકરી?'

'હાજી.'

'અહીં આવ દીકરા. શું નામ તારું?'

પાવની ઊઠી. ભીના હાથ ફાટેલી, તેર થીંગડાંવાળી ઘાઘરીથી લૂછયા. મોં પર પથરાયેલી વાળની લટો ખસેડી. મોં પર સાબુના પાણીના છાંટા તો કમળ પર ઓસબિંદુ જેમ છવાયેલા રહ્યા. એણે પાસે આવી, નીચા નમી મનસુખભાઇના પગે સ્પર્શ કર્યો. 'કાકા, પાય લાગું. મારું નામ પાવની.'

'કંઇ ભણે છે કે પછી ઢસરડો જ કરે છે?'

'ભણું છું. સાતમાની પરીક્ષા આપી. પાંચમો નંબર આવ્યો. ઘરકામ ઢસરડો કહેવાય? બા એકલાં કેટલું કરે?'

'શાબાશ, દીકરી.'

મનસુખભાઇએ પાવનીને છાતીએ લગાડી. એની આંગળી પકડી,

ઓસરીનું પગથિયું ચડ્યા. બૂમ મારી : 'નંદુ...ઉ...'

નંદલાલ પૂજામાં બેઠો હતો. ગજરા ડોકાઇ. એણે સાડીનો છેડો કપાળે તાણ્યો. આંખથી પાવની તરફ ઘુરકિયું કર્યું. પાવની હળવેથી આંગળી છોડાવી ચાલી ગઇ.

'ભાઇજી, પધારો. તમારા ભાઇ પૂજામાં બેઠા છે. પૂજા કરી લેવા જ આવ્યા છે. હું ચા મૂકું.'

'ભાભી, હું નંદુ સાથે પછી વાત કરીશ. પહેલાં તમારી સાથે થોડી વાત કરવી છે.'

'કહો, તમે વડીલ છો. તમારી વાતનું ખોટું ન લાગે.'

'ભાભી, ભગવાને તમારી ગોદ નથી ભરી, એનું મનેય દુઃખ છે. તમને તો હોય જ. ભગવાન સામે તમને ફરિયાદ હોય, પણ એની સાથેના વેરનો બદલો પાવની જેવા પુષ્પ ઉપર? તમારું કોઇ નથી, તો એનુંય કોણ છે? તમારે તો કહ્યાગરો બીજવર કંથ છે. એને તો સગો બાપ પણ એનો નથી.'

ગજરા સાંભળી રહી. સામે જવાબ ન આપ્યો. ચૂપ રહી. મનસુખભાઇને નારાજ કર્યે પાલવે તેમ ન હતું. ત્યાં નંદલાલ આવ્યો. 'મનસુખભાઇ, હું તમારા ત્યાં જ આવતો હતો. તમારી કાલની વાત મને મંજૂર છે.'

'પણ આજે મારી એક શરત છે.'

'શરત?' નંદલાલ અને ગજરા એકસાથે બોલી ગયાં.

'હા, શરત. નંદુ, તું બાપ હોઇનેય બાપ બની શકયો નથી ને ગજરાભાભીને તો આંગળીથી નખ વેગળા. નખ વધે તે આંગળીને ન ખમાય.'

'હું સમજ્યો નહીં.'

'તો તું ભોટ છે. ખેર, મારી એક જ શરત છે, પાવની મારા ત્યાં રહેશે. એ આજથી મારી દીકરી.'

ગજરાના મોં ઉપર છૂટકારોની રેખા દોરાઇ જતી મનસુખભાઇએ જોઇ, 'ભાઇજી, તમે જે કહો, તે અમારા હિતનું જ હોય. જેવી તમારી મરજી.'

નંદલાલ પાસે તો ના પાડવાનો વિકલ્પ જ નહતો. મનસુખભાઇ પાવનીને એમની સાથે મુંબઇ લઇ ગયા. ગોદાવરીબેને મુંબઇ જતાં પગે લાગવા આવેલી પાવનીને છાતીએ દબાવી, માથું સૂંઘીને કહ્યું : 'શ્રીજીબાવા જ તારી વહારે આવ્યા છે. એ જ સાચા સગા છે. સુખી થાજે.'

પાવનીને મુંબઇમાં નવો માહોલ મળ્યો. એનો દિ' ફરી ગયો. એ અબજોપતિની દીકરી બની ગઇ. પણ ગોદાવરી માસીની કેટલીક વાતો એણે ગાંઠે બાંધી હતી, 'સુખમાં ન છકી જવું, દુઃખમાં ન હિંમત હારવી.' 'સુખના દિવસ સૌના એકસરખા જતા નથી.'

તેણે એસ.એસ.સી. પાસ કરી. રાજ્યમાં દસમાં નંબરે આવી. પણ દીકરીનો એ રૂડો દિ' જોવા મનસુખભાઇનાં પત્ની કુસુમબેન ન રહ્યાં. ભારે શરીર, બેઠાડુ જિંદગી. ડાયાબિટિસ વકરેલો. રાતે ઊંઘમાં જ એટેક આવ્યો. આંખ ખૂલી જ નહીં. પાવની રડી- રડતી રહી. મહિના સુધી રડતી રહી. 'મમ્મી મળી તેય ઇશ્વરે ઝૂંટવી લીધી?' તે સ્વસ્થ થતાં મનમાં ગાંઠ વાળીને બેઠી-ડૉક્ટર થઇશ, હાર્ટસ્પેશ્યાલિસ્ટ. કોઇનાં પપ્પા-મમ્મીને આમ ઊંઘમાં ઝૂંટવી નહીં જવા દઉં.

એણે એકલા પડેલા એના પપ્પાને-મનસુખભાઇને સંભાળી લીધા. મેડિકલમાં એડમિશન મળ્યું. એક દિવસ મનસુખભાઇએ કહ્યુંઃ 'બેટા, હવે તન-મનથી થાકી ગયો છું. મુંબઇનાં ઘોંઘાટ-ધમાલ આ એરકંડિશન્ડ

બંગલામાંય સહન થતાં નથી. અહીં હવે મન ઉબાઇ ગયું છે.'

'પપ્પા, ધંધો આટોપી લો. બે જણને ખાવા કેટલું જોઇએ? કોલ્હાપુરમાં સરસ બંગલો છે. ત્યાં નિવૃત્તિ ગાળો. ત્યાં કુળદેવી મહાલક્ષ્મીજી છે. એમની પૂજામાં શાંતિ મળશે.'

'અને તું?'

'હું હોસ્ટેલમાં રહીને ભણીશ. વેકેશનમાં તમારી પાસે.'

મનસુખભાઇએ તેમ કર્યું. પાવનીને યાદ આવ્યું. ત્યારે તે એમ.બી. બી. એસ. ના ફાઇનલ વર્ષમાં હતી. કોલેજમાં એની છાપ ઠાવકી, ઠરેલ, ગંભીર વિદ્યાર્થિની તરીકેની. પહેરવેશ ને રહેણી-કરણીમાંય સાદાઇ. બીજાના અનુભવમાંથી એ શીખી હતી કે મીણબતી જલે નહીં, ત્યાં સુધી પતંગિયાં એને પજવે નહીં. પ્રકાશ હોય ત્યાં પતંગિયાંની ફોજ આવી ચડે! યુવાનીને દીવાની બની વેડફી ન નખાય. તે કાયમ મર્યાદાપૂર્ણ સફેદ પંજાબી ખૂલતો ડ્રેસ જ પહેરે. ટીખળીઓ એની પાછળ એને મીરાંબાઇ કહે. એની રૂમપાર્ટનર મંદાકિની એનાથી વિરુદ્ધ સ્વભાવ ને વર્તનની. એ તો પાવનીને પજવવા ખાસ લલકારે-

'ગિરિધરગોપાલ... મેરે તો ગિરિધરગોપાલ...
મૈં નહીં મીરાં વા ગિરિધર ગોપાલકી!
મૈ મીરાં... કેવલ મીરાં.... મીરાં.....
મેરા ના કોઈ ગિરિધરગોપાલ.'

કોલેજનો વાર્ષિક ઉત્સવ હતો. કાર્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રેક્ષકોમાંથી માગ ઊઠી : 'હરીશ...હરીશ ડોબરિયા...વી વોન્ટ હરીશ ડોબરીયા.' પાવની હરીશને નામથી જાણે. હરીશ પણ એના જેવો ઠરેલ, ગંભીર, તેજસ્વી, ઓછાબોલો. હરીશ સ્ટેજ પર આવ્યો. સફેદ પાયજામો - કૂર્તો. મોં પર

નિર્દોષતા અને પ્રસન્નતા, પણ આંખોની ગહરાઈમાં ઊંડો વિષાદ. એણે સૌને નમસ્કાર કર્યા. બોલ્યો, 'હું નથી કોઇ કલાકાર- ગાયક. મારી પાસે નથી તમને ઝૂમાવવા, મદહોશ કરવા જેવું મસ્તીભર્યું ગીત. કવિ નરસિંહરાવ કહેતા હતા - - આ વાદ્યને કરુણ રસ વિશેષ ભાવે.' મારી મિત્રતા પણ એ કરુણતા સાથે જ છે.'

'નહીં...નહીં હરીશ, કરુણા તો તારી પાછળ પડી છે. પાછળ જો, ત્યાં ઊભી છે.'

પ્રેક્ષકગૃહમાંથી ઊઠેલા અવાજ સાથે આખું પ્રેક્ષકગૃહ જોરથી હસ્યું. તાલીઓના અવાજે ગાજી ઊઠયું. સૌની નજર હરીશની પાછળ વિંગ તરફ ગઇ. ત્યાં કરુણા પ્રેમચંદાણી ઊભી હતી, બ્યુટી કવીનનો ભ્રમ મગજમાં ભરીને. પ્રેમચંદાણી ગ્રુપ ઓફ ઇન્ડસ્ટીઝની ભાવિ વારસદાર. ફેશનના નામે અર્ધનગ્ન કાયાનું પ્રદર્શન કરતી. કોલેજનાં પતંગિયા એની પાછળ જલે. એ હરીશને હાથ કરવા મથે.

હરીશ સ્વસ્થ રહ્યો. એણે કરુણાની દિશામાં નજર પણ ન કરી. ધીમા સૂરે ગીત શરૂ કર્યું.

'દુ:ખ તો દયાનું દાન, દામોદરે આપ્યું છૂટે હાથ!
સંતો વ્હાલા! ખાલી ન રાખજો ઠામ
ભરીભરી માણો એ તમામ! દુ:ખ તો દયાનું દાન.
સૌના નસીબમાં એ ન હોય, વ્હાલા!
પ્રભુનો એ છે પ્રસાદ, ભકિત કરે તે પામે એને
કુટિલ કરે કિલકાર, દુ:ખ તો દયાનું દાન.'

હરીશ અટકયો, ત્યારે નિ:સ્તબ્ધ પ્રેક્ષકગૃહમાં આંખો પર રૂમાલ ફરતા હતા. ડૂસકાં દબાતાં, વ્યકત થઇ જતાં હતાં. પાવની તો રીતસર હાલી જ ગઇ.

બીજા જ દિવસે લાયબ્રેરી પાસે પાવની અને હરીશ સામેસામે અનાયાસ આવી ગયાં. બંનેની ગતિ રોકાઇ ગઇ. અધર પર સ્મિત ફરી વળ્યું, 'સોરી, મિસ...મિસ..'

'પાવની, શા માટે દિલગીરી?'

'કાલે મારા ભજને તમને ભારે દુ:ખ પહોંચાડ્યું તે માટે.'

'એવું કોણે કહ્યું?'

'મારી આંખોએ. તમે થર્ડ રો માં ડાબી બાજુની પહેલી ખુરસીમાં નહોતાં?'

'હતી...!'

'ખબર નહીં, ભજન ગાતાં ગાતાં મારી નજર તમાર તરફ સ્થિર થઇ ગઇ. મેં તમારા રુઝાતા ઘાને ખોતરી નાખ્યો! હું તમારો ગુનેગાર છું. થઇ શકે તો મને માફ કરજો.'

'અરે! તમે શા માટે આમ ઓશિયાળા થાઓ છો? ઘરમાં ગંદકી જામી જાય, ત્યારે તે સાફ કરવા કોઇ પાણીની પાઇપ પકડી પાણી વહેવડાવે; તેના પર ભલા કોઇ માઠું લગાડે કે ખુશ થાય? તમે તો મારી એકલતાની વેદનાને સૌમાં વહેંચી છે. આપણે કદાચ સમદુખિયાં હોઇશું. પહેલી વાર જિંદગીમાં હું કાલે રડી. બધો કલેશ વહી ગયો. સાવ હળવી થઇ ગઇ-ફોરી ફૂલ જેવી ! એનો યશ તમને જાય છે. તમે હરીશ નહીં. હરિદાસ છો!'

પાવની એકશ્વાસે બોલી ગઇ. એને જ વિસ્મય થયું.

'અરે, તમે તો મારું અસલી નામ પણ જાણો છો!'

'ના, અસલિયતને જાણી ગઇ છું.'

પછી તો એ બે અવારનવાર મળતાં રહ્યાં. કોલેજના રજિસ્ટરમાંથી પાવનીએ હરીશની જન્મતારીખ જાણી લીધી. એ દિવસે સવારે સૂર્યોદય પહેલાં જ તે હરીશના રૂમ પર પહોંચી. બારણું ખુલ્લું હતું. એક ખૂણામાં હરીશ ધ્યાનમગ્ન બેઠો હતો. દબાતા પગલે પાવની નજીક ગઇ. હરીશના ખોળામાં ગુલાબી ગુલાબનું ફલ મૂકી દીધું. હરીશને કોઇક આવ્યાનો અણસાર આવ્યો. આંખ ખૂલી. પાવનીને જોઇ આશ્ચર્યથી મલકાયો.

'હું કંઇ દેવની મૂર્તિ નથી ને આ મંદિર નથી, મેડમ!'

'હું વિશ્વામિત્રનો તપ ભંગ કરવા આવેલી મેનકા પણ નથી. હરીશ, જન્મદિવસ મુબારક. પચીસમું બેઠું એની વધાઇ.'

'અરે!તમને કોણ કહ્યું?'

'કોલેજના રજિસ્ટરે.'

'ઓહ! ખૂબ ખૂબ આભાર. જીવનમાં પહેલી વાર વર્ષગાંઠની યાદ અપાવનાર તમે પહેલાં મળ્યાં.'

'બસ ખાલી આભાર જ?'

'બીજું તો...?'

'આજે તમારે આપવાનું ન હોય. મારે આપવાનું હોય.'

'તમે તો આપી દીધું ને - આ સરસ ફૂલ!'

'એ તો પ્રતીક છે.'

'માફ કરજો, મને ફિલોસોફીમાં ગમ પડતી નથી.'

'તમારા દર્દમાં ભાગ આપશો? આપણે એકબીજાના દર્દને જીવી શકીએ?'

હરીશ સ્તબ્ધ નજરે જોઈ રહ્યો.

'હા, હરીશ, હું ગંભીર છું. શમા-પરવાનાની નબળી ક્ષણમાં મદહોશ

બનેલી પાવની નથી બોલતી. મજબૂરી પણ નથી બોલાવતી. તમારા માટે દયાભાવથી પણ નથી કહેતી. બસ, હું હૃદયથી કહું છું. કારણની ખબર નથી. ના પાડવાની તમને છૂટ છે.'

'પાવની, મેં તો કયારેય જીવનની દિશા તરફ આંખ જ નથી માંડી, ડોક પણ નથી ફેરવી. મને વિચાર કરવા ચોવીસ કલાક ન આપો?'

'૨૪ વર્ષ આપું, ને એ ઓછાં પડે તો ચોવીસ જિંદગી આપી બસ?'

સાંજે જ હરીશે પાવનીને હોસ્પિટલના વોર્ડમાંથી શોધી કાઢી. બંને બગીચામાં ગયાં. એક બાંકડે બેઠાં. હરીશ બોલ્યો, 'પાવની, મારા નસીબમાં સ્વજનનું સુખ નથી. મારો પડછાયો જેને સ્પર્શે છે...' હરીશે જીભ દાંત વચ્ચે દબાવી દીધી. પછી સહેજ અટકી આગળ બોલ્યો : 'મારા માટે જ મારાં ભાભુ ને મારા મામા જીવે છે. એમના મનને હું જાણતો નથી. એટલું નકકી કર્યું છે કે ભાભુના મનને ઠેસ ન પહોંચે.'

'ભાભુ કયાં રહે છે?'

'રાજકોટ પાસે ગુંદાળા ગામે.'

'સારું. ભાભુને કરી શકો તો વાત કરજો. હું રાહ જોઇશ. ૨૪ જિંદગી તો રાહ જોઇશ.'

પાવનીએ હરીશ પાસેથી એના પરિવારની બધી વિગતો જાણી લીધી હતી. પપ્પાને કોલ્હાપુરમાં મળી આવી, મનની વાત કરી આવી હતી. પપ્પાએ કહેલું : 'દીકરી, હું ગુંદાળા જઇ આવું?'

'ના, હું જ ગોઠવીશ. મારે તો તમારા આશીર્વાદ જોઇએ.'

'દીકરી, તું રાજી, એમાં હુંયે રાજી.'

●

3

મારી હૂંડી સ્વીકારો શામળા ગિરધારી

પાવની ભાભુને મળવા એકલી પ્લેનમાં મુંબઈથી રાજકોટ ગઇ. આજના કરતાં ત્યારે તેની માનસિક સ્થિતિ જુદી હતી. એણે એટલો જ વિચાર કર્યો હતો કે ભાભુ ભગવાનનાં ભકત છે, હૈયાનાં હેતાળ છે, સ્ત્રી છે. સ્ત્રીની વાત સ્ત્રી સારી રીતે સમજે. બાકી તો ધાર્યું ધણીનું થવાનું. ઉપરવાળો આ ભવમાં હૂંડી નહીં સ્વીકારે, તો ચોવીસ ભવ રાહ જોવાની એટલે જોવાની!

સૌરાષ્ટ્રથી પાવની અજાણી. પહેલી જ વાર આવેલી. રાજકોટ એરપોર્ટ પર ઊતરી. એક ઓફિસરને પૂછી લીધું - 'અહીં સારી હોટેલ કઇ? જવાબ મળ્યો, 'હોટેલ સમ્રાટ.'

ટેક્સી ડ્રાઇવરને કહ્યું, 'હોટેલ સમ્રાટ.'

ટેક્સી રાજકોટના ઉબડખાબડ રસ્તા પર સરકતી ઊછળ-કૂદ કરતી જઇ રહી હતી. બંધ કાચમાંથી પાવનીની નજર બહાર ફરતી હતી. મન હરીશમાં જ ડૂબેલું હતું. તે વિચારતી હતી, હું ડૉક્ટર છું, હરીશ દર્દી છે. એના જૂના ઘાને ડ્રેસિંગની જરૂર છે. મારે એના ઘામાં મલમ બની, ઠંડક ભરી દેવી છે. એને સમજાતું નહોતું કે એનું મન હરીશ ઉપર આટલું બધું ઓળઘોળ કેમ થઇ ગયું છે? એને કવિ ભવભૂતિની પંકિત યાદ આવી - 'વ્યતિષજતિ પદાર્થાન્ આંતરઃ કોડપિ હેતુંઃ!' અજાણ્યા તરફ હૈયું ખેંચાય, તે આ જન્મનો નહીં તો પૂર્વજન્મનો કોઇ ઋણાનુબંધ તો ખરો જ!

એણે મનને વારંવાર તપાસીને પૂછી લીધું : હરીશ તરફ દૈહિક

આકર્ષણને લઈને તો પ્રેમના નામે આ ઉધામા નથી ને? દર વખતે જવાબ ના મળ્યો. એની બુદ્ધિ કહેતી હતી : આપવામાં પ્રેમ છે, પામવામાં પ્રેમ નથી. ચિત્ત પૂછતું: પોતે સુખી થવા તો હરીશનો વિચાર નથી કરતી ને? એણે જવાબ આપ્યો, ના. એ સુખી થાય, ચેનથી સૂએ, એના ઊંઘભર્યા મુખ પર પ્રસન્નતા જોઉં, એ જ એક માત્ર ઇચ્છા છે.

ટેકસીની બ્રેકના હળવા ધક્કે એની વિચારધારા અટકી ગઇ. ડ્રાઇવરનો અવાજ કાને અથડાયો,'બેન હોટેલ સમ્રાટ આવી ગઇ.' પાવનીએ ભાડું ચૂકવ્યું. સૂટકેસ લઇ હોટેલનાં પગથિયાં ચડી. રૂમ મળ્યો, રૂમ નં. ૧૦૮. હાથમાં ચાવી લેતાં મનમાં બબડી: માળાના ૧૦૮ મણકા. પપ્પાના મિત્ર શાસ્ત્રી કાકા કહેતા, એક મણકે એક અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મળે. જોઈએ આપણને શું મળે છે?

રૂમમાં ગઈ. ફ્રીજ ખોલી ઠંડા પાણીની બોટલની રીતસર મોંમા ધાર કરી ગટગટાવ્યું. પછી બાથરૂમમાં ધૂસી ગઈ. શાવર ચાલુ કર્યો. ઠંડી જલધારાએ સ્ફૂર્તિ આપી. પંજાબી ડ્રેસ બદલી આછા વરિયાળી રંગનાં સાડી-બ્લાઉઝમાં સજ્જ થઈ. નીચે ઉતરી. ગુંદાળાની તપાસ કરી. ટેક્ષી કરી ગુંદાળા જવા રવાના થઈ. રાજકોટ પાછળ રહ્યું ગ્રામ્યપ્રદેશ શરૂ થયો. વૃક્ષોની હારમાંથી પાછળ લહેરાતાં લીલાં ખેતરોને પાવની જોતી રહી. એને ખબર ન પડી કે કયો પાક લહેરાય છે? કદી નહીં ને આજે એના હોઠ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જપતા હતા. એનેય નવાઈ લાગી કે ઈશ્વરનું આ નામ અનાયાસ ક્યાંથી જપાય છે?

'બેન, ગુંદાળા આવી ગયું. કઈ બાજુ લઉં?'

'એ તો મનેય ખબર નથી. પહેલી વખત આવું છું. ગામ તરફ લો. ભાભુના ઘેર જવું છે.'

'નામ-ઠામ?'

'ખબર નથી. ભગવાન બતાવશે.' કહેતાં ગામમાં પેસતાં પાવનીએ બારીનો કાચ ઉતાર્યો. બે-ચાર બાળકોને વડ નીચે રમતાં જોયાં. ટેક્ષી ઊભી રખાવી. બાળકોને હાથના ઈશારે બોલાવ્યાં. પૂછયું : 'ભાભુ ક્યાં રહે છે?'

એકે સામે પ્રશ્ન કર્યો, 'કયાં ભાભુમા?'

બીજાએ કહ્યું, મૂર્ખા ગામમાં ભાભુમા તો એક જ છે. બે-ચાર થોડાં છે? અહીંથી આમ હાલ્યાં જાવ. પછી આમ, પછી આમ વહ્યાં જજો.' એ હાથથી બતાવતો રહ્યો. પછી પૂછયું, 'જડશેને? કે પુગાડી જઉં?'

'બતાવી જાય તો સારું.'

બાળક દરવાજો ખોલી, ડ્રાયવરની પડખે ગોઠવાઈ ગયો. વડીલની અદાથી ભાભુના ફળિયે ગાડીને લઈ ગયો. 'આ સામે ડેલી દેખાય ને તે ભાભુમાની વંડી.'

પાવની નીચે ઉતરી. સાડીનો છેડો ખભા પરથી લઈ, વાંસે ઓઢ્યો. એના પગમાં નવવધૂની ન સમજાય તેવી લાગણી થઈ. હૈયાની ધડકન વધી. એણે જાતને સંભાળી લીધી. વંડીની ડેલીની ડોકાબારીમાંથી વાંકી વળી, નીચી નમી અંદર ગઇ. આંગણામાં તુલસીક્યારો મ્હોર્યો હતો. એક પડખે બોરસલીનું ઝાડ. એ ઝાડ નીચે ગાય-વાછડી બેઠેલાં. સાંજ પડેલી, પણ આંગણું ચોખ્ખુંચટ્ટ.

પેલો બાળક બરક્યો, 'ભાભુમા, મે'માન આયાં છે.

ભાભુમા ઘરમાંથી ઓસરીમાં આવ્યાં. લાલ પુમચો, જાંબલી કબજો, બોખું પણ ગૌરવશાળી મોં. નેહ નીતરતી આંખો. આવકાર દેતાં બોલ્યાં, 'પધારો બા, જય શ્રીકૃષ્ણ. ધન ભાગ, ધન ઘડી, આંગણે વૈષ્ણવ પધાર્યાં.'

પાવની ઝડપથી તેમની નજીક પહોંચી.

'ભાભુમા અપરસમાં હશે. એમને અડશો મા.' બાળક બોલ્યો. પણ તે પહેલાં તો પાવનીએ સાડીનો છેડો વાંસેથી લઈ, માથે ઓઢી, એમના ચરણ સ્પર્શી લીધા હતા. તે થોડી છોભીલી પડી. એક ડગલું પાછળ હટવા ગઈ. પણ ભાભુએ તો એને બાથમાં લઈ, છાતીસરસી ચાંપી દીધી હતી. એમણે પેલા છોકરાને કહ્યું, 'બેટા, અપરસ તો મારા માટે. ફરી નહાઈ લેવાય, ઠંડક થાય. મે'માનને એવું ન કહેવાય... આવો દીકરી-બેટા. ઘેર વૈષ્ણવ આવે એ તો ઠાકોરજી પધાર્યા જાણવા. આ આંગણું તો વૈષ્ણવ વિના સૂનું છે.

'ભાભુ...ભાભુ....મા, હું વૈષ્ણવ નથી.'

'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે.'

બોલ, આવો તારો સ્વભાવ છે ને? ખાલી તુલસીકંઠી પહેરવાથી વૈષ્ણવ નથી બની જવાતું, માડી! દીકરી, તારી ઓળખ ન પડી.'

'મા, મારું નામ પાવની. મુંબઈથી આવું છું. ખાસ તમારાં દર્શન કરવા, તમારી ચરણરજ લેવા.'

'ગાંડી છે? દર્શન તો ગિરિરાજબાવાનાં ને ચરણરજ તો તેમની. આવું કહી મને પાપમાં ન પાડ. બોલવે બહુ મીઠડી છે. એક વાત કહું? આપણામાં કહેવત છે કે છાશ લેવા જવું ને દોણી સંતાડવી એ ન બને. જે સાટુ આવી હોય તે કહી દે.'

'હું દાક્તરીનું ભણું છું.'

'સમજી, મારા હરીશની સાથે ને?'

'હા.'

'હરીશ સાજો-નરવો તો છે ને?'

'બિલકુલ.'

'એણે તને મોકલી છે?'

'ના, એમને તો ખબરે નથી!'

'તો એણે કંઈ તારી સાથે અજુગતું કર્યું છે?'

'ના, એ તો દેવ જેવા છે.'

'તો પછી કહી નાખ ને, શીદ આવવાનું થયું?'

'તમે આશીર્વાદ આપો તો આ ઘરમાં કાયમ રહેવા.'

'અરે! તમે આજકાલનાં જુવાનડાં ખરાં છો? તારા ઘરમાં તારાં બા-બાપુજી કે કોઈ વડીલ નથી, આ વાત કરવા?'

'પપ્પા છે, અશક્ત છે. કોલ્હાપુર રહે છે. બાકી આજ સુધી ભગવાન હતા અને હવે બીજાં આ ભાભુમા છે.' પાવનીનો અવાજ ભીનો થયો. પગની આંગળી જમીન પર નીચી નજરે ફેરવતી રહી.

'બેન, અમે વૈષ્ણવ. ઘરમાં ઠાકોરજીની સેવા. વહુ માત્ર દીકરાની નહીં, આખા ઘરની. એટલે સો ગળણે ગાળીને પાણી પીવું પડે. આમ તો વૈષ્ણવ ને નાતજાતના વાડા નહીં. તોય સગું કરતાં જાણવું પડે. નાત કેવી?'

'સોની. મૂળ કચ્છનાં. કુટુંબ કુળદેવી મહાલક્ષ્મીજીનું ભક્ત.'

'તો પછી મિયાં-મહાદેવનો મેળ કેમ બેસે? અમારા ઇષ્ટ તો શ્રીનાથજી. ના બેન, ના. મારા હરીશ માટે તો મારે વૈષ્ણવકન્યા શોધવાની છે, દૂધમાં સાકરની જેમ ભળી જાય તેવી.'

પાવનીને નકારનો ધક્કો લાગ્યો, પણ હિંમત ભેગી કરી બોલી : 'મા, તમે હરીશનાં માતા-પિતા છો – બધું જ છો, એ જાણું છું. હરીશના હિતનું જ વિચારો, એ પણ સમજું છું. જેમાં હરીશનું હિત લાગે તે જ

કરજો. મને પણ એ જ ગમશે. બસ, હરીશ સુખી થાય ને તમારું હૈયું ઠરે. ઠાકોરજી રાજી રહે. મારી એક વિનંતી છે. મેં તમને મા કહ્યાં છે. તમે મને દીકરી કહી છે. તો તમારી દીકરી અવૈષ્ણવ રહે, તે તમને ગમે? મારે વૈષ્ણવ થવું છે. મને વૈષ્ણવ કરો.'

'શીરા સારુ શ્રાવક થવું છે?'

'ના, મા. જીવન સુધારવા વૈષ્ણવ થવું છે. તમારા પગલે ચાલવા વૈષ્ણવ થવું છે. હરીશને ગમે ત્યાં પરણાવજો. એ વાતને ને મારે વૈષ્ણવ થવાને કોઇ સંબંધ નથી.'

ભાભુએ પાવનીને પોતાની સોડમાં ખેંચી લીધી. એનું કપાળ ચૂમ્યું, 'દીકરી, ખરેખર મારા વલ્લભે તારા પર કૃપા કરી છે. વૈષ્ણવ થવા બ્રહ્મસંબંધ લેવું પડે. ગુરુદેવ હાથમાં તુલસીદળ આપી, ઠાકોરજીની સામે તને મંત્ર બોલાવશે. તું પ્રતિજ્ઞા કરીશ કે હું ઠાકોરજીની દાસી છું. મારું બધું એમને સમર્પણ કરું છું. હું એમની સેવા કરીશ.'

'ભલે. વૈષ્ણવ થઇશ તો વૈષ્ણવની રીતે રહીશ.'

'બ્રહ્મસંબંધ લેવા રાજકોટ જવું પડશે. ત્યાં મહારાજશ્રીની આજ્ઞા લઇ, આગલા દિવસે ઉપવાસ કરવો પડશે. બીજે દિ' બ્રહ્મસંબંધ થાય. આમ ત્રણ દિ' રોકાવું પડે. તું ક્યાં ઊતરી છે?

'રાજકોટ, હોટલમાં.'

ત્યાં તો મોહનભાઇ ખેતરેથી આવ્યા. ભાભુએ બધી વાત કરી. પછી કહ્યું : 'ભાઇ, તમે પાવની સાથે રાજકોટ જાવ. એનો સામાન લેવડાવી, અહીં લઇ આવો. હું સેવામાં પહોંચવાની તૈયારી કરું.'

પછી તો પાવનીનાં બ્રહ્મસંબંધ થયાં. ગુરુદેવે વસ્ત્રસેવા પધરાવી આપી. સેવાની સૂક્ષ્મ રીત સમજાવી. ભાભુને આજ્ઞા કરી : 'પાવનીને હરીશ માટે સ્વીકારી લો. ઠાકોરજી કાયમ તમારા ઘરમાં જ બિરાજશે.'

પાવની, શ્રીમતી હરીશ ડોબરિયા બની. હરીશ ગમ્મતમાં કહેતો, તું તો વગર થિસિસ લખ્યે પી.એચ. ડી. થઇ ગઇ! પાવનીની હૂંડી શામળિયા શેઠે સ્વીકારી. લગ્ન પછી હરીશે પૂછયું : 'હનીમૂન માટે કયાં જવું છે?'

'શ્રીનાથદ્વાર અને વ્રજમાં.'

'ત્યાં તો જાત્રા કરવા જવાય.'

'મૂન(ચંદ્ર) ત્યાં છે. હની (મધ) પણ ત્યાં જ છે: હિલ સ્ટેશન પર તો દેહનો ભોગ છે. તું અને હું એવાં છોકરાં થોડાં છીએ? મારે તો શ્રીજીબાવાનાં દર્શન કરવાં છે, ગિરિરાજબાવાની પરિક્રમા કરવી છે; તે પણ ભાભુમાની સાથે.'

'જો વહુ....'

'વહુ નહીં દીકરી.'

'હા, દીકરી. મારે તો ઘરમાં જ શ્રીજી છે અને શ્રીગિરિરાજજી છે. બધું અહીં છે. એમને શ્રમ નથી કરાવવો. જો સુખ ઘરમાં, વો ત્રિભુવનમાં નાહીં. તમે બે જ જાઓ.'

'પણ....'

'પણ ને બણ..... છોકરી, આ ઘરમાં ભાભુ કહે તે જ થાય છે. હરીશને પૂછી લેજે. તમારે બંનેએ જ જવાનું છે, આ મારી આજ્ઞા છે.' કહી ભાભુ હસી પડયાં. પાવનીને પડખામાં લઇ ગાલે ટપલી મારતાં બોલ્યાં, 'મોટી દાકતર થઇ છે, પણ દર્દીને સમજતી નથી, તો શું દવા કરીશ? લગ્ન કરી કોઇ સંઘ કાઢી જાત્રાએ જતું હશે, પગલી! જાઓ, જવાની તૈયારી કરો.'

આવાં ભાભુને કેમ હશે? પાવની ક્ષણભર અંદર ને અંદર થથરી ગઇ.

◆

૪

રાધાવર રીઝે તેમ રહીએ

ફળિયા પાસે ટેક્સી ઊભી રહી. કાચમાંથી હરીશની નજર વંડી તરફ ગઇ. દરવાજો બંધ હતો. ડોકાબારી ખુલ્લી હતી. આવ-જા થતી દેખાઇ. પાવનીની ચકોર નજરે માપી લીધું : અશુભ નથી. બેઉ નીચે ઊતર્યાં. ફળિયામાં રહેતો હરીશનો સમવયસ્ક માધુ દોડી આવ્યો, 'હરીશ ભૈ, જેસી ક્રસ્ન. ભાભી જેસી ક્રસ્ન.'

'કેમ છે ભાભુને?'

'સારું નથી લાગતું. ઠાકોરજી જાણે. તમે આવી ગિયા ઇ સારું કર્યું. સામાન લાવું છું. તમે હાલતા થાવ. આટલો જ સામાન છે ને?'

'હા.'

પાવનીએ આસમાની આછા રંગનાં સાડી-બ્લાઉઝ ગુજરાતી ઢબે પહેર્યાં હતાં. સાડીનો ખભા પરનો છેડો હળવેકથી માથાનો અંબોડો ઢંકાય તેમ માથે ગોઠવ્યો. હરીશની પાછળ ત્રણ ડગલાંનું અંતર રાખતી વંડીમાં ગઇ.

ઓસરી સ્ત્રી-પુરુષોથી ખીચોખીચ ભરી હતી. સૌ સમૂહમાં 'યમુનાષ્ટક'નો પાઠ કરતાં હતાં. હરીશ અને પાવનીને આવતાં સૌએ જોયાં. પાઠની ગતિ ખોડંગાઇ. ગણગણાટ ભળ્યો. બંનેને ઓરડામાં જવા જગ્યા વગર કહે થઇ ગઇ. પાવની એની મેડિકલ બેગ લેવા થંભી.

અંદર ઓરડે ખાટલા પર ભાભુ સૂતાં હતાં. શરીર પર ચોરસો ઓઢાડેલો હતો. આંખો બંધ હતી. પાંગઠે મામા બેઠા હતા. મામાનું મુખ નિસ્તેજ હતું. ખાટલાની આજુબાજુય થોડાં વૈષ્ણવો બેઠાં હતાં. મામાએ આંખથી આવકાર આપ્યો. એકે બે ફોલ્ડિંગ ખુરસીઓ ખાટલા પાસે ગોઠવી.

હરીશ-પાવની ખાટલાની ઈસ પાસે પહોંચ્યાં. ઓરડાના આછા ઉજાસમાં ભાભુનું મુખ તો બોરસલીના તાજા બદામી ફૂલ જેવું લાગતું હતું. હોઠ પર મુસ્કાન હતી. એક એક મુખરેખા પ્રસન્ન હતી.

'મામા, જય શ્રીકૃષ્ણ'

'જય શ્રીકૃષ્ણ.'

'અચાનક શું થઇ ગયું?'

'ગયા અઠવાડિયાથી જ તકલીફ શરૂ થઇ. પેટમાં અન્ન ન ટકે. પ્રવાહી લે તોય ઊલટી થઇ જાય. ચાર દિ' તો મનેય ના કહ્યું. પછી ગામના દાગતર ભવાનભાઇને હું બરકી આયો. ભવાનભાઇએ બે દિ' દવા આપી, પણ ફાયદો ના થ્યો. રાજકોટ લઇ ચાલો. મશીનમાં જોવું પડશે. ત્યાં તપાસ કરી. પછી કહે, એમને અન્નનળીનું કેન્સર છે. દરદ ઘણું આગળ વધી ગયું છે. હરીશભાઇ તો ઘરના હતા. આળસ કરી ઇ ખોટું થયું. બસ ત્યારની ઘડી ને આજનો દિ.'

પાવનીએ વાત ચાલતી હતી, તે દરમ્યાન બેગ ખોલી. સ્ટેથોસ્કોપ કાઢી, કાને ભરાવ્યું. હરીશ ડૉ.માધવાણીના રિપોર્ટ જોતો હતો. ત્યાં ભાભુએ આંખો ખોલી : ક્ષીણ અવાજે બોલ્યાં- 'યમુનાષ્ટક કેમ બંધ કરી દીધું?'

સમજુબેને કાનમાં કહ્યું : 'મહાલક્ષ્મી, હરીશ ને એની વહુ આવ્યાં છે.'

ભાભુએ નજર ફેરવી. બે હાથ જોડ્યા. જય શ્રીકૃષ્ણ કહેતાં હોઠ ફફડ્યા. સ્ટેથોસ્કોપ ભાભુની છાતી પર મૂકવા જતી પાવનીને હાથના ઈશારાથી રોકી, ધીમા અવાજે બોલ્યાં : 'આવ્યાં મારે જમુનાજીનાં નોતરાં, મારે

જાવું વ્રજ-સાસરે જી, રાજ કોઇ રોકો નહિ, રાજ કોઇ રડશો નહીં.'

'ભાભુ....'

'ભાભુમા...'

'દીકરા, રૂડો અવસર આંગણિયે આવ્યો છે. હજારો વર્ષથી આ અવસરની તો હું રાહ જોતી હતી. શ્રીગિરિરાજબાવાની કંદરામાં દ્વાદશ નિકુંજો છે. ત્યાં જ ગોલોકધામ છે. આવતી કાલે ત્યાં જવાનું છે. શ્રીયમુનાજીની બે સખીઓ તેડવા આવશે. એ રડવાનો અવસર ન હોય, સમજ્યાં!'

'ભાભુ, તમારા દીકરા તમારા દરદનું જ ભણ્યા છે. એમને જરા જોઇ તો લેવા દો! શ્રીગિરિરાજબાવાને હજી આ ઘરમાં તમારા હાથે ઝારીજી આરોગવાનાં છે.' પાવની ધીમા અવાજે બોલી.

'ના, દીકરી. એવા ખોટા ખ્યાલમાં ન રહેશો. ભગવદ્ નામ લો. એ જ ભવરોગની સાચી દવા છે. શ્રીગિરિરાજબાવાને આ હાથની ઝારીજી આરોગવાં હોત, તો ટહેલ છોડાવત નહીં. હું એમને પોઢાડતાં રોજ કહેતી: 'તમે જે દિ આ હાથથી ઝારીજી નહીં આરોગો, તે દિ'થી મારે જળ ન લેવું પડે એમ કરજો. તમે ન આરોગો ને હું પેટ ભરું એવું ન થવા દેશો. બહુ દયાળુ છે. મારી વાત માની લીધી.'

મામાએ કહ્યું : 'કાલે સાંજે બેને જાતે ઝાંપીજી કર્યાં હતાં. કાલ સાંજ સુધી બબ્બે ચમચી જળ લીધું. આજથી નથી લીધું.'

'હરીશ-પાવની, બંને જણ મારી વાત ધ્યાનથી સાંભળજો. ગિરિરાજબાવા તમારા પર કૃપા કરે અને તમારાથી સેવાય તો સેવજો. તમને કોઇ બંધન નથી. મારા પછી રતિભાર લૌકિક કરશો નહીં. એક આંસું પણ પાડશો નહીં. હૃદયમાં ઠાકોરજી બિરાજે છે. રડીએ તો એમને કલેશ થાય. વૈષ્ણવે તો રાધાવર રીઝે તેમ જ રહેવાનું હોય. પોતાના માટે જીવનાર

પર રાધાવર ન રીઝે. રાધાવર માટે જીવનાર પર રાધાવર રીઝે. હવે કોઇ લૌકિક વાત નહીં. છતાં તમારે કંઇ પૂછવું હોય તો પૂછી લો.'

'ભાભુ, ઠાકોરજીની સેવા કરનારને ઠાકોરજી આટલું દુ:ખ કેમ આપતા હશે?' હરીશે પૂછયું.

'ફરી પાછો એ જ પ્રશ્ન?'

'મેં આખી જિંદગી તમને આ પ્રશ્ન પૂછયો અને તમે કહ્યું - ગાંડા, આપણા ઠાકોરજીને દોષ ન આપીએ. એમનો શો વાંક? ભાભુ, વાંક કોનો?'

'આપણો.'

'જે ભગવાનને નથી ભજતા એ લોકો તો લીલાલહેર કરે છે.' પાવની બોલી.

'હું તો અંગૂઠાછાપ છું. શાસ્ત્ર ન જાણું. હું તો મારું જાણું. આખી જિંદગી લીલાલહેર કરી છે. કોઇ દુ:ખ પડયું છે?'

'ભાભુ, તમે છુપાવો છો. હું ડૉક્ટર છું. તમારું દર્દ અને એની પીડા જાણું છું. તમે કેવી રીતે સહન કરો છો, એ જ મને નથી સમજાતું.'

''ત્રિદુ:ખ સહનં ધૈર્યમ્.' હરિ કરે તે હિતનું. એવી શ્રદ્ધા રહે તો દુ:ખ, દુ:ખ ન લાગે.' ભાભુએ આંખો બંધ કરી. એમના હોઠ ફફડતા હતા.

પડોશમાં રહેતાં સમજુબેને કહ્યું : 'થાકયા-પાકયાં આવ્યાં છો. ભૂખ્યાં-તરસ્યાં હશો. જરા નાહી-ધોઇ લો. પછી મારા ત્યાં આવો. એમ કરોને, નાવા-ધોવાનુંય ત્યાં કરો. ત્યાં બધી સગવડ છે.'

'ના, માસીબા. એવી કંઇ જરૂર નથી. અમે ભાભુ પાસે બેઠાં છીએ.'

'મહાલક્ષ્મીને કાલ કરતાં ઘણું સારું છે. હું કહું તેમ કરો. ચાલો, બંને ઊભાં થાવ.'

* * *

હરીશ ને પાવની પાછાં આવ્યાં, ત્યારે ચાર-છ વૈષ્ણવ બેઠેલાં હતાં. યમુનાષ્ટકના પાઠ ચાલતા હતા. ભાભુએ બંધ આંખે કહ્યું : 'હરીશ, વિવેકધૈર્યાશ્રય સાંભળવું છે.'

હરીશે ધીમા અવાજે છંદ્‌બદ્ધ રીતે સ્તોત્રગાન કરવા માંડયું. વર્ષો સુધી એનો ન સમજાયેલો અર્થ આજે એને નજરોનજર દેખાતો હતો, 'વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ.'

વૈષ્ણવની કેવી ખુમારી! નાથ, તમારી જેમ ઇચ્છા થાય, તેમ કરો. એનો સ્વીકાર કરવામાં હું જો જરાય ઊણો ઊતરું તો તમારો સેવક નહીં. મને ફટ્ કહેજો. 'પ્રાર્થિતે વા તતઃ કિમ્ સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્!' પ્રભુ, સાંભળી લો. ભાગી જઇશ, તૂટી જઇશ તોય આહ નહીં કાઢું. તમારી પાસે હાથ લંબાવું તો કહેજો. રાખશો તેમ રહીશ.

હરીશ જેમ જેમ પાઠ કરતો ગયો, તેમ તેમ તેને ભાભુ થોડાં થોડાં સમજાતાં ગયાં. પાવની તો અહોભાવથી ભાભુના આ સ્વરૂપને નીરખી રહી હતી. એણે ઘણાં દર્દીઓ જોયાં હતાં. રજનું ગજ કરતાં. આટલી પીડામાં આટલી શાંતિ ને સ્વસ્થતા પહેલવહેલી જોઇ.

ભાભુ બંધ આંખે બોલ્યાં. : 'સાંજ ઢળશે, ખરું ને? જતિપુરામાં શયનનાં દર્શન થાય, તે પહેલાં હરીશ, મને ગિરિરાજબાવાની નવકોશી પરિક્રમા ન કરાવે? તમે બેએ તો કરી છે. મારાથી થઇ નથી. ત્યાં જઉં ત્યારે અજાણ્યું ન લાગે - તને પેલું પદ આવડે છે?'

'કયું?'

'લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે.'

'પાવનીને આવડે છે.'

'પાવની, ગા, બેટા. મને ગિરિરાજબાવાની તળેટીમાં લઇ ચાલો.'

'ભાભુ, આ શરીરે ચલાશે? ત્યાં સુધી જવાશે?'

'શરીરથી કોને જવું છે? મનથી જવું છે. મન તો માંદું નથી ને?'

પાવનીએ મધુર સ્વરે પદગાન કર્યું. ત્યાં બેઠેલાં સૌ મનથી જતિપુરા ચહોંચી ગયાં.

'નારાણભાઇ છે?' ભાભુએ બંધ આંખે પૂછયું.

'હા, બુન.'

'તમે તો ઘણી પરકમ્મા કરી છે ને ?'

'ગિરિરાજજીએ કરાવી છે.'

'પરકમ્મા કેમ કરેલી?'

'ઇ તો કુણ જાણે! બધાં કરે. મેંય કરી.'

'ભાભુમા, તમે કહેલું એટલે અમેય કરેલી. પણ કેમ કરવાની?'

'એક ભગવદીય થઇ ગયાં પાનમા. એ કહેતાં તે કહું છું. ભગવદી સાચું જ કહે. આ શરીર તો લોહીમાંસનું નરક. એનાથી ઠાકોરજીને ન ભેટાય. તો ઠાકોરજીને આ જનમમાં કેવી રીતે ભેટવું? વ્રજરજના કણકણમાં યુગલ-સ્વરૂપ બિરાજે છે. એ વ્રજરજ અંગે લાગે તો ઠાકોરજીને ભેટવાનું સુખ મળે. પણ ઠાકોરજી સીધેસીધા ન મળે. આ મારગ તો દૂતીનો મારગ છે. દૂતી ઠાકોરજીને લઇ આવે. પરકમ્મા કરતાં વૈષ્ણવોના ચરણની રજ ઊડીને આપણા અંગે લાગે, તો યુગલ-સ્વરૂપનું સ્પર્શ-સુખ મળે એટલે પરકમ્મા કરવાની.'

'બુન, તમે તો ગૂઢ વાત કહી.'

'હરીશ-પાવની, ચાલો માનસી પરિક્રમા કરાવો.'

'ભાભુ, શ્રીગિરિરાજજીના મુખારવિંદ સામે સુંદરશિલાનાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે.'

'મારા વલ્લભને ઘણી ખમ્મા. સફેદ ધોતી-ઉપરણો ધર્યો છે. સામે દમલાજી બેઠા છે. શ્રીવલ્લભ ઉત્કટતાથી કહી રહ્યા છે- દમલા, ભગવદ્‌વાર્તા કિયે બડી બેર ભઇ.'

'ભાભુ, એવું કેમ કહ્યું હશે?'

'દુનિયા માટે એ આચાર્ય. પણ નિજજનો માટે કૃષ્ણ. દમલાજી લલિતાજીનું સ્વરૂપ. એમના માટે શ્રીવલ્લભ પ્રાણેશ્વરી રાધિકાજી. લલિતાજી શ્રીરાધિકાજી સાથે ભગવદ્‌વાર્તા કરે છે. રુસણે બેઠેલાં પ્યારીજીને મનાવે. વલ્લભે ભૂતળ પર માનભાવ ધારણ કર્યો છે, તેથી શ્વેત વસ્ત્રો ધર્યાં છે.'

'ભાભુમા, શ્રીગિરિરાજજીનું સ્વરૂપ સમજાવોને.'

'બેટા. બહુ ગૂઢ સ્વરૂપ છે. બે સ્વરૂપ. પુલિંદી જેવાં સ્ત્રી-શૂદ્રો માટે હરિદાસવર્ય - પરમ ભગવદીય. એમનો સંગ કરનાર પર અવશ્ય કૃપા કરે. એનું દુઃખ હરે. સર્વ સુખ દે. લીલાનું દાન કરે. એમના હૃદયમાં શ્રીગોવર્ધનનાથ લીલાપરિકર સહિત સદા બિરાજે. જ્યારે ભગવદીયને હૃદયમાં ઠાકોરજીના વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થવા લાગે, ત્યારે પ્રભુના છ દિવ્ય ધર્મો એ ભગવદીયોમાં પ્રગટ થઇ જાય. તે અણુમાંથી વિભુ બની જાય. એ સિદ્ધાંત પ્રમાણે શ્રીગિરિરાજબાવા હરિદાસવર્ય અને સાથે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ. પૂર્ણપુરુષોત્તમ એ એમનું બીજું સ્વરૂપ.'

'એ વ્રજના કુળદેવતા પણ ખરા ને?'

'હાસ્તો. ભગવાનને આપણે જે ભાવે ભજીએ, તે ભાવે અનુભવ કરાવે. વ્રજવાસીઓમાં ભગવાને કુળદેવતાનો ભાવ પ્રગટ કર્યો, એટલે એમણે શ્રીગિરિરાજજીની પૂજા કરી. શ્રીવલ્લભે આપણામાં પૂર્ણપુરુષોત્તમનો ભાવ સ્થાપિત કર્યો છે. એટલે આપણે એમની પૂજા નહીં-સેવા કરીએ છીએ.'

'ભાભુ, તમે બહુ બોલશો નહીં. થાકી જશો.'

'ગાંડા, ભગવદ્-ગુણગાન કરતાં થાક લાગે? લાગ્યો હોય તો ઊતરી જાય. આજની રાત મને રોકીશ નહીં.'

હરીશ અને પાવની પરિક્રમાનું વર્ણન વારાફરતી કરતાં રહ્યાં. આમેય એ બેનો આ નિત્યક્રમ હતો. સવારે સ્નાન કરી, બંને શ્રીગિરિરાજજીનું સેવા-ધ્યાન કરે. રાતે સૂવાનું ગમે તેટલું મોડું થાય, તોય સાથે મળી માનસી પરિક્રમા કરીને જ સૂઇ જાય.

ભાભુ વચ્ચે વચ્ચે ઉંહકારો ભરે. પરિક્રમા પૂરી થઇ.

''પાવની, ગોવર્ધન કી રહિયે તરેટી ગાવ.'' ભાભુ બોલ્યાં. પાવનીનું એ પ્રિય પદ. એણે બિહાગ રાગમાં ગાવા માંડયું. એના સૂરમાં એ તળેટીમાં પહોંચવાના વિરહની ઉત્કટતા હતી ભાવનો ઉદ્વેગ હતો. પદ પૂરું થયું.

'ભાભુ, હવે?'

ભાભુએ જવાબ ન આપ્યો. સૌએ માન્યું, ભાભુને ઊંઘ આવી ગઇ છે. એક-બે વાર ભાભુ બબડયાં - 'તમે રીઝો તેમ રહીશ. તમે રાખી તમે રહી છું.'

સવારના ચાર વાગ્યા. હરીશ અને પાવની જાગતાં હતાં. પાવનીએ અવારનવાર ભાભુની નાડી તપાસી. કહ્યું, 'સ્ટેડી છે.'

ભાભુએ કહ્યું : 'કેટલા વાગ્યા?'

'સવા ચાર.'

'મારે લઘુશંકા કરવી છે. પછી સ્નાન કરાવો.' પુરુષો ઊઠીને ઓસરીમાં આવ્યાં.

ભાભુને પાવની અને સમજુબેન મળીને સ્નાન કરાવ્યું. તુલસીની કોરી કંઠી માગીને પહેરી. પછી કહે, 'ના, હવે ખાટલામાં નહીં. ગિરિરાજબાવાની તળેટીમાં વ્રજરજમાં સુવાડો.' ભાભુ જમીન પર સૂઇ ગયાં.

સૌ અંદર આવ્યાં. યમુનાષ્ટકનો પાઠ શરૂ થયો. પાઠ પૂરો થયો. શ્રીસર્વોત્તમ સ્તોત્ર શરૂ થયું. પૂરું થતાં પાવનીએ નાડી પકડી. તે ગભરાઇ. 'હરીશ, નાડી નથી ચાલતી.'

હરીશે ભાભુની બંધ આંખો ખોલી. ક્ષણ બાદ પોપચાં બંધ કરી દીધાં, 'પાવની, ભાભુ ગયાં!'

પાવનીના મોંમાથી ડૂસકું નીકળ્યું.

'એય, ભાભુએ શું કહ્યું હતું? રડવાનું નહીં. માસીબા પેલું પદ ગાવ- 'આવ્યા મારે શ્રીયમુનાજીનાં નોતરાં, મારે જાવું વ્રજ-સાસરે રે લોલ, રાજ કોઇ રડશો નહીં, કોઇ રોકો નહીં.'

●

૫

હરિ કરે, જીવ શું જાણે?

હરીશ ભાભુને અગ્નિસંસ્કાર કરી, ભાંગી પડેલા મામાને હાથનો ટેકો દઇ, ઘેર પાછો આવ્યો, ત્યારે સફેદ વસ્ત્રોમાં સજજ પાવનીની આંખોમાં ઉજાગરાની અને વ્યથાની ઘેરી લાલાશ હતી. મોં કરમાયેલું હતું. હરીશ માનતો હતો કે પાવની હિંમતવાળી છે. પાવનીને જોઇ તે વધુ ઢીલો થયો.

સ્નાનાદિથી પરવારી એમણે ઓસરીમાં ખાટલો પાથરી મામાને સુવાડયા. પાવનીએ મામાને તપાસ્યા. તેણે બહુ ધીમેથી હરીશને કહ્યું : 'ભાંગી પડયાની પીડા છે. વેલિયમનું ઈજેકશન આપી દઉં?'

'તેમને સંપૂર્ણ આરામની જરૂર છે.'

'બરોબર છે. એમ જ કર.'

મામા જંપી ગયા. સૌ વીખરાયાં. હરીશ ઓસરીના થાંભલે વાંસો ટેકવીને બેઠો. સામે પાવની બેઠી હતી.

'શું વિચારે છે, હરીશ?'

'કંઇ નહીં. વિચાર તો ગયો. હવે શું વિચારવાનું?'

'મુંબઇ હોસ્પિટલમાં ફોન કરી દે કે મહિના પછી અમે આવીશું.'

'હં....'

'હરીશ!'

'હં.'

'નક્કી તારા મનમાં કંઇક ઘોળાય છે. દિલ ઠાલવવાથી હલકું થાય.'

'જાણું છું.'

'તો કહેને !'

'ભણતો હતો ત્યારે એક સ્વપ્ન હતું. ભાભુ અને મામાની માવજત કરીશ. એમની સેવાચાકરી કરીશ. ભણ્યું લેખે લાગશે. હું કેન્સર-સર્જન થયો, પણ ભાભુ એ જ રોગમાં ગયાં. મારું ભણતર એમની સેવાના કામમાં ન આવ્યું. ભાભુએ કોઈની સેવા ન લીધી. સૌની સેવા કરી.'

'ઠાકોરજીની ઈચ્છા કોણ જાણી શકે? દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે. ફોન મળતાં આપણે તો તરત દોડયાં; પણ ત્યારે તો બધું ખતમ થઇ ગયું હતું. આપણે કંઇ ન કરી શકયાં.'

'મને તો મામાની ચિંતા થાય છે. મારા ખાતર જ એ બીજી વાર પરણ્યા નહોતા. સુખને એમણે ઠેબે માર્યું. ભાભુના ટેકે જીવતા હતા.'

'હવે આપણી સાથે જ રાખીશું. મુંબઇ લઇ જઇશું.' પાવનીએ કહ્યું.

વિષાદની છાયામાં ચાર દિવસ વીત્યા. મામાની તબિયતમાં ખાસ સુધારો ન હતો. પાંચમા દિવસે બેચેની વધી. પાવનીએ ઇ.સી.જી. લેવાની તૈયારી કરી. હરીશ તેને મદદ કરતો હતો. ઇ.સી.જી. મશીન ચાલુ કર્યું. એક સેકન્ડમાં બંધ!

'શું થયું, પાવની?'

'મશીન ચાલુ છે, ગ્રાફ થતો નથી.'

હરીશે સ્ટેથોસ્કોપ કાને ભરાવ્યું. છાતી પર મૂકયું.

'પાવની, હૃદય થંભી ગયું છે.'

'ઓહ, નો.....'

પાવનીએ તરત કૃત્રિમ શ્વાસોચ્છવાસ કરાવવા માંડયા. હાર્ટમસાજ શરૂ કરી. પાવનીની સૂચના પ્રમાણે હરીશે ઈંજેકશન તૈયાર કર્યું. તે અપાયું. કોઇ ફરક ન પડયો. બંને હતાશ થઇ ગયાં.

'મામા પણ ગયા!'

ભાભુ ગયાં, ત્યારે બંનેએ સંયમ રાખ્યો હતો.આજે અચાનક ઘટેલી આ દુર્ઘટનાએ બંનેના સંયમના બંધ તોડી નાખ્યા. બંને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડયાં. કોણ કોને આશ્વાસન આપે? એમનું કલ્પાંત સાંભળી પડોશમાંથી સૌ પહેલાં માધુ દોડી આવ્યો. પછી તો આખું ફળિયું ને ગામ ભેગું થઇ ગયું. મામાના પણ અગ્નિસંસ્કાર થયા. બંનેની ઉત્તરક્રિયાઓ થઇ. સૂતક નીકળ્યું.

'હરીશ, આ સૂના ઘરમાં દિલને ચેન નથી પડતું?'

'.....'

'તું તો સાવ મૂંગો થઇ ગયો છે.'

'.....'

'આમ હિંમત હારીશ તો હું કેમ ટકીશ?'

'.....'

'એય હરીશ, તને કહું છું. ચાલ, મુંબઇ પાછાં જઇએ. અઠવાડિયામાં અહીંનું બધું આટોપી લે. અને ઠાકોરજી....!'

'તું કહે તેમ.' કહીને હરીશ મૌન થઇ ગયો.

સાંજે ગામનાં વૈષ્ણવ ભાભુના ત્યાં ભેગાં થાય. સૌ શ્રીયમુનાષ્ટક અને શ્રીકૃષ્ણાશ્રયના પાઠ કરે. નારણભાઇ 'શિક્ષાપત્ર' વાંચે. હરીશ અને પાવની એમાં મન પરોવવા પ્રયત્ન કરે. હરીશે પૂછયું : 'નારણકાકા, શિક્ષાપત્ર લખ્યું કોણે?'

'ભઈલા, આ પુસ્તક નોય.'

'તો?'

'પત્રો છે પત્રો. મોટાભાઇએ નાનાભાઇને લખેલા. આવા ૪૧ પત્રો છે. એને ભેગા કર્યા એટલે આપણા સાટુ એક પુસ્તક બની ગયું.'

'પણ એ મોટાભાઇ કોણ અને નાનાભાઇ કોણ?' પાવનીએ પૂછયું.

'શ્રીહરિરાય મહાપ્રભુ મોટાભાઇ ને શ્રીગોપેસરજી નાનાભાઇ.'

'કાકા, કામ વિના કોઇ કાગળ નો લખે!' ગોમતીબેન બોલ્યાં.

'તી તને કુને કયું કે કામ વિના લખ્યા'તા? શ્રીગોપેસરજીનાં વહુજી ભરજવાનીમાં લીલા કરશે એવી ભવિષની ખબર શ્રીહરિરાયજીને આગોતરી થઇ ગયેલી. એટલે તો ઇ મહાપરભુ કેવાયા. શ્રીગોપેસરજી આપણા જેવા મનેખ થોડા હતા?'

'તંઇ?'

'વલ્લભકુળમેં સબ હી વલ્લભરૂપ. આપ સેવા કરી શીખવે શ્રીહરિ. એમને ચામડીનો મોહ ન હોય. અહંતા-મમતા ન હોય. એમને તો એક જ રઢ વારસામાં મળેલી, 'કહો કૈસે સુખ ઉપજાય રી?' શ્રીઠાકોરજીના સુખનો જ વિચાર હરતાં-ફરતાં રહે. ઘરસંસાર પણ સેવા માટે. શ્રીગોપેસરજી અને એમનાં વહુજી મળી ઠાકોરજીને ભારે લાડ લડાવે. શ્રીહરિરાયજીને વિચાર થિયો કે વહુજી લીલા કરશે એટલે બાવાને એકલા હાથે બધી સેવા પોંચવી પડશે. ઠાકુરજીને શ્રમ થશે, એટલે બાવાને કલેશ થશે. એટલે એમણે આશ્વાસન આપવા આગોતરા પત્રો લખવા માંડયા. છઠ્ઠા શિક્ષાપત્રમાં વહુજીના લીલાપરવેશની વાત આવે છે.' નારણભાઇએ ખુલાસો કર્યો.

'કાકા, એ શિક્ષાપત્ર સાંભળવું છે.'

'ભલે, ઇ વાંચું. જો ભૈ, હું કાંઇ શાસ્ત્રી નથી. ઝાઝું સમજાવતાં નાં આવડે. વાંચી જઉં.'

'ભલે.'

નારણભાઇ કડકડાટ છઠ્ઠું શિક્ષાપત્ર વાંચી ગયા. સમજુબેને કહ્યું : 'બળ્યું, કાંઇ હમજ નો પડી. વીહ વરહથી રાતે વંચકમાં હાંભરીએ છીએ, પણ જે-સી ક્રસ્ન.'

'માસીબા, હું સમજાવું. શ્રીહરિરાયજીએ શ્રીગોપશ્વરજીને આશ્વાસન આપવા મુખ્ય બે વાત કહી : આપણે લૌકિક જીવ. આપણું બધું લૌકિક. આપણું આશ્વાસન પણ લૌકિક. શ્રીહરિરાયજી અલૌકિક. એમનું આશ્વાસન પણ અલૌકિક.'

'હરિશ ભૈ, હવે સમજ પડવા માંડી. ઇ બે વાત જરા માંડીને હમજાવ.'

'પહેલી વાત એ કહી કે ઠાકોરજીનો સ્વભાવ અતિ કોમળ અને કૃપા કરવાનો છે, તો ભકતને વધુ દુઃખ કેમ?'

'હા હોં, વાત ખરી. સેવા કરનાર બધાં બહુ દુઃખી. અમારો ભગો તો કહે, સેવા કરીએ તો દુઃખી થઇએ. સેવા જ નથી કરવી.' ગોમતીબેન બોલ્યાં.

'શ્રીહરિરાયજી કારણ બતાવે છે, 'લૌકિકકલેશસંબંધો હર્યંગીકૃત લક્ષણમ્.' આપણે બ્રહ્મસંબંધ લેતી વખતે કહ્યું કે હું દાસ છું, હે કૃષ્ણ! હું તમારો છું. આપણે ઠાકોરજીને સ્વીકાર્યા, પણ ઠાકોરજીએ આપણો સ્વીકાર કર્યો એ કેવી રીતે જાણવું? ઠાકોરજી નથી બોલતા કે નથી કાગળ મોકલતા. કેમ ખબર પડે કે તું મારો છે એમ ઠાકોરજી કહે છે એની? તો કહે છે કે એ જાણવાની એક ચાવી છે. લૌકિકમાં જયારે આપણને કલેશ થાય, કલેશ થતો જ રહે, દુઃખ પડતાં જ રહે, ત્યારે સમજવું કે શ્રીહરિએ આપણો

હાથ પકડયો છે. આપણો અંગીકાર કર્યો છે. દુઃખ ઠાકોરજીએ કરેલા અંગીકારનું લક્ષણ છે.'

'ભૈ, તારી વાત ગળે નથી ઊતરતી. કોઇ હિતેચ્છુ દુઃખ આપીને એમ કહે કે હું તારું હિત કરું છું? દુઃખ આપે એ હિતેચ્છુ શાનો?' સમજુબેને કહ્યું.

'માસીબા, આ હું નથી કહેતો, શ્રીહરિરાયજી કહે છે. એ સમજીએ તો પહેલી વાત ગળે ઊતરશે.'

'તો કહે, ભૈ.'

'એમણે એક સરસ ઉદારણ આપ્યું. માની લો કે આ ગોમતીમાસીના ભગુભાઇનો નાનકો દસ-બાર મહિનાનો છે. એનામાં અક્કલ કેટલી?'

'ભૂખ લાગે, ઊંઘ આવે, બીક લાગે ત્યારે રડવાની.'

'એ રમવા બેઠો છે. રમકડાં પડયાં છે. પણ બાળકને એકના એક રમકડે રમવું ન ગમે. એને નવું નવું રમકડું જોઇએ. ખરું ને?'

'બિલકુલ હાચું.'

'એ નાનકો આંગણામાં રમે છે. ને એની આગળથી સરરરર કરતોક વાંકોચૂંકો સરકતો એક સાપ નીકળ્યો. નાનકાને થયું, આ નવું રમકડું છે. એને પકડવાનું મન થયું. એ પકડવા ગયો. એની માએ ઓસરીમાંથી જોયું. એ ચમકી, દોડી. નાનકાને ઊંચકી લીધો. સાપ ન પકડવા દીધો. નાનકો ખૂબ રડયો. ધમપછાડા કર્યા. જમીન પર પગ પછાડી ગડથોલિયાં ખાવા લાગ્યો. સમજાવ્યો તોય ન સમજ્યો. માએ એક તમાચો મારી દીધો.'

'ઇ જ કરેને! કોઇ સાપ પકડવા દે? છોરામાં અક્કલ નથી, પણ મામાં તો હોય ને?' ગોમતીબેન બોલ્યાં.

'માને જેટલું છોકરાનું દાઝે એટલું બીજા કુને દાઝે? મૂવો, બે ઘડી રડીને ચુપ થશે. પણ જીવ તો બચશે ને! કાયમની ઉપાધિ તો નંઇ?' સમજુબેન કહ્યું.

'શ્રીહરિરાયજી આ જ વાત સમજાવે છે. ઠાકોરજી મા જેવા છે. આપણે જીવ બાળક જેવા છીએ. આપણે કમ અકકલ છીએ. આપણા હિત-અહિતનું આપણને ભાન નથી ને જ્ઞાન નથી. નવું જોયું નથી કે આ પકડવા દોડયા. રોજ નવાં નવાં સુખ પાછળ દોડીએ. પણ ગમ નથી કે એ ખરેખર સુખ નથી. એ તો જીવ લેનાર સાપ જેવાં છે.'

'મારી પાસે ડાયાબિટિસના દરદી ઘણા આવે. હું સમજાવું કે આ રોગમાં ખાંડ-ગોળ-સાકર ઝેર છે. તેઓ કહે, બહેન, એ ખાધા વિના તો નહીં ચાલે. હવે કહો, આ લોકો સમજદાર કે બાળક? વાના દરદીને કહીએ કે સાંધા દુઃખે છે તો ખાટું ન ખાશો. પૂછો સમજુમાસીને. ખાટું ખાધા વિના જીભને ચેન પડે છે?' પાવની બોલી.

'એટલે જ આપણે બધાં બાળક જેવાં છીએ. ઠાકોરજી જાણે છે કે આ મારાં બાળકો જેને સુખ માની પકડવા દોડી રહ્યાં છે, એ સુખ નથી, સાપ છે. એટલે ઠાકોરજી લાકડીથી એ સાપને દૂર ફેંકી દે છે. આપણા હાથમાં આવવા દેતા નથી. ભલે આપણે ઘણું રડીએ. ઠાકોરજીની આ કૃપા કઠોર કૃપા છે. મા બાળકના ભલા માટે કઠોર થાય છે, કારણ કે બાળક પર સૌથી વધુ વહાલ છે. શ્રીઠાકોરજી પણ ભકતના હિત માટે બહારથી કઠોર થાય છે. બીજા જીવોની એ પરવા કરતા નથી. ભલે સાપ પકડે. પકડશે એ ભોગવશે. ભકત આ જન્મમાં દુઃખ ભોગવી લે છે, કારણ આ તેનો છેલ્લો જન્મ છે. સંસારી લોકો આ જન્મે સુખ ભોગવી, પરભવ માટે દુઃખનું ભાથું બાંધે છે.'

હરીશ અટકયો.

'હાં, હવે વાતની ગડ બેઠી. નારણભૈ, આ અમે રોજ સાંભળતા'તાં.

પણ આજે સમજાયું.' ગોમતીબેન ઉવાચ.

રાતે હરીશ-પાવની એકલાં પડયાં. વાળુ કરવા બેઠાં. હરીશે કહ્યું : 'પાવની, સગડી સળગાવતાં ને એના પર રાંધતાં તકલીફ પડતી હશે?'

'ના રે, કચ્છમાં ચૂલો ફૂંકતી. ભીનાં લાકડાંનો ધુમાડો બહુ વેઠેલો. જયાં જે મળે તેનાથી ચલાવી લેવાની ટેવ પડી છે. મને તો મુંબઇ કરતાં અહીં વધુ ગોઠે છે. કેવી શાંતિ છે? લોકોય કેવાં માયાળુ છે? આમ, પલાંઠી વાળી વીસ વર્ષ પછી જમવા બેઠી છું. સારું લાગે છે. આજે શિક્ષાપત્રની વાત સાંભળ્યા પછી મારું મન ઘણું હળવું થયું. જિંદગીભરની ભેગી કરેલી ફરિયાદોનો નિકાલ થઇ ગયો. તને કેમ લાગે છે?'

'મન તો હળવું થયું છે, પણ ભાભુ ને મામા ભુલાતા નથી.'

'એય ભુલાશે. દુ:ખનું ઓસડ દહાડા.'

●

૬

સુકાન સોંપ્યું શામળાને

નમતા બપોરે બોરસલીની છાયામાં પાટીના ખાટલા પર કંઇ પાથર્યા વિના ઓશિકાભેર સૂતેલા હરીશને પાવનીએ જગાડયો, 'કહું છું.....ઊઠો. અમદાવાદથી ડોક્ટર મિત્રો આવ્યા છે.'

હરીશે આંખો ખોલી. આળસ મરડી, બેઠો થયો, ત્યારે તેની સામે બીજા બે ખાટલા ઢળાઇ ચૂકયા હતા. તે પર શેતરંજીઓ પથરાઇ ગઇ હતી. ડેલીમાંથી એણે મહેમાનોને આવતા જોયા. ઓર્થોપેડિક સર્જન ડૉ. પરિમલ પટેલ અને એની પત્ની ગાયનેક ડૉ. જિગીષા તથા આઇ-સર્જન ડૉ. નીલેશ વસાવડા અને એની પત્ની ચંદ્રા હતાં. સાથે એક બીજું કપલ હતું. તે ન ઓળખાયું. પુરુષ છ ફૂટ ઊંચો, પાતળા બાંધાનો, માથામાં વચ્ચે સેંથી પાડી બે બાજુ ચપટા ઓળેલા શ્વેત-શ્યામ રંગના વાળવાળો, તપેલા તાંબા જેવા વર્ણનો હતો. પંચાવન તો થયાં જ હશે. મહિલા જરા ભારેખમ શરીરની, પુરુષના ખભે માંડ આવે તેટલી ઊંચી, મોગરા જેવા ગૌર વર્ણની, રોલ્ડ-ગોલ્ડની ફ્રેમવાળાં ચશ્મામાં જાજરમાન લાગતી હતી. માથાના બધા વાળ અકાળે સફેદ હતા. પચાસની તો હશે જ.

'આવો, આવો. અમારા ખોરડે અચાનક ભૂલા પડયા?' હરીશે હાથ જોડી આવકાર આપ્યો. એક ખાટલા પર પુરુષો અને બીજા ખાટલા પર મહિલાઓ બેઠાં. પાવની સ્ટીલની મોટી થાળીમાં પાણીના ગ્લાસ લઇને આવી.

‘અરે! ડૉ.પાવની! તમારે જાતે.....’ પરિમલને આશ્ચર્ય થયું.

‘કેમ? હું ગૃહિણી નથી?’

‘પરિમલ, આ અમદાવાદ નથી, કાઠિયાવાડ છે. અહીંની વાત જુદી. અહીં તો પાવનીને શું, મારેય માથે પણ ઓઢવું પડે.’ જિગીષા બોલી.

‘ એ તો અમારી સ્ત્રીઓની ખૂબી છે. ક્લિનિકમાં ડોક્ટર અને ઘરમાં હાઉસવાઇફ-ગૃહિણી. તમને પુરુષોને તો એક જ ઇન્દ્રિયનું જ્ઞાન.’ ચંદ્રાએ વાતમાં ઝુકાવ્યું.

‘ચંદ્રા, આપણે સ્ત્રી-પુરુષ વિષેના સેમિનારમાં ભાગ લેવા નથી આવ્યાં. પાવની અને હરીશને મળવા આવ્યાં છીએ!’

‘સોરી. રિયલી સોરી.’ જિગીષા અને ચંદ્રા સાથે બોલ્યાં.

‘તમને કયાંથી ખબર પડી?’ પાવનએ હરીશના ખાટલાંમાં બેસતાં પૂછયું.

‘અમે વેકશન ભોગવવાનો પ્લાન કર્યો. સૌરાષ્ટ્રની બેઠકો થોડી થઇ જાય એવો ચંદ્રા-જિગીષાનો આગ્રહ હતો.’

‘હા, જિગીષા તો કોલેજમાં હતી ત્યારેય ચુસ્ત વૈષ્ણવ હતી. ડુંગળી-લસણ ન ખાય. કોઇને ‘જય શ્રીકૃષ્ણ’ કહ્યા વિના પાણી પણ ન પીએ. મારી જ રૂમ પાર્ટનર હતી ને!’ પાવની બોલી.

‘પણ પરિમલ, તને તો ઇશ્વરમાં ઝાઝી શ્રદ્ધા નહોતી. એને હાડોહાડ જાણું. મારી બાજુની રૂમમાં રહે. મારી રોજ મીઠી મશ્કરી કરે.’ હરીશ બોલ્યો.

‘પરણ્યા એટલે પત્નીના થયા. દુનિયાનો યુનિવર્સલ નિયમ છે - પત્નીને રીઝવો, રાજ કરો. જિગીનો રંગ લાગ્યો.’

‘હવે તો એ મારાથીયે વધારે પાકા વૈષ્ણવ થઇ ગયા છે. સવારે ોતી-બંડી પહેરીને જ રોજ બે કલાક શ્રીમહાપ્રભુજીની ઘેર સેવા કરે. ોવીસ કલાકમાં સર્વોત્તમના પાંત્રીસ પાઠ કરે જ. જીજીની કૃપા થઇ છે.’

‘નીલેશ તો શિવજીનો સેવક. ‘શિવમહિમ્ન’ રોજ ગાય.’

‘ને હોસ્ટેલ પાછળના ચિંતામણિ મહાદેવજીની પૂજા કર્યા વિના ચા ાણ ન પીએ.’

‘હવે તો એ શ્રીનાથજીના પાકા ભક્ત બની ગયા છે.’

‘એ પ્રતાપ આ ચંદ્રાનો.’

‘ના, ખોટી વાત. ભગવાનની લીલાનો પ્રતાપ.’

‘હં..., તો તમે બધાં બેઠકજી કરવા નીકળ્યાં; પણ અહીં કેવી રીતે?’ ાવનીએ પૂછયું.

‘રાજકોટમાં માધવાણીના મહેમાન હતા.’

‘એણે જ મારાં ભાભુની ટ્રીટમેન્ટ કરેલી.’

‘એટલે એણે જ આ દુઃખદ સમાચાર આપ્યા. અમે સૌએ વિચાર ર્યો કે કોલેજ છોડયા પછી ભેગાં થવાયું નથી, તો તમને બેને મળતાં ઈએ.’

‘આ બે નવા મહેમાનો?’

‘પાવની, આ બેય એવા વાતોડિયા છે કે...’

‘અને તમે મૌનવ્રતધારી મુનિ છો?’

‘અમારા સૌરાષ્ટ્રમાં લડવાનો-બોલાબોલીનો રિવાજ નથી.’

‘તો?’

'સળગાવી મૂકવાનો ચાલ છે. એટલે અંગત વાતો બંધ. મહેમાનોનો પરિચય કરાવો.'

'એ છે જસવંતભાઇ અમીન અને એમનાં પત્ની રત્નાબેન.'

'જય શ્રીકૃષ્ણ.'

'જય શ્રીકૃષ્ણ.'

'તમારી ઓસરીમાં ભીંત પર ઘડિયાળ લટકે છે ને? એ એમની કંપનીની. ગ્લેમર કવાર્ટઝ કંપનીના માલિક.'

'બહુ મોટું નામ છે! હરીશ તો એ ઘડિયાળનો જબરો ફેન છે. ઘર અને હોસ્પિટલમાં બે ડઝન ઘડિયાળતો તમારાં જ છે, ભાઇ! એ તો દર વર્ષે કોમ્પ્લીમેન્ટસમાંય તમારાં ઘડિયાળ જ આપે. મેરેજ અને બર્થડે-પાર્ટીમાં પણ.'

'તમને મળવાની ઘણી ખ્વાહેશ હતી. કાળદેવતા માત્ર ભગવાનના નિયમનમાં રહે. તમારા કવાર્ટઝ સ્ટોનની મૂવમેન્ટ એક સેંકડમાં એક લાખ આટાંની. એને તમે નિયમનમાં લાવી, એક આંટાની કરી દો! કાળને બાંધનારને મારે જોવા હતા.'

'સામે પગલે આવ્યા છે.'

'બહુ આનંદ થયો.'

ઘરમાંથી માધુ ચાના કપ લઇને આવ્યો.

'પાવની, પ્લીઝ. આજે ચા નહીં.'

'અરે! અમારાં ભાભુમા તો કહેતાં, દુઃખ આવે ત્યારે ઓચ્છવ કરો, સુખ આવે ત્યારે નહીં. દુઃખ તો કૃપાપાત્રને આવે.'

'તમારાં ભાભુમા પરમ ભગવદીય. પણ પાવની, આ સૂતકવાળું ઘર. અમારે બેઠકજી કરવાનાં છે.' પરિમલે કહ્યું.

'એય શાસ્ત્રીજી, મને શાસ્ત્ર ન ભણાવશો. સૂતકવાળા ઘરનું પાણી પીવાય અને ચા ન પીવાય?'

'અરે! હા. પાણી તો પીવાઇ ગયું!'

'હવે શું કરશું?'

'કંઇ નહીં, કાલે પાકો ઉપવાસ. ઉપવાસ કરવાનો જ છે, એટલે ભેગાભેગી ચા પી લો અને સાંજે વાળુ પણ અહીં જ. પછી તમે સૌ છુટ્ટા.' પાવની દરેકના હાથમાં કપ-રકાબી આપવા લાગી.

'તમે વાતો કરો. હું તમને સાંજે વહેલા છૂટા કરવાની તૈયારી કરું.'

પાવની ઊઠી. સાથે જિગીષા ને ચંદ્રા ઊઠવા ગયાં.

'કાઠિયાવાડમાં મહેમાન પાસે કામ કરાવવાનો રિવાજ નથી. મહેમાન તો ખાટલેથી પાટલે. હમણાં ખાટલા પર જ બેસો. પાટલા ઢળાય એટલે બરકીશ.'

'અરે, આ તો પાકી કાઠિયાવાડણ બની ગઇ!'

સૌ હસી પડયાં.

'હરીશ, તારાં બંને વડીલો જે રીતે અચાનક ગયાં, તેનો તને ભારે ધક્કો લાગે તે સ્વાભાવિક છે. તને આશ્વાસન આપવા આવ્યાં છીએ, પણ શબ્દો નથી જડતા.'

'નીલેશ, શબ્દો કરતાં સ્વાનુભવ બળવાન હોય છે. હરીશ, વ્યથાની કોઇ મૂર્તિ જોઇ છે?'

'ના, સિંગાપોરના ટાઇગર ગાર્ડનમાં હાસ્યના દેવની ચીની પ્રતિમાં જોયેલી.'

'અમારા જસવંતભાઇ ને રત્નાબેન વ્યથાની જુગલજોડી છે.'

'એટલે જ ઓછાબોલાં છે.'

'એમની વાત સાંભળીશ એટલે તને આશ્વાસન મળશે.'

'કોઇ દર્દી આવીને બહુ ફરિયાદ કરે, એટલે એને હું પરિમલની ઓર્થોપેડિક હોસ્પિટલ જોઇ આવવાની ભલામણ કરું. માણસ પોતાનાથી વધુ વેદના બીજાની જુએ, એટલે વગર દવાએ તેની વેદના ઘટી જાય. જસવંતભાઇ, તમારી કઠણાઇ વિષે હરીશને કહો. એ તમારો ચાહક છે, કાળદેવતાને બાંધનાર પર કાળદેવતા કેવા વીફરે, એની કરુણ કથની છે.'

'પણ કાળદેવના દેવ કૃષ્ણ કેવી રીતે કૃપા કરે, એની કલ્પનાતીત કથની પણ એમાં જ છે. કહો, જસવંતભાઇ.'

જસવંતભાઇ ધીરગંભીર અવાજે કહેવા લાગ્યા : 'અમે અમદાવાદ નજીકના એક નાનકડા પછાત ગામડાના, પિતાજી હાઇસ્કૂલમાં શિક્ષક. પ્રામાણિક, મહેનતુ, હોશિયાર. એક દિવસ એમની કાંડા-ઘડિયાળ રિપેર કરાવવા ગયા. બે દુકાને પૂછયું. બંનેએ જુદાં કારણ કહ્યાં, ચાર્જ પણ જુદો જુદો કહ્યો. પહોંચ્યા ત્યાંથી ગાંધી રોડના પુલે. ઘડિયાળ રિપેર કરવાની ચોપડી ને સાધનો ખરીદી લાવ્યા. જાતે જ ખોલીને રિપેર કરી. ચાર-છ મિત્રોને રિપેર કરી આપી. હિંમત ખુલી ગઇ. શાળામાં હેડમાસ્તરે તેમનું અપમાન કર્યું. ભારે સ્વમાની. રાજીનામું આપી ઘેર આવ્યા.

વોલક્લોક બનાવવાની તૈયારી કરી. બા જેમતેમ ઘર ચલાવે. બાના પિયરમાં પુષ્ટિમાર્ગ. બા અને બેનને બ્રહ્મસંબંધ. બાપુજી હિંદુ ધર્મનાં પુસ્તકો ઘણાં વાંચે. ધીમે ધીમે ઘડિયાળ બનાવવામાં આગળ વધતા રહ્યા. મેટ્રિકની પરીક્ષા આપ્યા પછી, મેંય બાપુજીને મદદ કરવા અભ્યાસ છોડી દીધો. ધંધામાં ફાવટ આવતી ગઇ.'

જસવંતભાઇને ત્રણ દીકરા થયા. મોટો કમલ બહુ હોશિયાર. જર્મની કવાર્ટઝ ટેકનોલોજી ભણવા ગયો. ભારતમાં કવાર્ટઝ ટેકનોલોજી લાવ્યો. કવાર્ટઝ કલોકનું પ્રોડકશન શરૂ થયું. કમલ કૃતિ સાથે પરણ્યો. દેવોને ઈર્ષા આવે એવી જોડી. બીજા બે દીકરા ભણે. સૌથી નાનો વિવેક સવારે કોલેજ જાય, બપોરથી શહેર વચ્ચે આવેલો શો -રૂમ સંભાળે. સૌ એમના નસીબની ઈર્ષા કરે. નસીબ આડેનું પાંદડું જ સાવ ખસી ગયું. વૈભવ વધતો ગયો, પણ સાત્ત્વિકતા અને સંસ્કારિતા અડીખમ. વર્ષમાં બે-ચાર વાર પરદેશ જાય, પણ ત્યાંની હોટલમાં ન જમે. દાળ-ચોખા સાથે લઇ જાય. ખીચડી કે દાળભાત બનાવી લે.

એક દિવસ એમનો પરિવાર અંબાજી જતો હતો. બે-ચાર મોટરોનો કાફલો હતો. વિવેક જે કારમાં હતો, તેને મહેસાણા-ઊંઝા વચ્ચે ટ્રકે હડફેટમાં લીધી. સ્થળ પર વિવેકનું પ્રાણપંખેરું ઊડી ગયું. ઓગણીસ વર્ષનો કંધોતર દીકરો ચાલ્યો ગયો.

એને ગયે એક વર્ષ થવા આવ્યું. બીજા દીકરા ભાર્ગવનું લગ્ન લેવાયું. કમલ બેન્ડનું નકકી કરવા એની પત્ની કૃતિને લઈને વડોદરા ગયો. પાછા આવતાં આણંદ ચોકડી પાસે એની કારને એક ટ્રકે ટકકર મારી. એય વિવેકની પાછળ ચાલ્યો ગયો. એક જ વર્ષમાં બબ્બે જુવાનજોધ દીકરા પ્રભુએ લઇ લીધા. એ માબાપની હાલત શી થાય?

પરંતુ ઠાકોરજી નિષ્ઠુર નથી. એમણે જસવંતભાઇના કુટુંબને સધિયારો આપવા જીજીને મોકલ્યાં. જીજીની કરુણા અને કૃપા એ પરિવાર પર વરસી. જીજીએ આજ્ઞા કરી, 'બે દીકરા લઇ, તમને છસો દીકરાનું સુખ પ્રભુ આપવા ચાહે છે. બાળકો માટે સંસ્કાર-શિક્ષણનું તીર્થધામ સમું ગુરુકુળ બનાવો. તમારી દૈવી સંપત્તિ એમાં વાપરો.'

જસવંતભાઇએ વતનની સીમમાં પચાસ વીઘા જમીનમાં ગુરુકુળ

બનાવવા માટેનું ખાતમુહૂર્ત કર્યું. વચલા દીકરા ભાર્ગવનાં લગ્ન લેવાયાં. એમાંય ઠાકોરજીએ ઘણી કસોટીઓ કરી. ભાઇબહેનોનો બહોળો પરિવાર. ઝેર જાણીજાણીને પીતા રહ્યા. જીજીએ એમને બ્રહ્મસંબંધ આપ્યું. લાલન પુષ્ટાવી પધરાવી આપ્યા.

ભાર્ગવની પત્ની સુભગાને સારા દિવસો જાય. એ છૂટી થાય તે પછીના દિવસોમાં એમના આંગણે શ્રીનાથજીનાં ધજાજી પધારવાનાં હતાં. જીજી ભાગવત સપ્તાહ કરવાનાં હતાં. તૈયારીઓ આનંદ-ઉત્સાહથી થતી હતી. દીકરો જન્મ્યો, પણ રડયો નહિં. જન્મથી ફેફસાંની બિમારી. ૪૧ દિવસ હોસ્પિટલમાં વેન્ટીલેટર પર રાખ્યો. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાય. ૪૨ દિવસ પછી જીજી પધાર્યા. બાળકને નામમંત્ર આપ્યો. બીજા દિવસે એ પણ પ્રભુને પ્યારો થઇ ગયો.

જસંવતભાઇ તન-મનથી ભાંગી પડયા. પથારીવશ થઇ ગયા. હમણાં જ સ્વસ્થ થયા છે.'

જસવંતભાઇ કહે : 'ભાઇ, કયારેક મને ઠાકોરજી પર ગુસ્સો આવતો. મારા એક મિત્રે તો નક્કી કર્યું કે એના મંદિરે જવું જ નહીં. એ આવો અન્યાય કેમ કરે? પણ ધીમે ધીમે જીજી પાસેથી મને સમજાતું ગયું કે ઠાકોરજી કોઇને અન્યાય કરતા નથી. ભૂતકાળનો વિચાર કરું છું, ત્યારે આજે મને ઠાકોરજીની લીલા થોડી સમજાય છે. ઠાકોરજીએ ઘણી કૃપા કરી છે. અમારો ઉદ્ધાર કર્યો છે. જિંદગી બગડવા નથી દીધી.'

'એ કેવી રીતે?' હરીશે પૂછયું.

'કમલ હોત તો અમારી ફેકટરી આજ કયાંથી કયાં પહોંચી હોત! માન-મોભો, પ્રતિષ્ઠા-પૈસા-પરિવાર આ બધાં માયાવી સુખોમાં અમે બેય ચકચૂર હોત! બ્રહ્મસંબંધ ન થયું હોત; કારણ જીજીનો સંપર્ક થયો ન

હોત. પૌત્રને રમાડવામાં સ્વર્ગ લાગ્યું હોત. લાલાની સેવામાં ઇચ્છા કે ભાવ ન થયો હોત. બસ ખાધું, પીધું ને મોજ કરી હોત. સંસારના કીડા બની સંસારના કાદવમાં ડુબેલા હોત. ગુરુકુળ બનાવવાનો વિચાર કયાંથી આવ્યો હોત?

'વૈરાગ્ય વિના ભક્તિ અધૂરી છે. બે દીકરા લઇને ઠાકોરજીએ અમને ભરસંસારમાં, પુષ્કળ સંપત્તિ વચ્ચે વૈરાગ્ય તરફ વાળ્યાં. અમે બેય પલંગમાં સૂઇ જતાં નથી. જમીન પર જાજમ પાથરી સૂઇ જઇએ છીએ. છાપાં વાંચતાં નથી. ટી.વી. પણ ખાસ જોતાં નથી. સાદું ભોજન, સાદાં વસ્ત્રો સ્વીકાર્યાં છે.

ભાર્ગવનો દિકરો ગયો, એને લઇને ફરી ઠાકોરજીએ સંસાર તરફ દોડવા જતી અમારી ગાડીને બ્રેક મારી છે. અહંતા-મમતામાંથી ઠાકોરજી છોડાવી રહ્યા છે, બાકી એ બે છૂટે એવાં નથી.

'અમે તો ઠાકોરજીને કહી દીધું છે - લાલા, અમારું સુકાન તને સોપ્યું. અમારી નાવને ડુબાડ કે હંકાર. અમને ભવપાર ઉતારજે. વિપદાઓ આવી, તો વલ્લભ મળ્યા, વિભુ મળ્યા. વલ્લભના વહાલા વૈષ્ણવોનો સત્સંગ મળ્યો. સેવા-સ્મરણ મળ્યાં. ગુમાવ્યું થોડું તો પામ્યાં ઘણું.'

જસવંતભાઇએ વાત પૂરી કરી. હરીશને લાગ્યું - એમના વિષાદ પાસે તો મારો વિષાદ રતિભારે નથી. એની શ્રદ્ધા વધી. વિષાદ ઘટ્યો.

◆

૭

હરિ હાથ વેચાણી

હરીશ અને પાવની ફરી સ્વસ્થ બન્યાં હતાં. બે દિવસ પછી ભાભુનો અને મામાનો માસિયો અને વર્ષીની ક્રિયા સાથે પતાવવાની હતી. સાંજે સમજુબેને બંનેને બેસાડી કહ્યું : ‘ભાઇ, ઠાકોરજીએ ધાર્યું એ થયું. તમે પૂખ્ત બની ગયાં છો. ભાભુ રહ્યાં નથી. તારી ચાર વીઘા જમીન સંભાળનાર તારા મામા પણ ગયા. જમીન સોનાનો ટુકડો છે. જમીનના ભાવ હમણાં હમણાં બહુ ઊછળ્યા છે. ફેંકી દેતાં દસ લાખ મળશે. ધ્યાન પહોંચે તો વેચી દે, અને આ ઘર પણ....!’ સમજુબેને વણમાગી સલાહ આપી.

‘માસી, બાપુનું ખોરડું...’ પાવનીએ કહ્યું.

‘આમ તો દુનિયામાં હવે તમારું બીજું કોઇ છે પણ નહીં.’ સમજુબેન બોલ્યાં.

‘વેચવા મન નથી માનતું.’ હરીશ બોલ્યો.

‘શ્રીહરિ! તો શી ઇચ્છા છે?’

‘વિચાર્યું નથી.’

‘આ વખતે ઘર-જમીનનો નિકાલ કરીને જ જજો. અહીં કોણ સાચવશે?’

‘સારું, તમે કહેશો તેમ કરીશું.’

રાતે સૂઇ ગયા પછી પાવની તો ઘસઘસાટ ઊંઘી ગઇ, પણ હરીશ વિચારે ચડી ગયો. એની ઊંઘ છટકી ગઇ. એક બાજુ વતનની મમતા હતી, બીજી બાજુ વ્યવસાય હતો. હરીશ ઊંઘવા પડખાં ફેરવતો હતો. રહી રહીને ઘડિયાળ જોતો હતો. એક વાગી ગયો. ત્યાં ડેલીનો દરવાજો કોઇ ખખડાવતું હોય એવો અવાજ આવ્યો. અવાજ વધ્યો. તે ઊભો થયો. ડેલીએ આવ્યો. ડોકાબારી ખોલી. સામે માધુ ઊભો હતો. બીજા બે જણ પણ હતા.

‘કેમ, માધુ?’

‘ભૈ, ઉપલી ફળીમાં જીવણભૈ ખરા ને?’

‘હા.’

‘એમના છોકરાની વહુને સુવાવડનો વખત છે. દાયણ કહે છે બાળક આડું છે. દાકતરને બોલાવો. ભોવાનભાઈ ઘેર નથી. રાજકોટ લઇ જવા જેવી સ્થિતિ નથી.’

‘ચિંતા ન કરો. હું અને પાવની આવીએ છીએ. તમે જાઓ.’

હરીશે પાવનીને જગાડી. પાવનીએ એની મેડિકલ બેગ લીધી. બંને લગભગ દોડયાં.

‘પાવની, ગામ જાણે કે આપણે દાકતર છીએ, પણ આપણા બેમાંથી એકેય ગાયનેક નથી. સિઝેરિયન કરવું પડશે તો? અહીં કેવી રીતે થશે?’

‘જો હરીશ, દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે. સીધી વાત છે. આપણને બોલાવવા કોણ માધુ આવ્યો હતો?’

‘ત્યારે નહીં? મેં એની સાથે વાત કરી છે!’

‘ના, માધુ તો કઠપૂતળી છે. હું અને તું પણ. માધુના હૃદયમાં બિરાજેલા

શ્રીગિરિરાજબાવા જ પધાર્યા હતા. શું થવાનું છે એ નક્કી કરનારા એ જ છે. એ કોઇકના મોઢે બોલાવે છે. આપણે કરવાનું. બસ, આગળ-પાછળની ચિંતા નહીં કરવાની. ઓકે?'

'ઓકે. પાવની તું મારા કરતાંય વધુ શાણી બની ગઇ.'

'શાણી હતી જ. તને આજે ખબર પડી.'

બંને જીવણભાઇના ઘેર પહોંચ્યાં. ઓસરી ને ફળિયું લોકોથી ઠઠ ભરાયું હતું. ટ્રેક્ટરને જોડેલી ટ્રોલી ઊભી હતી. ગાદલું પાથરેલું હતું. હરીશે જીવણભાઇના ખભે હાથ મૂકયો. હિંમત રાખવા આંખથી સૂચવ્યું. પાવની તો સીધી ઓરડામાં ગઇ હતી. હરીશ પણ ગયો. પાવની ચંપાને તપાસતી હતી. ચંપા વેદનાથી મોટેમોટેથી કણસતી હતી.

'ચંપા, શ્રીજીબાવા સૌ સારું કરશે. હિંમત રાખ. અબ ઘડી છૂટકારો થયો સમજ.'

હરીશે ચંપાને તપાસી. પછી કહ્યું, 'No Hope.' (આશા નથી.)

પાવનીએ ઇંજેકશનની સિરિંજ ભરવા માંડી. પાવનીનું ધ્યાન સિરિંજ તરફ હતું. ત્યાં ચંપા ચિત્કારી. પાવની ચંપા તરફ ફરી. દાયણે ચંપાના બે પગ પકડયા હતા. હરીશે માથા તરફ ઊભા રહી બે હાથ પકડેલા. ચંપાને પ્રસવ થઇ ગયો. સિરિંજ તો હજી પાવનીના હાથમાં જ હતી. સરસ રૂડોરૂપાળો પાંચ કિલોનો દીકરો હતો!

હરીશે રૂમાલથી મોંનો પરસેવો લૂછયો. તે બોલ્યો : 'આનું નામ જ કર્તુમ્, અન્યથાકર્તુમ્. યશોદાનંદન યશદાતા છે. કર્યું એમણે, યશ આપણને.'

'મને આમાં ઠાકોરજીનો કંઇક સંકેત જણાય છે.'

'મને પણ....'

બંને બહાર આવ્યાં. પાવનીએ જીવણભાઇનાં પત્ની સંતોકબેનને

કહ્યું : 'ભાભી, ચંપાને બાબો આવ્યો છે. બેય ઠાકોરજીની કૃપાથી મજામાં છે. જાઓ, વ્યાજને જુઓ.'

જીવણભાઇએ તો હરખઘેલા થઇ હરીશને છાતીએ જ ચાંપી દીધો, 'દાકતર સા' બ.....'

'ઊંહું... આપણે તો એકડિયાથી સાથે ભણેલા.'

'ભાઇ, તમે વહુ-દીકરાને જીવતદાન આપ્યું. તમારો જેટલો આભાર...'

'નહીં. આભાર ઠાકોરજીનો. અમે તો કંઇ જ કર્યું નથી. અમે ડૉક્ટરોય ન માનીએ એવો ચમત્કાર જ થયો છે. જીવન આપનાર, બનાવનાર અને પાછું લેનાર એ છે. બીજાને યશ આપી અન્યાશ્રય ન કરો.' હરીશે કહ્યું.

'આપણે જઇશું?' પાવનીએ પૂછયું.

'તમારી ફી?'

'ઘરમાં ભાભુએ તિજોરી નથી વસાવી. ફીમાં જય શ્રીકૃષ્ણ. ચાલો, આવજો. બેઉનું ધ્યાન રાખજો.'

હજી તો બેય જણ પગ ઉપાડે, ત્યાં બીજો એક જણ શ્વાસભેર આવ્યો. હાંફતો હતો. માંડ માંડ બોલ્યો : 'દાક્તર સા'બ...દાક્તર સાબ...'

'શું છે, ભાઇ?'

'આથમણી કોર હરજી મેરના છોકરાને આંચકી ઊપડી છે. એકનો એક છોકરો છે. મોટી ઉંમરે થયો છે. હું તમને બરકવા ડેલીએ જઇને આવ્યો.'

'ચાલ, આવીએ.'

આવેલા જણે પાવનીના હાથમાંથી બેગ લીધી અને હડી કાઢી. એની

પાછળ હરીશે લાંબી ફલાંગો ભરી. પાવની તો હરીશની સાથે રહેવા દોડતી હોય તેમ લાગતું હતું. એણે કહ્યું, 'હરીશ....'

'હં...'

'આજે શ્રીઠાકોરજી આપણી કસોટી કરી રહ્યા છે.'

'ના, સેવા આપી રહ્યા છે.'

બંને પહોંચ્યા. આઠ વર્ષના છોકરાને ટીટેનસ થયો હતો. હરીશે તપાસ્યો. પાવનીએ ઈંજેક્શન તૈયાર કર્યું. હરીશે આપ્યું. ગોળીઓ ગળાવી. બેઉ એની પથારી પાસે બેઠાં. મનમાં અષ્ટાક્ષરનું રટણ ચાલુ હતું. પાવનીનો હાથ અનાયાસ જ છોકરાની છાતી પર ફરતો હતો. ધીમે ધીમે આંચકી શમી. એણે આંખો ખોલી. હરીશે સ્ટેથોસ્કોપથી તપાસ્યું. નાડી તપાસી. પછી બોલ્યો, 'દીકરાને ઠાકોરજીએ જીવતદાન આપ્યું છે. ચિંતા ન કરશો. છોકરાંને રમતાં વાગે. લોહી આવે. આવું થાય તો તરત ધનુરનું ઈંજેક્શન અપાવી દેવાનું. એની અસર છ મહિના રહે.'

'પણ સાહેબ, આ ગામમાં તો કોઈ દાક્તર જ નથી.'

'લો બેસો અમે જઈએ.'

'સાહેબ આપની ફી?'

'ગાંજા થયા છો? મારી ફી બહુ મોંઘી છે. નહીં આપી શકો.'

'સાહેબ, સાત ખોટના દીકરાને જિવાડ્યો છે. ખોરડું વેચીનેય રૂપિયા આપીશ.'

'તો વચન આપો કે આજથી બીડી નહીં પીઓ. બસ એ જ મારી ફી.'

'હરજી એક ક્ષણ વિચારમાં પડી ગયો. આખી જિંદગીની આદત. પણ કહી દીધું : 'મારા ભલાની વાત છે સાહેબ. આજથી આ બીડી

ગૌમાટી બરોબર. છોડી, બસ...?'

'બસ, હરજી.'

બેઉ ઘેર જવા નીકળ્યાં. બોલવવા આવેલા જણે બેગ લીધી. ફળીમાં આવ્યાં, ત્યાં ડેલીએ માધુ રાહ જોતો ઊભો હતો. 'કેમ માધુ?'

'માધુ, ચિંતા ન કર. આ ઘરમાં માખણચોર બિરાજે છે. એની હાજરીમાં બીજો ચોર હિંમત ન કરે.'

'ભઈ, બીજી વાત. ગોમતીકાકીને છાતીમાં દુઃખાવો થયો છે. મોહનકાકાને થયો'તો એવો.'

'ક્યારે?'

'તમે જીવણભૈના ઘેર પુગ્યા પછી.'

'ચાલો, પાવની.'

બેય માધુની પાછળ ગોમતીબેનના ઘેર ગયાં. પાવની હાર્ટસ્પેશિયાલિસ્ટ હતી. એણે ઇ.સી.જી. લીધો. ઈંજેકશન આપ્યાં. સુવાડી દીધાં. પછી બંનેએ ગોમતીબેનના દીકરાને બહાર બોલાવીને કહ્યું : 'બોતેર કલાક જાય પછી જ કહી શકાય. અત્યારે તો દવા આપી છે. સવારે રાજકોટ લઈ જવાં પડશે. દવાખાનામાં રાખવાં પડશે.'

'બા બચી તો જશે તે?'

'એ તો ઠાકોરજી જ કહી શકે. આપણે પ્રયત્ન કરવાનો. અમે બેઠાં છીએ. ઠાકોરજીનું નામ રટો.'

બધાં બેઠાં. પાવનીએ બહુ જ ધીમા અવાજે યમુનાષ્ટક ગાવા માંડયું. સૌના હોઠ અનુસરવા લાગ્યા. નવ પાઠ થયા. પાવનીએ સ્ટેથોસ્કોપ કાને લગાડયું. નાડીના ધબકારા ગણ્યા. બી. પી. માપ્યું.

'She is progressing.' એણે રાહતનો શ્વાસ લીધો.

'કાકીને સારું છે. ઠાકોરજી પર ભરોસો રાખજો.'

'સવારે લઇ જવાની વ્યવસ્થા કરજો.'

'ભાઇ, તમે સાથે આવશો?'

'આવીશ, બસ! અત્યારે અમે જંઇએ. જરૂર પડે તો બોલાવજો.'

બંને ડેલીએ પહોંચ્યા, ત્યારે પરોઢના ચાર વાગ્યા હતા. હરીશ તો આંગણામાં હીંચકામાં જ બેસી ગયો, 'પાવની, થાકી ગઇ હોઇશ!'

'ખાસ નહીં.'

'મને તો રાતે ઊંઘ જ નહોતી આવી.'

'કેમ?'

'આ ઘર-જમીન વેચવાની કાલે વાત થઇ, એના વિચારમાં.'

'બધું ઠાકોરજી પર છોડી દેવાનું. રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે? ચાલ, ઊંઘી જા. થોડું ફ્રેશ થઇ જવાશે.'

'હવે ઊંઘ નહીં આવે. વહેલી સવારની ઠંડકથી જ ફ્રેશ થવાશે. હીંચકો થાક ઉતારે છે. તારો શો વિચાર છે?'

'મને તો આ પેશન્ટોને તપાસતાં ગાંડો વિચાર આવી ગયો. કહેવા જેવો જ નથી.'

'તોય કહે.'

'અહીં ગામમાં કોઇ ડોક્ટર નથી. આપણે અહીં રહી જઇએ તો?'

'પછી મુંબઇની હોસ્પિટલનું શું?'

પાવની પાસે જવાબ ન હતો. મૂંગી રહી.

'અહીં થોડા દિવસ સારું લાગે. કાયમ ન ફાવે. આજે ગોમતીકાકીને લઇને રાજકોટ જવાનું છે. નવ દિવસ પછી શનિવાર આવશે. તે દિવસની પ્લેનની ટિકીટો કરાવતો આવું છું. રવિવારે ત્યાંનું ઘર ગોઠવાઇ જાય સોમવારથી ડયુટી શરૂ.'

'ભલે, પણ ભાભુબાના શ્રીગિરિરાજજી?'

'મને પૂછે તો હવે એ આપણી અમાનત છે. આપણે તે સેવવા જોઇએ. બીજાને ન સોંપાય.'

'ભાભુના જેવી સેવા કેવી રીતે બનશે?'

'બનાવનાર અને બગાડનાર તો એ છે. આપણે શી ફિકર?'

'તું હમણાં હમણાંથી સાવ બદલાઇ ગઇ છે. નફિકરી થઇ ગઇ છે.'

'નફિકરી નહીં, નચિંત. બેમાં થોડો ફેર છે. ચિંતા જ બધી વેદનાનું મૂળ છે. ચિંતા કર્યે વેદના વધે છે. ચિંતા છોડી ચિંતન કરવાનો પ્રયત્ન કરું છું. હવે ઘરમાં ભાભુ નથી. વડીલ હું છું.'

'જા જા હવે, તું તો મારાથી ઉંમરમાં નાની છે. વડીલ શાની?'

'વડીલપણાને અને ઉંમરને સંબંધ ન હોય. પત્ની ભોજયેષુ માતા. ગૃહિણી એટલે વડીલ. વડીલ બની છું. ચિંતા કરું તો વહેલી સુકાઇ જઉં. અહીંનાં રહેવાસમાં બ્લાઉઝના આંતરસા ખોલવા પડયા છે.'

'એ તો દેખાય છે. અહીં રહે તો શેઠાણી બની જાય. મને એવી પાવની ન ગમે.'

'એની ચિંતા ન કરીશ. તને ગમું એવી જ રહીશ. ઘર અને જમીનનું જે કરવું હોય તે તું નક્કી કરજે. શ્રીગિરિરાજજી પધરાવીને મુંબઇ જવાનું નક્કી. હૌં તો હરિ- હાથ બિકાની. ચાલ, હું સ્નાન કરવા જઉં.'

પાવની ઊઠી. 'મુખડાની માયા લાગી રે મોહન પ્યારા' ગાતી ગાતી તે ઘરમાં ગઇ. હરીશ હીંચકે ઝૂલતો રહ્યો.

૮

જીવ, તું શીદને ચિંતા ધરે?

દૂધમંડળીમાંથી પટાવાળો શ્વાસભેર દોડતો હરીશની ડેલીએ આવ્યો, ત્યારે હરીશ શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી રહ્યો હતો. પાવનીને કહેતો હતો : 'પાવની, એક મિનિટ! જરાક આમ આવ તો!'

'કેમ?'

'જો તો ! આજે શ્રીગિરિરાજબાવા કેવા હસી રહ્યા છે! ખૂબ પ્રસન્ન છે ને કંઇ!'

'પાવનીએ સગડી પર દાળની તપેલી ઊકળવા મૂકેલી, તે ઉતારી, હાથ ખાસા કરીને આવી. હરીશની બાજુમાં બેસી ગઇ. હરીશના જમણે ખભે, પોતાનો જમણી હાથ લગાડી. સ્નાન કરાવતાં તે શ્રીગિરિરાજબાવાને નીરખી રહી. તે મંદ સ્વરે ગાવા લાગી : 'હું શું જાણું જે વ્હાલે મુજમાં શું રે દીઠું?'

'ભાભુ સેવા કરતાં વારંવાર આ ધોળ ગાતાં.'

'એટલે તો યાદ રહી ગયું છે. બાકી આપણે તો સેવામાં નવાં નિશાળિયાં છીએ. કંઇ જાણતાં નથી. મને તો ચિંતા થતી કે શ્રીગિરિરાજબાવાના ઘણા અપરાધ કરી બેસીશું.'

'સેવામાં શ્રીઠાકોરજીના સુખની કાળજી જરૂર રાખવી. અપરાધનો ભય ન રાખવો. અપરાધનો ભય માણસમાં ડીપ્રેશન લાવે છે. ડીપ્રેશનની કોઇ દવા નથી.'

'I know. - હું જાણું છું.'

'પણ તું એ કદાચ નથી જાણતી કે જે ડીપ્રેશનની દવા મેડિકલ સાયન્સ કે સાયકોલોજી નથી બતાવી શકયાં, તે આપણા શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. એકદમ અકસીર છે.'

'શી દવા છે?'

'એમણે ડીપ્રેસ થયેલા સૂરદાસજીને આજ્ઞા કરી હતી કે આમ રોદણાં શા માટે રડે છે? આટલો નરવસ કેમ થઇ ગયો છે? ભગવદ્-યશોગાન ગા. ભગવદ્-ગુણગાન ચિત્તને સ્નેહમય અને સ્વસ્થ બનાવે છે. એટલે સેવામાં ભય નહીં, પ્રેમ રાખવો.'

ડેલીની ડોકાબારી ખખડી. પછી ખુલવાનો અવાજ આવ્યો. પદરવ ઓસરી સુધી આવ્યો. પછી અવાજ.

'હરિભ...ઇ...ઇ'

હરીશે પૂછ્યું : 'કોણ?'

'હું કાનજી. દૂધમંડળીનો પગી.'

પાવની ઊભી થઇ. બારણા પાસે આવી. જાળી ખોલી, 'બોલો, ભાઇ.'

'બુન, મુંબઇથી હરિભઇનો ફોન મંડળીમાં આવ્યો'તો. મંતરી કહે, દાક્તરસાબને ઊભે પગે બરકી આવ.

'કોનો ફોન હતો?'

'અગરભાઇ?'

હરીશે કહ્યું : 'આપણો એકાઉન્ટન્ટ અગ્રવાલ હશે.'

'શું કહેતા હતા?'

'હરિભાઈનું કામ છે. અરધા કલાક પછી અગિયાર વાગે ફરી ફોન કરશે.'

'ભાઈ, તું જા. હું આવું છું.' હરીશે અંદરથી જવાબ આપ્યો. કાનજી ગયો. પાવની અંદર ગઈ.

'પાવની, શૃંગાર ધરી, રાજભોગ ધરજે. હું જઈ આવું. પોણા અગિયાર તો થયા છે. '

હરીશ અપરસમાંથી બહાર નીકળ્યો. પેન્ટ-શર્ટ પહેર્યાં. બૂટ-મોજાં પહેરવા ન રહ્યો. ચંપલ પહેરીને ચાલ્યો. દૂધમંડળીની ઓફિસે ગયો.

'આવો, દાગતરસાબ.' મંત્રીએ ઊભા થઈ, આવકાર આપ્યો. ત્યાં તો ફોન રણક્યો. હરીશે જ ઉપાડ્યો, 'હા, હરીશ બોલું છું. બોલો.'

હરીશ સાંભળતો રહ્યો. મોં પર કરચલી વળતી. ભ્રમરો તંગ થતી. આંખોમાં અસ્વસ્થતા ઊભરાતી. દસ-બાર મિનિટ સુધી તે સાંભળતો જ રહ્યો. પછી બોલ્યો, 'ભલે, હું પ્લેનની ટિકિટની તપાસ કરાવું છું. કાલની મળે તો કાલે ને પરમ દિ'ની મળે તો પરમ દિવસે આવું છું.'

હરીશ ઘેર આવ્યો. પાવની રાજભોગ ધરી, દંડવત કરી બહાર આવી. હરીશ ઊંડા વિચારમાં ખોવાયેલો લાગ્યો.

'હરીશ, શી વાત છે?'

'બહુ જ ખરાબ સમાચાર છે. કાલે મુંબઈમાં તાજિયા નીકળ્યા. ભીંડી બજારમાં જ તાજિયા પર હુમલા થયા. એક-બે તાજિયા તૂટ્યા. તોફાન થઈ ગયું. કોમી રમખાણની આગે આખા મુંબઈને પળવારમાં લપેટી લીધું. બોમ્બધડાકા પણ બેસુમાર થયા. આગ ફેલાઈ ગઈ.'

'હે પ્રભુ!' પાવનીએ દુઃખભર્યો નિસાસો નાખ્યો. હરીશ પાછો ચૂપ થઈ ગયો.

'એ કહેવા અગ્રવાલે બે વખત ફોન કર્યો?'

'ના.'

'તો?'

'આપણને ઘણું મોટું નુકસાન થયું છે. આપણી હોસ્પિટલવાળું પૂરું બિલ્ડીંગ આગમાં બળીને ખાખ ગઈ ગયું છે. આપણી પૂરી હોસ્પિટલ નાશ પામી છે.'

પાવની સાંભળી રહી. ઉદ્વેગભરી આંખે હરીશ સામે જોતી રહી. બોલી, 'હવે?'

'આજે પ્રસાદ લઈ, હું રાજકોટ જઉં છું. આવતીકાલના પ્લેનની ટિકિટો મળે તો લઈ આવું. ત્યાં જવું તો પડશે જ.'

'હા. જેવી ગિરિરાજબાવાની મરજી. ગિરિરાજબાવા તો સર્વજ્ઞ છે. આપણને આટલું મોટું નુકસાન થયું, તો સવારે હસતા કેમ હતા?'

'કોને ખબર કે નુકસાન થયું કે ફાયદો? હોસ્પિટલનો તો પૂરો વીમો છે. નુકસાન થશે તો વીમા કંપનીને, પણ...'

'પણ શું? હજી બીજા કોઈ અશુભ સમાચાર છે?'

'ના. એ બિલ્ડિંગ આપણું ન હતું. ફર્સ્ટ ફ્લોર આપણો હતો. ગ્રાઉન્ડ ફ્લોર ક્યારે બનશે? અને જગ્યા વિના હોસ્પિટલ કેમ ચાલશે?'

'ચિંતા ન કર. જે આગ લગાવડાવે છે, તે બાગ પણ બનાવડાવે છે. આપણે તો એનું ભરાવ્યું ડગલું ભરવાનું છે.'

'એ તો છે જ. તું રાજભોગ સરાવ. હું બપોરની રાજકોટની બસની તપાસ કરીને આવું છું.'

હરીશ પાછો ફર્યો, ત્યારે પાવની અનોસર કરી, ઓસરીમાં હરીશની

રાહ જોતી હતી. હરીશ અને માધુ આવ્યા, 'બોડીગાર્ડને સાથે લઇને ગયા હતા?'

'ના, ભાભી. રામજીની સેવામાં હનમાનજી ગયા'તા.'

પાવની હસી ગઇ.

'બપોરે એક વાગ્યાની બસ છે. આગળથી આવે છે.'

'પ્રસાદ લઇ લો. પછી નીકળો.'

'હરિભઇ, હું ભેળો આવું છું.'

'કેમ?'

'અહીં બહારથી આવતી બસમાં ભારે ભીડ હોય છે. માંય ગરવું સહેલું નથ હોતું.'

'ભલે, તારી મરજી.'

* * *

સાંજે પાવની અપરસમાં નહાવા જવાનો વિચાર કરતી હતી, ત્યાં જ હરીશ અને માધુ આવ્યા.

'કાલની ફલાઇટની ટિકિટો મળી ગઇ છે. બપોરે બે વાગ્યાની ફલાઇટ છે. બાર વાગે નીકળવું પડશે. અગ્રવાલને ફોન કરી સૂચના આપી દીધી છે. મનજિત ડ્રાઇવર અને કાર લઇ, તે એરપોર્ટ પર આવશે.'

'હરિ કરે સો હિત. આપણું કલ્યાણ જ હશે. હું ચા બનાવું. પછી નહાવા જઉં.'

રાજકોટથી ફલાઇટ સમયસર ઊપડી. પ્લેને ટેક ઓફ કર્યા પછી, સીટબેલ્ટ કમર પરથી છોડતાં, ઝાંપીજીને પાવનીએ હરીશના ખોળામાં પધરાવ્યાં.

'ગિરિરાજબાવા અકળ છે. મુંબઇ મ્હાલવાનું મન થયું, એટલે આવી લીલા કરી.'

'શ્રીનાથજી જતિપુરાથી મથુરા પધાર્યા હતા, એવું!'

'હરીશ, મને લાગે છે કે શ્રીગિરિરાજબાવા કંઇ કાયમ મુંબઇમાં બિરાજવા નથી ચાહતા. એટલે જ હોસ્પિટલ બાળી નંખાવી.'

'હં...'

'તો શું કરીશું?'

'આપણું વતન તૈયાર છે. મેં વિચાર કરી લીધો છે. તારી સંમતિ હશે તો અમલ થશે. મુંબઇનો તારા પપ્પાનો અને આપણો બેય બંગલા વેચી દેવા. એક નાનો ફલેટ લઇ લેવો. જ્યારે જવું પડે, ત્યારે ખપ લાગે. બંગલાની રકમ અને વીમાની રકમમાંથી ગામમાં આપણી ચાર વીઘાં જમીનમાં હોસ્પિટલ અને આપણી મઢુલી બનાવી લેવાં. ગુંદાળામાં અઠે દ્વારકા કરવી.'

'બહુ સરસ વિચાર છે. મને ખૂબ ગમ્યો. આપણા જ્ઞાન અને આવડતનો ખરો ઉપયોગ ત્યાં જ થશે. મુંબઇમાં સેવા ને દવાખાનું બેય સારી રીતે સચવાત નહીં. ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.'

પાવનીએ હરીશનો હાથ પોતાના હાથમાં પરોવ્યો. હરીશના ડાબા ખભે માથું ઢાળ્યું અને આંખો મીંચી રીલેક્ષ થઇ.

●

૯

કૃપામાં કસોટી તો થાય

મુંબઇથી કાયમ માટે હરીશ અને પાવની ગુંદાળા પાછાં આવી ગયાં. બે ટ્રક ભરીને સામાન પણ આવ્યો. નારણભાઇનું એક ઘર ખાલી હતું. પહેલાં ત્યાં ઢોર બંધાતાં. તે ભાડે રાખી, વધારાનો બધો સામાન ત્યાં મૂકી દીધો. આખા ગામે જાણ્યું કે હરીશ અને પાવની હવે કાયમ માટે ગુંદાળા રહેવાનાં છે. અહીં બહુ મોટી હોસ્પિટલ બાંધવાનાં છે.

ગોદાવરી માસી, સમજુબેન ને નારણભાઇ બપોરનાં આવ્યાં. હરીશ-પાવની જરા આડા પડખે થયાં હતાં. ખાટલામાંથી બેઠાં થયાં.

'આવો, માસી.'

'સમજુબેન, નારણભાઇ, આવો. જય શ્રીકૃષ્ણ.'

'જય શ્રીકૃષ્ણ. સાજાં-નરવાં તો છો ને, ભા?'

'હા.'

'સૂતેલાં જોયા એટલે થયું કઇ મજા નથી લાગતી.'

'ના. માસી. મુંબઇમાં બધું આટોપવાનો થોડો થાક હતો.'

'ખરી વાત છે ભઇ. રોગ તો અમ લોગને થાય. તમારા દાગતરોથી રોગ બહુ બીએ. સાત ગાઉ દૂર રહે.'

બધાં હસ્યાં. ગોદાવરી માસી બોલ્યાં : 'અહીં કાયમ રહેવાનું કર્યું એ મને બઉ ગમ્યું. ભાભુનું ઘર ખુલ્લું રહેશે.'

'પણ, ભઇ આ ગામડાગામમાં તમને શહેરી મનેખને કાયમ માટે ફાવશે?' નારણભાઇએ શંકા વ્યકત કરી.

'વૈષ્ણવની ડિક્ષનેરીમાં ફાવશે, ભાવશે, ગમશે એ શબ્દો જ ન હોય. શ્રીઠાકોરજીને ફાવે અને ગમે તે આપણનેય ફાવે અને ગમે. ઠાકોરજીની ઇચ્છાને પોતાની ઇચ્છા કરે એ વૈષ્ણવ, એમ ભાભુ કાયમ કહેતાં.' પાવની બોલી. તે ચા બનાવવા ગઇ.

'ઠાકોરજીની કૃપા થાય તો જ આવી વાત કરે ને. એના પિતાના ઘેર દેવોનેય ઈર્ષા આવે, એટલી સાયબી હતી. પણ પરણ્યા બાદ મુંબઇની બે રૂમની ખોલીમાં હોંશથી મારી સાથે રહી. બે ખોલી, જાણે પોસ્ટકાર્ડ પર લગાડેલી બે ટિકિટો! એની સાત પેઢીમાં કોઇ વૈષ્ણવ નહોતું. તે વૈષ્ણવ થતાં જ, પાકી વૈષ્ણવ બની ગઇ. તમને મરજાદીનેય આંટી દે એવી. સેવામાં કુશળ થઇ ગઇ- થોડા જ દિવસોમાં!'

'ઇ વાત હાવ હાચી. ભોંય બેસી, સગડી પર સામગ્રી બનાવે છે, આપણા ગોડી!'

'પાછી હસતી ને હસતી. ન રાવ, ન ફરિયાદ.'

ત્યાં તો પાવની સૌ માટે ચાના કપ લઇને આવી.

'મારી પીઠ પાછળ મારાં વખાણ નહીં કરવાનાં, માસી!' પાવનીના મોં પર સ્મિત રેલાતું હતું.

'બુન, જે છે તે કહું છું. વૈષ્ણવના ગુણ ગાઇએ તો પાપ ધોવાય. મહાપરભુજી રાજી રહે.'

'કેમ ત્રણ પ્યાલા? તમે બે?' સમજુબેને પૂછયું.

'અમે ચા છોડી દીધી.'

'શું વાત કરો છો? કયારથી?'

'સૂતક કાઢી સેવા શરૂ કરી, તેના બીજા દિ'થી.

'એકદમ?'

'હા. તમારા ભાણેજને તો ચા વિના સવાર જ ન પડે. ચાનો કપ આંખ સામે જુએ, ત્યારે પથારીમાંથી ઊઠે. બપોરેય ત્રણ વાગે એટલે ચા જોઇએ જ. ભલેને અઢી વાગે જમ્યા હોય. ત્રણ વાગે ચા પીને જ હોસ્પિટલ જવા તૈયાર થાય. મને ટેવ નહીં. મળે તો ઠીક. ન મળે તો યાદ ન આવે. પણ એમના સંગમાં મનેય ટેવ પડી ગઇ.'

'છોડી કેમ?'

'મેં એમને કહ્યું કે હવે આપણે ગિરિરાજબાવાને ધરીને જ બધું લઇશું; એટલે તમારી વહુ કહે, 'ચા પણ ધરાય?' મેં કહ્યું, એવું સાંભળ્યું તો નથી. પ્રસાદી મિસરી ભાભુ ચામાં પધરાવતાં.'

'પણ એ ઠાકોરજી તો ન જ આરોગેને? જે ઠાકોરજી ન આરોગે તે આપણાથી લેવાય? મેં એમને પૂછયું.' પાવની હળવેકથી બોલી.

'ભાભુ તો નહોતાં લેતાં. બાકી પાકી મરજાદવાળાં પણ ચા પીએ છે, એમ ભાભુ કહેતાં.' હરીશ બોલ્યો.

'તો આપણે શું કરીશું? મેં તમારા દીકરાને પૂછયું. એમણે કહ્યું, નહીં પીવાની. ભાભુ કરતાં એમ કરવાનું. બીજા દિવસથી અમે બંનેએ છોડી દીધી. ચાલ્યું, ફાવ્યું, ભાવ્યું અને ગમ્યું.' પાવની હસી.

ચા પીવાઇ ગઇ.

'હવે શું કરવા વિચાર છે?' નારણભાઇએ પૂછયું.

'અમારી જમીન છે, એમાં મોટું દવાખાનું બનાવવું છે. આજુબાજુનાં ગામડાંનાં લોકોને ટ્રેક્ટર કરી રાજકોટ જવું જ પડે. કમાવું નથી. ખર્ચા-પાણી નીકળી રહે એટલે બસ. પીડ પરાઇ જાણે અને પરદુ:ખે આંસુ લૂછે એવી વૈષ્ણવતા જીવવી છે.'

'પછી શ્રીગિરિરાજજીની સેવા?'

'એ પહેલી. પછી બાકીનું.'

'બેય સાથે પુગાશે?'

'હોવે. કરાવનાર એ છે. એની ફિકર નથી.'

'નાનકડું ઘર પણ દવાખાના પાસે જ બાંધી લઇશું.' પાવની બોલી.

'પછી આ ઘર?'

'એનો વિચાર નથી કર્યો.' હરીશે કહ્યું.

'મેં વિચાર કર્યો છે. આ ઘરમાં ગોસ્વામી બાળકોને બિરાજવાની વ્યવસ્થા કરીશું. ગામમાં જે બાળક પધારે તે બિરાજે. બહારગામથી વૈષ્ણવ કે વ્રજવાસી આવે એમનોય ઉતારો થાય. ને ગામની સ્ત્રીઓનું અહીં વૈષ્ણવ મહિલામંડળ ચાલશે. બહેનો શિવણ-ભરત શીખશે. વડી પાપડ-અથાણાં બનાવશે. વાંચતા-લખતાં શીખશે. સત્સંગ કરશે. એમના ઘરની આવક વધશે. જીવન સુધરશે.' પાવનીએ કહ્યું.

'તિ આ હંધુંય બેન, તમે કરશો?' પાવનીએ કહ્યું.

'ના, ઠાકોરજી. ગિરિરાજજી એ બોજ ઊંચકે. આપણું ગજું નહીં. આપણે તો ટેકો કરવાનો.'

'તો તો આપણું ગુંદાળુ ગોકુળિયું બની ગયું સમજો.' નારણભાઇએ કહ્યું.

'લો, ઊઠો. સેવાનો વખત થયો.'

મુંબઇથી હરીશનો મિત્ર વિજય આવ્યો. મુબઇનો મોટો આર્કિટેક્ટ. બપોરે પ્રસાદ લઇ, ત્રણે ખેતરની જગ્યા જોવા ગયાં. રોડ પરનું ખેતર. ચોમેર લીલાંછમ વૃક્ષો. એક ખૂણામાં કૂવો. મામા ગયા એટલે ઉનાળુ પાક વવાયો ન હતો. ખેતર ખાલી પડયાં હતાં.

‘હરીશ, જગ્યા તો બહુ સરસ છે. રોડ તરફ પૂર્વાભિમુખ છે. તારા સ્વપ્નની સરસ હોસ્પિટલ બને. બધું મારા ઉપર છોડી દે.’

‘મારી ઇચ્છા ફુલફલેજ હોસ્પિટલ બનાવવાની છે. જાણે નાનકડી જશલોક! સ્વચ્છતા, સુંદરતા અને સગવડોનો સમન્વય થવો જોઇએ.’ હરીશ બોલ્યો.

‘પણ સાદાઇથી બધું પ્લાનિંગ કરજો, વિજયભાઇ. અમારી પાસે તમે માનો છો એટલી રકમ નથી. મકાન સાદું ચાલશે, સાધનો ઓછા ને હલકાં નહીં ચાલે.’ પાવની બોલી.

‘ભાભી, એની ચિંતા કરશો નહીં. મોઘું તો સૌ બનાવે. હું સાદું, સાત્ત્વિક ને સુંદર બનાવીશ.’ વિજયભાઇએ કહ્યું.

‘પ્લાન કેટલા મહિનામાં બનશે?’

‘સાતેક મહિના ખરા.’

‘કેમ, મારો કામધંધો છોડાવી, કમ્પાઉન્ડરી કરાવવી છે કે શું? મહિના નહીં, દિવસ. સાત દિવસમાં પ્લાન તૈયાર જોઇએ.

‘તો તો અહીં જ રહી જવું પડે.’

‘તું અહીં રહીશ?’

‘કેમ, તને કંઇ વાંધો છે?’

‘ના, આનંદ છે.’

‘ભાભીની પરોણાગત માણીશ ને પ્લાન ચીતરીશ.’

ખેતરનો સર્વે કરવા રાજકોટથી સર્વેયર આવ્યા. પ્લાન બનવા લાગ્યો. કોન્ટ્રાકટરની શોધ થઇ. ગામમાં ચહલપહલ મચી ગઇ. વાત વાયુવેગે રાજકોટ સુધી પહોંચી. ડૉ. હરીશ ડોબરિયા મોટી જશલોક હોસ્પિટલ બનાવે છે. મફત ઇલાજ કરવાના છે.

રાજકોટ પંથકના થોડાક ડૉકટરોના પેટમાં ચૂંક ઊપડી. એમનાં ઘી કેળાં છીનવાઇ જવાનો ભય લાગ્યો. ખાટસવાદિયાઓને મોકો મળ્યો. રાજકોટમાં ડૉ. વંલાણીનું મોટું નામ. હતા તો આર.એમ.પી., પણ નસીબરેખા એવી જોરદાર કે એમ.ડી.થીય વધુ ધંધો ચાલે. એમને સળવળાટ થયો. બીજા મિત્રોમાં સળવળાટ પેદા કર્યો. કમઠાણ કરવાનું નકકી કર્યું. એવામાં ગુંદાળાનો અમુભા આવી ચઢયો. માથાભારે કાઠી દરબાર. કોઇ ભૂલથીય એની આડે ન ઊતરે. વાળનાં મોટાં થોભિયાં ને ભરાવદાર લાંબી મૂછો. લાલઘૂમ આંખો ને કરડો ચહેરો. ડૉ. વલાણીયે એની દવા મફત કરે! એમણે અમુભાને કહ્યું : ‘બાપુ,તમારા છતાં અમે દંડાવાના.’

‘કાં....’

‘પેલો ડોબરિયા તમારા ગામમાં સેવા કરવા હાલી આવ્યો છે ને!’

‘હા, હાંભળ્યું છે-દવાખાનું બનાવે છે.’ અફીણના ઘેનમાં બાપુ બોલ્યા- ‘મૂરખ છે મૂરખ. દસ લાખના વીઘાની સોનાની લગડીઓ વેડફી મારે છે. મેં માગી તો મને ન દીધી. મારી જમીનની બાજુમાં એની થડોથડ છે.’

‘પત્યું તંય તો.’

‘કેમ?’

‘તમારી જમીન પઇની થઇ ગઇ સમજો. દવાખાનાનો ચેપ તમને ને તમારા માણસોને નંઇ લાગે? કુણ ખરીદવા આવશે?’

'દાગતર, વાત તો વચારવા જેવી કહી. પણ શું કરવું?'

'ઇ મને કાં પૂછો? તમારે તો ડાબા હાથનો ખેલ છે.'

ડૉ. વલાણી હાથમાં નાજુક બોલપેન રમાડતા હતા. તેના બે ટુકડા કરી, કચરા ટોપલીમાં ફેંકી દીધા.

'હમજી ગિયો. જુઓ, કાલ હવાર નહીં પડે.'

અમુભા ગયો. વલાણી મૂછમાં મરકયા.

એ જ દિવસે સાંજે સૂરજ ઢળ્યો. આથમણે સંધ્યા ઊતરી. અંધારું સંધ્યાને ગળી રહ્યું હતું, ત્યારે હરીશ, વિજય સાથે ખેતરેથી લટાર મારીને ઘેર આવતો હતો. બિલ્લી પગલે કોક ફાળિયાધારી અજાણ્યો જન પાછળ કડિયાળી ડાંગ લઇને આવ્યો. અણધાર્યો હરીશના પગે ફટકો માર્યો અને પીઠ વાળી ભાગી છૂટયો-રસ્તાની બાજુની બાવળની કાંટાવાળી ઝાડીમાં ગરકી ગયો. હરીશ 'હે શ્રીજીબાવા' કરતો રસ્તા પર પછડાયો. માથું પથ્થર સાથે અફળાયું. લોહીથી ખરડાયું. વિજય ક્ષણભર અવાચક થઇ ગયો. હોશહવાશ ખોઇ બેઠો.

સામેથી આવતા ટ્રેક્ટરે લાઇટ તેજ કરી. ઝડપ વધારી. પાસે આવ્યું. ડ્રાઇવર નીચે કૂદી પડયો. હરીશને બેઠો કરવા માંડયો, 'હરીશભાઇ...'

'કોણ?'

'હું સોમો, ભઇ બહુ વાગ્યું છે?'

'ઠાકોરજીની મરજી.'

'ભઇ, ટેકો કરું. હળવેથી ઊભા થાઓ. ટ્રોલીમાં ચડાવી, દઉં.'

વિજયને પણ કળ વળી હતી. બેઉએ મળી હરીશને માંડ ઊભો કર્યો. ઊંચકીને ટ્રોલીમાં સુવાડયો. સોમાએ હરીશના કપાળે ફાળિયામાંથી લૂગડું કાપી, પાટો બાંધ્યો. ટ્રેક્ટર ગામ તરફ પાછું વાળ્યું.

ભાભુની ડેલીએ તો ભીડ ભરાઇ ગઇ હતી. પાવની પણ મનમાં ખળભળી ગઇ હતી. છતાં ડૉક્ટરની સ્વસ્થતા ધારણ કરી, હરીશને તપાસ્યો. કહે, 'બેય પગે ફ્રેક્ચર લાગે છે.' પાવનીએ કપાળનો ઘા સ્પિરિટથી ધોઇ, દવા લગાડી, પાટો બાંધ્યો. ટીટેનસનું ઇંજેકશન આપ્યું. બ્રુફેનનું પેઇનકીલર ઇંજકશન પણ આપી દીધું. રાતોરાત હરીશને ટ્રેક્ટરમાં સુવાડી, રાજકોટ ડૉ. દલાલના ઓર્થોપેડિક દવાખાને લઇ જવામાં આવ્યો. ત્યાં બે પગે ફ્રેકચરનું નિદાન થયું. પ્લાસ્ટર મરાયું. હરીશને અઠવાડિયું દવાખાને રાખવા ડૉ. દલાલ ઇચ્છતા હતા. પાવનીએ કહ્યું : 'હું છું એટલે ભલે ઘેર રહેતા. હું એમની સંભાળ લઇશ. ડૉક્ટર, તમારો આભાર.'

ડૉ. દલાલ જાતે જ ડ્રાઇવ કરી પોતાની ગાડીમાં હરીશ અને પાવનીને ગુંદાળા મૂકી ગયાં. હરીશને પાવનીએ ઊંઘનું વેલિયમ ઇંજેકશન આપી, સુવાડી દીધો.

બીજા દિવસે સવારથી અવરજવર ચાલુ થઇ ગઇ. આવનાર સૌ દુઃખી હતાં. હત્યારા પર ફિટકાર વરસાવતાં. સૌને અચંબો હતો કે હરીશનું દુશ્મન કોણ હોય? આવું કાળું કામ કરનાર કપાતર કોણ હોય? અમુભા પણ ડેલીએ ખબર કાઢી ગયો. દુઃખ કરી ગયો. એના પર શંકા કેમ જાય?

બપોરે ડૉ. માધવાણી આવ્યા. હરીશ હવે માનસિક રીતે સ્વસ્થ હતો. ઘરમાં બહારનું કોઇ ન હતું. માધવાણીએ દબાયેલા અવાજે કહ્યું : 'ડૉ. હરીશ, મારી પાસે પાકકી બાતમી આવી છે. આ કાળા કામ પાછળ ડૉ. વલાણીનો હાથ છે અને કરાવનાર તમારા ગામનો અમુભા છે.'

'પણ એમની સાથે અમારે તો કોઇ વેરઝેર નથી. કેમ હરીશ?' પાવની બોલી.

'પણ શા માટે? અમે કોઇનું કંઇ બગાડયું નથી. એ બેને અમે તો ઓળખતાં પણ નથી.' હરીશ બોલ્યો.

'એવું તમે માનો છો. તમારી હોસ્પિટલ બનશે અને મફતમાં સારવાર આપશો, પછી એમની દુકાન બંધ નહીં થઇ જાય?'

'તમે પણ એવું માનો છો?'

'ના, હું તો એવું વિચારું છું કે ઘણું કમાઇ લીધું. હવે સેવા કરવી. હું તમારી સાથે સેવા કરવા બેસીશ, જો તમે મને સ્વીકારશો તો.'

'ડૉક્ટર, એ તો આનંદની વાત છે.'

'બેથી ત્રણ ભલાં.'

'હવે ચેતતાં રહેજો, આ લોકોથી.'

'યજ્ઞમાં હાડકાં નાખવાની રીત તો પુરાણકાળની છે. ઠાકોરજી બધું સારું જ કરે છે. મને તો ઇસુનાં વચન યાદ આવે છે, 'હે પરમ પિતા પરમાત્મા! એ લોકો શું કરે છે, તે તેઓ જાણતાં નથી. તેમને ક્ષમા કરજો.' હરીશે કહ્યું.

'ચાલો, રજા લઉં. જતાં સરપંચ અમથાભાઇને મળતો જઉં છું. એ ભરોસાદાર માણસ છે. આવજો, જય શ્રીકૃષ્ણ.'

ડૉ. માધવાણી ગયા.

'હરીશ, પ્રથમ ગ્રાસે મક્ષિકા થઇ!'

'તને ડર લાગ્યો, પાવની?'

'ન લાગે?'

'ના, જેના માથે શ્રીગિરિરાજબાવા બિરાજે, તેને ડર? વૈષ્ણવની ડિક્ષનેરીમાં ડર શબ્દ ન હોય. શ્રીજી તો કસોટી કરે છે. હજી વધારે કસોટીઓ કરશે. કસોટીઓ કરીને તો આશ્રય દૃઢ કરાવશે.' હરીશના મુખ પર પૂરી સ્વસ્થતા હતી.

●

૧૦

કૃપાની રીત ન્યારી

હરીશ લાકડીના ટેકે ચાલતો થયો. વિજયભાઇ હોસ્પિટલના પ્લાન બનાવી મુંબઇભેગા થઇ ગયા હતા. હરીશને માહિતી મળી કે તેની જમીન ખેતીના હેતુવાળી છે. સરકારની મંજૂરી વિના તેના પર બાંધકામ ન થાય. તે માટે જરૂરી કાર્યવાહી કરવા એણે રાજકોટના એડવોકેટ ધોળકિયાને કામ સોંપ્યું. ટેલિફોન મેળવવા અરજી આપી. બાંધકામનો કોન્ટ્રાકટ પણ ગિરિ કન્સ્ટ્રકશનવાળા જયમલભાઇને આપ્યો.

એડવોકેટ ધોળકિયાના લાખ પ્રયત્નો છતાં જમીનનું એન. ઓ. સી. મેળવવાની ફાઇલ કલેકટર ઓફિસમાં આગળ વધતી જ ન હતી. એક દિવસ હરીશ પોતે રાજકોટ કલેકટર ઓફિસમાં ગયો. જવાબ મળ્યો. કલેકટર સાહેબ તો ડિસ્ટ્રિકટમાં કેશોદ બાજુ ગયા છે. તે આર.ડી.સી. સાહેબની ચેમ્બરના દરવાજે પહોંચ્યો. પિત્તળની નેમપ્લેટ સૂર્યકિરણમાં ઝગમગતી હતી. નામ હતું બી. જે. દેસાઇ. અંદર જવા પટાવાળાને પોતાનું કાર્ડ આપ્યું. પટાવાળો કાર્ડ હાથમાં રમાડતો સ્ટૂલ પર બેસી રહ્યો પા કલાક વીત્યો.

'ભાઇ, કાર્ડ સાહેબને પહોંચાડો ને.'

'કાર્ડને મુસાફરી કરવા ટેક્ષી કરવી પડે ને! ટેક્ષીનું ભાડું તો તમે ચૂકવ્યું નથી.' પટાવાળો ખંધુ હસ્યો.

હરીશને સરકારી કચેરીઓનું પનારું પડેલું નહીં. તે ન સમજ્યો. પાસે બેઠેલા એક ચોરણા-પાઘડીવાળાએ કહ્યું : 'કૂતરાને રોટલો નાખો.'

હરીશે દસની નોટ કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો. ત્યાં તો ચેમ્બરમાંથી પાતળા, ઊંચા, સોનેરી ફ્રેમના ચશ્માંમાં સોહામણા સૂટધારી યુવાનને બહાર આવતા જોયા. પટાવાળો સ્ફૂર્તિથી ઊભો થઇ ગયો. તે યુવાન અને હરીશની નજરો મળી. યુવાન સીધા હરીશ પાસે આવ્યા. શેકહેન્ડ માટે હાથ લંબાવતાં બોલ્યા : 'ડૉ.ડોબરિયા?'

'જી.'

'હું બી. જે. દેસાઇ-ભગવત દેસાઇ. આર.ડી.સી. છું અહીં. તમે અહીં ક્યાંથી? આવો, અંદર આવો.'

પટાવાળાનું મોં છોભીલું પડી ગયું. દેસાઇ સાહેબની પાછળ હરીશ ચેમ્બરમાં ગયો.

'દેસાઇ સાહેબ, આપ મને ક્યાંથી ઓળખો?'

'તમને કોણ ન ઓળખે? મારા બાપુજીનું ઓપરેશન તમે તો ઇમરજન્સીમાં અર્ધી રાતે ઘેરથી આવીને કર્યું હતું -બ્રેઇન ટ્યુમર હતું એમને.'

'અરે, હં, અમદાવાદથી તે આવેલા. રાઇટ?'

'રાઇટ, ત્યારે તમારું પૂરું બિલ ભરવાનીયે મારી ત્રેવડ ન હતી. અમે પાછા જવા તૈયાર થયેલા. તમે અમને રોક્યાં. ઓપરેશન કર્યું. બાપુજી બચી ગયા. તમે બિલ પણ ન લીધું. બહુ વિનંતી કરી, ત્યારે ટોકન સો રૂપિયા લીધેલા. તમે ડોક્ટર નહીં, દેવતા છો. બોલો, હું તમારી શી સેવા કરું?'

હરીશે કામની વાત કરી. દેસાઇ સાહેબે ફાઇલ મંગાવી. કલાર્કને બોલાવ્યો. ફાઇલ જોઇ કહ્યું, 'ડૉ.સાહેબ, તમારી જમીન પર કોઇક ખેડૂતે જમીન વાવતો હોવાનો દાવો દાખલ કર્યો છે. જમીનનો એ પોતે માલિક છે, એવી અરજી કરી છે.'

'પણ મારા મામા તો જાતે જ ખેતી કરતા. અમારા ત્યાં કોઇ ગણોતિયો નહોતો. જમીન વાવવા અમે કોઇને આપી જ નથી.'

'સારા કામમાં લોકો રોડાં રેડવવા તૈયાર હોય છે. પણ તમે ચિંતા ન કરશો. હું બધું સંભાળી લઇશ. શ્રીજીબાવા કલ્યાણ કરનારની દુર્ગતિ થવા દેતા નથી.'

'તમે વૈષ્ણવ છો, હવેલીવાળા?'

'યસ, સર. તમે?'

'હું પણ.'

'વાહ, આજે વૈષ્ણવની સેવા મળી. તમને એક અઠવાડિયામાં ઘેરબેઠા એન.ઓ.સી. મળી જશે. મારા લાયક કંઇ પણ સેવા હોય, તો ફોન કરી દેજો. આ મારું કાર્ડ.' બંને ઊભા થયા. હાથ જોડી જય શ્રીકૃષ્ણ કર્યા.

હરીશ ટેલિફોન ઓફિસમાં ટેલિફોનની તપાસ કરવા ગયો. 'ઓ. વાય.ટી. માં ત્રણ ફોન નોંધાવ્યા છે.' તેણે ઓફિસર સામે પાવતી ધરી.

'પાવતી પર પેપરવેઇટ મૂક્યા વિના ગયેલા ને? પાવતી તો ઊડી ગઇ. ક્યાંય ગાયબ થઇ ગઇ!' પાનથી ગંદા દાંત કાઢતા એ બદસૂરત ચહેરાએ નફ્ફટ જવાબ આપ્યો. 'ક્યારે જડશે પાવતી? ફરી ક્યારે આવું?'

'વજનદાર પેપરવેઇટ લઇને આવજો.'

હરીશ રૂમમાંથી દુઃખભર્યા હૈયે બહાર આવ્યો. ત્યાં પાછળથી તેના મજબૂત ખભે કોઇનો મજબૂત હાથ દબાયો.. હરીશે પાછળ જોયું. એની

જ ઊંચાઈનો, એના જેવો જ જાજરમાન પુરુષ ઊભો હતો. આંખો ને હોઠ મરકતા હતા. તે બોલ્યો. 'ડોબરિયા?'

હરીશે માથુ હલાવી હા કહી.

'મને ન ઓળખ્યો ને? બહુ મોટો થઇ ગયો!'

હરીશ મૂંઝાયો.

'લંબુ, યાદ છે? તારી સાથે સાત ધોરણ એક પાટલી પર બેસી ભણેલો?'

ઓહ....મનુ....મનહર!' બંને લોબીમાં જ એકબીજાને ભેટી પડયા.

મનહર હરીશને હાથ પકડી, ખેંચી ગયો એની ઓફિસમાં.

'અરે તું.... સોરી, તમે એ.જી.એમ. છો, અહીં?'

'તો શું ચપરાસી માનતો હતો મને? પણ આ તમે વાળી વાત છોડ. આપણને એ નકલી ભાષા ફાવતી નથી. કાનજીભાઇ સાહેબ કહેતા- યાદ છે? તું ડોબરિયો તે હું ડફોળિયો!'

બંને ખડખડાટ હસ્યા. હરીશને થયું કે આજે કેટલા મહિના પછી તે મુક્ત રીતે હસ્યો છે!

હરીશે મનહરને વાત કરી. મનહરે પેલા જ ઓફિસરને બોલાવ્યો, 'મિ. નારંગ, આ સાહેબની અરજીની ફાઇલ લાવો. એમના પૈસા ભરાઇ ગયા છે?'

'યસ,સર'.

'સર્વે થઇ ગયો છે?'

'નો, સર.'

'વ્હાય નોટ?'

'સર, ઐસા હૈ કિ.....'

'મારે બીજું કાંઇ પણ સાંભળવું નથી. મિ. નારંગ, ટેલિફોન કયારે ચાલુ થાય છે?'

'સર, ચાર-છ દિવસમાં....'

'નહીં...!'

'સર, કાલે....'

'ઓ.કે. કાલ સાંજે હું ઓફિસેથી ઘેર જવા નીકળું, એ પહેલાં મને તે ત્રણ નંબર પર ડો. ડોબરિયા સાથે વાત થવી જોઇએ, સમજ્યા?'

'યસ, સર.'

'બરાબર યાદ રાખજો. જાઓ.'

'બોલ, હવે શો પ્રોગ્રામ છે તારો?'

'ગુંદાળા પાછા જવાનો.'

'ગાડી લઇને આવ્યો છે?'

'ના, બસમાં. ગાડી ખરીદવી છે. ગામડાને માફક આવે તેવી. પણ હમણાં સગવડ નથી.'

'બસ, ફકકડ ગિરધારી જ રહ્યો હજી પણ? પરણ્યો ખરો કે બ્રહ્મચારી?'

'પરણ્યો છું, પણ પરિવાર નથી. હૂતો-હૂતી બે જણ છીએ.'

'અચ્છા, ચાલ મારા ઘેર. ચા-નાસ્તો કરીને નીકળ.'

'સોરી.'

'કેમ, ભાભુની જેમ મરજાદી થઇ ગયો છે?'

'હા.'

‘ગુડ....વેડી ગુડ... આપણને એ મરજાદીઓ કદી સમજાયાં નથી, પણ એમના તરફ ભારે માન છે. કેટલાં સંયમી! કેટલાં ત્યાગી! કેટલાં મહેનતુ! ખેર, મારી ચા તું ન પીએ, તો તારી ચા મને પાવી પડે. ચા સાથે પ્રસાદ પણ ખરો. યાદ છે ભાભુનો મલાઇ પ્રસાદ! તને અને મને એ બહુ ભાવતો! કયારેક તારી ગેરહાજરીમાં જઇ મલાઇની આખી કટોરી ઝાપટી આવતો?’

‘અને પછી હું હસતો.’

‘એકદમ સાચું. ચાલ, ગુંદાળા આવું છું.’

બંને બહાર નીકળ્યા. મનહરે કાર પાસે ઊભેલા એના ડ્રાઇવરને ધીમેથી વાત કરી. ડ્રાઇવર પાસેથી કારની ચાવી લઇ, મનહર ડ્રાઇવરની સીટ પર બેઠો. હરીશ બાજુમાં ગોઠવાયો.

‘સીધા ગુંદાળે જ જવું છે ને?’

‘વિચાર તો એવો હતો કે શાકભાજી, લીલો મેવો લઇને બસ પકડવી.’

‘શાકબજારમાં આ ગાડી જઇ શકે છે. કમ ઓન.’

શાક-મેવો લઇ, બંને ગુંદાળા પહોંચ્યા, ત્યારે ડેલીના આંગણે ક્રીમ કલરની ચકચકતી ફિયાટ કાર ઊભી હતી. હરીશને નવાઇ લાગી. કોણ આવ્યું હશે? ત્યાં નજર ડ્રાઇવર ઉપર પડી. આ તો મનહરનો ડ્રાઇવર!

‘તારો ડ્રાઇવર આપણી પહેલાં આવી પુગ્યો છે! કંઇ ગંભીર તો નહીં હોય ને?’

‘ના, રીલેક્સ. મારી સૂચનાથી જ આવ્યો છે. મારા ભત્રીજાને કારનો ઘણો શોખ હતો. બે ભાઇ વચ્ચે એક દીકરો! એની વીસમી વર્ષગાંઠે મેં એને આ કાર ભેટ આપી અને તેને પછી ચાર મહિનામાં ભણવા અમેરિકા જવાનું થયું. ગાડી અહીં રહી ગઇ. મારે સરકારી ગાડી છે. મોટા ભાઇને બે ગાડીઓ છે. તારાં ભાભી તો લકવાગ્રસ્ત પથારીવશ છે બે વર્ષથી. એટલે આ ગાડી તારે જ વાપરવાની છે. કોઇક સુપાત્ર હું શોધતો જ હતો! તારી હોસ્પિટલ માટે મારી આટલી સેવા. પ્લીઝ, ના ન પાડતો.’

‘ભલે, શ્રીજીબાવાની જેવી મરજી. પણ ભાભીની વાત તેં રાજકોટમાં કેમ ન કરી? આખર હું એક ડોક્ટર છું. મારી વાઇફ પાવની પણ ડોક્ટર છે. અમારી ફરજ છે.’

‘પહેલી વાર વર્ષો બાદ મળ્યા, તે દુ:ખી થવા?’ ત્યાં તો પાવની ડેલીએ આવીને ટહૂકી, ‘મારાથી કંઇ ખાનગી છે કે શું?’

‘ના રે. ગાડીમાંથી ઊતર્યા ને ઊભા રહી ગયા.’

પાવની આગળ આવી. હરીશે મનહરની ઓળખાણ કરાવી. પાવનીએ સાડીનો છેડો બીજા ખભે ખેંચતાં મીઠાશથી મનહરને જય શ્રીકૃષ્ણ કર્યાં. હરીશના હાથમાંથી વજનદાર પ્લાસ્ટિકની થેલીઓ સહજતાથી લઇ આગળ ચાલી. મનહર પાવનીની પીઠ નીરખી રહ્યો.

‘સાચે જ પાવની છે. ગુંદાળાના માથે ગંગા ઊતરી છે.’

રાતે ભગવદ્‌વાર્તા કરી, રોજના નિયમ પ્રમાણે હરીશ અને પાવની આંગણામાં હીંચકે બેઠાં. હરીશે રાજકોટના બેય પ્રસંગો વિસ્તારથી કહ્યા. પાવની હરીશનો વાંસો પસવારતાં કહેવા લાગી : ‘હરીશ, શ્રીગિરિરાજબાવાનો જ આ મનોરથ છે. એમની કૃપા કરવાની રીત ન્યારી છે. પિતા અતિ વહાલા પુત્રે મંગાવેલું રમકડું લઇ ઘેર આવે. પુત્ર રમકડું માગે. પિતા ગંભીર મોં કરીને કહે- સોરી. હું તો ભૂલી જ ગયો. બાળક ધમપછાડા કરે. પત્ની પણ વાંકી ભ્રમર ને હોઠ કરે. ત્યાં પિતા બેગમાંથી રમકડાનું ખોખું કાઢી, પુત્રના હાથમાં મૂકે. પુત્રને વધુ રાજી જોવા પિતા તેને રડાવવાનું નાટક કરી લે. બસ એવું જ શ્રીગિરિરાજબાવા કરી રહ્યા છે, એમ તને નથી લાગતું?’

૧૧

હરિ કરે તે સહી

હરીશના ગુરુઘેરથી' શ્રીકનુબાવા ગુંદાળા હોસ્પિટલના ભૂમિપૂજન તથા ખાતમુહુર્ત માટે ખાસ પધાર્યા. આપે આજ્ઞા કરી. 'હોસ્પિટલ તૈયાર થઇ, ચાલુ થતાં એક-બે વર્ષ તો થઇ જશે ને?'

'જી, ત્રણેક વર્ષની તો ધારણા છે.'

'ત્યાં સુધી? એક કામ કરો, ગામમાં કામચલાઉ હોસ્પિટલ ચાલુ કરી દો.'

'પણ એવું મકાન તો જોઇએ ને?'

'શ્રીમદનમોહનલાલ દયાળુ છે. શ્રીદામોદરજી પર શ્રદ્ધા રાખવી.'

'જી.'

'ગામમાં હોસ્પિટલ ચાલુ કરવામાં કેટલો સમય લાગે?'

'કેવું મકાન મળે, સ્ટાફ મળે, સાધનો વસાવાય તેના પર આધાર, બહુ દોડીએ તો ય બે-ત્રણ મહિના તો થઇ જ જાય.'

'અને વળી...' પાવની અટકી ગઇ.

'કેમ અટકી ગયાં, બેન?'

'કંઇ નંહી, જે જે.'

'ના, મનમાં કંઇક મૂંઝવણ છે અમને નહીં કહો તો કોને કહેશો?'

'આપ તો આનંદ-સ્વરૂપ છો. આપની આગળ અમારી મુશ્કેલીની મૂંઝવણો ન રડાય. અમારી ભક્તિ દૂષિત થાય. આપે આજ્ઞા કરી, તે શિરોધાર્ય છે. બનતી ઝડપ કરીશું.'

'તમારી ભાવનાથી વિશેષ આનંદ થયો છે. પ્રભુ સર્વસમર્થ છે. નિશ્ચિંત રહેજો.'

'હોસ્પિટલના ઉદ્‌ઘાટન માટે આપે પધારવા કૃપા કરવાની.' હરીશે વિનંતી કરી.

'જરૂર આવીશ.'

બાવાશ્રી તપેલી આરોગી જૂનાગઢ પધાર્યા. હરીશ છાપું લઇ ઇઝી ચેરમાં બેઠો. પડખે પાવની બેઠી. 'હરીશ, ગામમાં એવું કોઇ મકાન?'

'ધ્યાનમાં નથી. હોસ્પિટલ બને છે. કામચલાઉ હોસ્પિટલ ઊભી કરવા વધારે પૈસા જોઇએ. સાધનો વસાવવા દોડવું પડે. સ્ટાફ લાવવો પડે.'

'હજી, તારા પગમાં એટલું બળ આવ્યું નથી!'

'અને તારી પર્સમાં એટલા રૂપિયા પણ નથી.'

'શું કરીશું?'

'ખબર નથી. અત્યારે તો એટલી ખબર મગજ આંખોને પહોંચાડે છે કે થાક લાગ્યો છે. કલાક સૂઇ જઇએ.'

'બરાબર. જેમણે આજ્ઞા કરી, તે સર્વજ્ઞ છે, સત્યસંકલ્પ છે. પ્રભુ કર્તુમ્, અકર્તુમ્, અન્યથ કર્તુમ્ છે એમ ભાભુ કહેતાં હતાં.'

બંને આડાપડખે થયાં. પડતાંની સાથે જ હરીશના નાકમાંથી ઝીણી સિતાર બજવા લાગી. પાવની વિચારી રહી: આવો થાક હરીશને કદી લાગ્યો નથી. મારે એને વધારે સાચવવો પડશે. લૌકિકમાં એનું મારા

સિવાય કોઇ નથી. મરદ છે એટલે મૂંઝવણ બોલી શકતો નથી, દિલ ખોલી શકતો નથી. અત્યાર સુધી ઓપરેશન થિયેટરમાં કુશળતાથી છરી જ ચલાવી છે. વહેવારમાં શૂન્ય રહ્યો છે.

ડેલીની ડોકાબારીની સાંકળ ખખડી. હરીશ જાગી ન જાય તેવી સાવધાની સાથે પાવની ઘરમાંથી બહાર આવી. ઓસરીનાં પગથિયાં ઊતરી, ચોકમાં ચાર ડગલાં ગઇ. ત્યાં તો સામેથી કદાવર અમુભા અંદર આવ્યો. એક પળ પાવની અંદરથી થડકી ગઇ. અમુભાની આંખોમાં નશાની લાલશ ન હતી. પગ અને શરીર સ્વસ્થ હતાં.

'બોન, જેસી કસ્ન.' અમુભા રીતસર પગે પડવા ગયો.

'ભા, આ શું કરો છો? પગે તો પડાય પ્રભુને.'

'માડી, મનેય ખબર છે કે પ્રભુને પગે પડવાલાયક હું રહ્યો નથી. ઘણાં કાળાં કામો કર્યાં છે. આજ તમારા બેઉની માફી માગવા આવ્યો છું અને એક વાત કહેવા આવ્યો છું. હું તમારો ગનેગાર છું. ભાઇ ક્યાં છે?'

'હમણાં જ નિંદર આવી છે. બેસો, જગાડું.'

'ના, બોન. એમને જગાડવાનું એક વધુ પાપ નથી કરવું. મારો ગનો માફ કરે એમ ભાઇને કહેજો. એક વાત પણ એમને પુગાડજો. ગામમાં નેહાળ (નિશાળ) બનાવવા મકાન બન્યું છે. નેહાળ એમાં હજી બેઠી નથી. જૂના મકાનમાં વરસ વધારે ખેંચી નાખશું. એ મકાનમાં ભઇ હમણાં દવાખાનું ખોલી દે, તો બાર ગામનાં લોગ દુવા દેશે. આ નેહાળના નવા મકાનની ચાવીઓ છે.' એટલું કહી, અમુભાએ ચાવીઓનો ઝૂડો પાવનીના પગ પાસે મૂક્યો. 'ને બોન, આ થોડા રૂપિયા છે. અધરમના નથી. ખેતરની કમાઇના છે. દવાખાનામાં ખપ લાગશે.' અમુભાએ જવા પીઠ ફેરવી. ફરી કંઇક યાદ આવ્યું. પાછા ફરી બોલ્યા : 'અને આજથી તમારા

દવાખાનાનો હું વગર પગારનો ચોકિયાત.'

પાવની અવાચક થઇ ગઇ. અમુભા જવાબની રાહ જોયા વિના જ ચાલ્યા ગયા. પાવની ગાતી રહી : 'ઓ કરુણાના કરનાર! તારી કરુણાનો કોઇ પાર નથી.'

ચાવીઓનો ઝૂડો લઇ, પાવની ઓસરીનાં પગથિયાં ચડી. ત્યાં ઘરમાં ટેલિફોન રણક્યો. હરીશ જાગી ન જાય, એટલે ઝડપી પગલે ઘરમાં ગઇ. ત્યાં હરીશ ટેલિફોનનું રિસીવર કાને માંડી સાંભળતો હતો. 'હા, હા, જરૂર આવો..... હા, અહીં જ છું.....જરૂર આવો. આવજો.'

રિસીવર ક્રેડલ પર મૂક્યું. પાવની પ્રશ્નાર્થ નજરે હરીશ સામે જોઇ રહી. હરીશ પાવનીના હાથમાંના ચાવીઓના ઝૂડાને જોઇ રહ્યો.

'અમદાવાદથી ડૉ. જિગીશાનો ફોન હતો. પરિમલ અને નીલેશ પરમ દિવસે સવારે નીકળીને આવે છે. પ્રસાદ અહીં લેશે.'

'જિગીશા ને ચંદ્રા?'

'એય આવે છે.'

'અચાનક?'

'કામ તો બતાવ્યું નહીં. આવીએ છીએ એટલું જ કહ્યું. આપણાથી કેમ પૂછાય?'

'ભલે આવે.'

'કોણ આવ્યું હતું? આ ચાવીઓ?'

પાવનીએ બધી હકીકત કહી.

'પાવની, ગુરુદેવના આશીર્વાદ ફળ્યા. હજી તો પોતે જુનાગઢ પણ નહીં પહોંચ્યા હોય ને શ્રીઠાકોરજી વરસ્યા.'

'તદ્દન સાચી વાત. હવે શું કરીશું?'

'આજ્ઞાનું પાલન. બાજુમાંથી માધુને બરક. સરપંચ, મુખી વગેરેને બોલાવીને વાત કરીએ. પૈસા ગણ્યા? કેટલા છે?'

'પૂરા પચ્ચીસ હજાર.'

'કબાટમાં મૂક.'

કલાકમાં તો ગામના આગેવાનો હરીશની ડેલીએ ભેગા થઇ ગયા. હરીશે માંડીને બધી વાત કરી. સરપંચ કહે, 'ધાર્યું ધણીનું થાય, હરીશભાઇ. કરો કંકુના. ગામ તમારી સાથે છે. કેમ મુખી?'

'પહેલો નંબર મારો. ગામમાં હાકલ કરો. અબઘડી સૌ સાવરણા-ટોકર લઇ નવી નેહાળે પુગે. બે ઘડીમાં કરી દો દીવા જેવી. ને સરપંચ, કાલ ને કાલ ધોળાવી નાખો મકાન. અલ્યા, રામુ આયો સે?'

'હા, મુખી બાપા.'

'ભઇલા, તારા યુવક મંડળને કામે લગાડી દે. ચોમેર ઝાડ વાવી દો ને આગળ નાનો બગીચો બનાવી દો.'

'બાપા, પૈસા?'

'પૈસા મારી પાસેથી લઇ જવાના.' હરીશ બોલ્યો.

'ના, દાગતર સા'બ. ગામનું નાક કાપવું છે? તમારી સેવા. પૈસા ગામના. લ્યો લખો મારા પચ્ચીસ હજાર. સાંજે ઘેર આવી, સરપંચ, લઇ જાજો.' મુખી બોલ્યા.

પાંચ મિનિટમાં તો બે લાખ રૂપિયાનું લખણું થઇ ગયું ને સૌ નિશાળે જવા ઊપડયા. આખા ગામનો પ્રસંગ હોય એમ કામ બધું શરૂ થઇ ગયું. હરીશે ફોનથી ફર્નિચર ને સાધનોના ઓર્ડર આપવા માંડયા. ડૉ. માધવાણીની અને મનહરભાઈની મદદ મળી. ડૉ. માધવાણીની મદદથી નર્સો, વોર્ડબોય, ઓપરેશન માટે મદદનીશો મળી ગયા!

પરિમલ અને નીલેશની બે ગાડીઓ ત્રીજા દિવસની સવારે અગિયારના ટકોરે હાજર થઇ ગઇ. સાથે જસવંતભાઇ અને રત્નાબેન પણ હતાં. આખું ઘર કિલકિલાટથી ગાજી ઊઠયું. પ્રસાદ લેવાઇ ગયો. ઢોલિયા પથરાયા. ગાદલાં નંખાયાં. ઓછાડ બિછાવાયા. હવે હરીશ તથા પાવનીને કંઇ કરવાનું જ ન હતું. જુવાન સ્વયંસેવકો ખડે પગે હતા. ડૉ. માધવાણી ને મનહરભાઇ પણ આવી ગયા. હરીશે પૂછયું: 'આપ સૌએ અમારું આંગણું પાવન કરવા કેમ કૃપા કરી?'

'તમે બે એકલાં સેવાનો બધો લાભ ન લઇ લો, માટે અમે ભાગ પડાવવાં આવ્યાં છીએ.'

'શી સેવા કરવી છે?' પાવની બોલી.

'હોસ્પિટલમાં દરદીઓ તપાસીશું.'

Are you joking?(મજાક તો નથી કરતાં ને?)

'બિલકુલ નહીં. અમે સિરિયસ છીએ. ઘણું કમાઇ લીધું. અમારાં બેઉનાં છોકરાં પરદેશ છે. એકલાં છીએ. કાયમ માટે આવી જવાનું નક્કી છે. એપોઇન્ટમેન્ટ ઓર્ડર લેવા આવ્યાં છીએ.' નીલેશે કહ્યું.

'મને પણ આપજો એપોઇન્ટમેન્ટ ઓર્ડર.' માધવાણી બોલ્યા.

'વાહ, પ્રભુ! શી તમારી લીલા છે? હોસ્પિટલ જ તમારી છે. તમે લોકોની સેવા કરો. અમે તમારી સેવા કરીશું.'

જસવંતભાઇએ કહ્યું : 'અમને બેને શી સેવા આપશો?'

'તમારાં તો મોટાં કારખાનાં છે.'

'દીકરો ચલાવે છે.'

'માગી લો સેવા. અહીં કોઇ સેવા આપતું નથી, ઝૂંટવી લેવી પડે છે.'

'તો હું હોસ્પિટલનું બાંધકામ સંભાળીશ.'

'જસવંતભાઇની બાંધકામમાં માસ્ટરી.'

'ને મારાં વાઇફ દરદીઓનું રસોડું સંભાળશે.'

'રત્નાબેનની રસોઇ મળશે તો અમેય ત્યાં જ જમીશું.' જિગીશા બોલી.

'હરીશ, એક વહેવારુ વાત કરું? આ કામ પાંચ-પચીસ હજારનું નથી. વહીવટ તારો વિષય નથી, મારો વિષય છે. સૌ પહેલાં ટ્રસ્ટ બનાવવું પડશે. કેમ જસવંતભાઇ?' મનહરભાઇ બોલ્યા.

'હા, જી.'

'મનહર, તું એ બધું સંભાળી લે. વહીવટ તારો.'

'ને પૈસા?'

'પૈસાની ચિંતા ન કરો. પૈસા પ્રભુના. પૈસાનો વહેવાર મારા ઉપર છોડી દો.' જસવંતભાઇ બોલ્યા.

કામચલાઉ હોસ્પિટલ ગોઠવાઇ ગઇ. જરૂરી સાધન સામગ્રી, સ્ટાફ આવી ગયાં. અમદાવાદથી બે ડોક્ટર દંપતી પણ ગુંદાળે રહેવા આવી ગયાં. ડૉકટર માધવાણી હમણાં રોજ રાજકોટથી આવજા કરવાના હતા.

ઉદ્‌ઘાટન માટે જૂનાગઢથી કનુબાવા પધાર્યા. ગુંદાળા ફરતાં બાર ગામનાં મનેખ હેલે ચઢયાં. જસવંતભાઇએ સૌને બુંદી-ગાંઠિયાનું ભોજન આપ્યું. સમારંભમાં હરીશે જાહેરાત કરી: 'માત્ર પાંચ રૂપિયાની ફીમાં દરદીની સારવાર થશે - ઓપરેશન પણ.'

તાળીઓના ગડગડાટથી આકાશ ગાજી ઊઠયું. આકાશમાંથી વગર ઋતુએ અમીછાંટણાં થયાં.

૧૨

દુઃખ : દયાનું દાન

હોસ્પિટલના નવા મકાનના ઉદ્‌ઘાટનને આડે ત્રણ દિવસ રહ્યા હતા. બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. ડૉ. પરિમલ અને તેમનાં પત્ની ડૉ. જિગીશા આવી ચૂકયાં હતાં. નવા માહોલમાં સૌ ગોઠવાઇ ગયાં હતાં. ડૉ. નીલેશ અઠવાડિયા પછી કાયમને માટે આવી જવાના હતા. ડૉ. માધવાણી અને મનહરભાઇએ રાતદિવસ એક કર્યાં હતાં. ઉદ્‌ઘાટન માટે જૂનાગઢથી મહારાજશ્રીના પધારવાની સંમતિ પણ આવી ગઇ હતી. સાંજ નમે તે પહેલાં અમદાવાદથી જસવંતભાઇ અને રત્નાબેન આવી પહોચ્યાં. પાવનીએ હૂંફાળો આવકારો આપ્યો: 'આવો. જય શ્રીકૃષ્ણ. બસ, તમારી જ ગેરહાજરી હતી.'

'એટલે તો આવ્યાં.' રત્નાબેન બોલ્યાં.

'પણ તમે તો બે દિ' પછી આવવાનાં હતાં!' હરીશે આગળ આવતાં કહ્યું.

'વિચાર તો એવો જ હતો, પણ ધાર્યું ધણીનું થાય. શ્રીજી બાવા કરે તે સાચું. મારે તાઇવાનથી કાલે ફેકસ આવ્યો. નવા પ્રોજેકટનું ફાઇનલ કરવા જવાની તારીખ આવી. આવતી કાલે સાંજે અમદાવાદથી દિલ્હી થઇ હૉંગકોંગ જવાનું છે. એટલે નિર્ણય કર્યો કે વહેલાં જઇ આવીએ.'

'તો ઉદ્‌ઘાટન વખતે હાજર નહીં રહો?' ડૉ. પરિમલે કહ્યું.

'ના, એ માટે તમારે અમને માફ કરવાં પડશે.'

'એ તો કરીશું. માધુ, મહેમાનનો સામાન લઇ આવ, ગાડીમાંથી.'

'સામાનમાં માત્ર જળનો જગ છે. હમણાં જ પાછાં જવું છે.' રત્નાબેન બોલ્યાં.

'એમ તે કંઇ ચાલે? આટલી લાંબી મુસાફરી કરીને આવ્યાં છો!' પાવનીએ કહ્યું.

'હરીશભાઇ, જરા અંદર આવો ને! થોડીક વાત કરવી છે.' જસવંતભાઇએ કહ્યું.

બંને ઓસરીમાંથી અંદર ગયાં. જસવંતભાઇએ નાની એટેચી હરીશના હાથમાં મૂકી.

'આ આપવા જ આવ્યો છું.'

'શું છે?'

'તમારા માટે નથી. હોસ્પિટલ માટે છે.'

'કેટલા છે?'

'પંદર પેટી.'

'એટલા બધા?'

'ક્યાં વધારે છે? ઇચ્છા તો જુદી હતી; પણ જેવી શ્રીજીબાવાની મરજી. આ વાત આપણે બે જ જાણીએ.'

જસવંતભાઇ બહાર આવ્યા. એમને ને રત્નાબહેનને સૌ ગાડીમાં બેસતાં જોઇ રહ્યાં. હરીશની નજર ગાડી તરફ ગઇ. ટેક્ષી હતી! જેના આંગણે ચાર ચાર માતબર ગાડીઓ ધોળા હાથીની જેમ શોભે તે ટેક્ષીમાં? હરીશને ભગવદ્‌લીલા સમજાઇ નહીં.

રાતે સૌ સૂવા ગયાં. હરીશ-પાવની પણ એકલાં પડયાં. બોરસલીના

વૃક્ષ નીચે હીંચકે બેઠાં.

'હરીશ, મારી ખુશી માતી નથી. શ્રીગિરિરાજબાવાએ આપણા બધા મનોરથ પૂરા કર્યા. દુઃખ આપી, આપણને સુખના સાગરના કિનારે મૂકી દીધાં!'

હરીશ મૌન રહ્યો.

'કેમ કંઇ બોલતો નથી? શું થયું?'

'કંઇ નહીં.'

'તને હરખ નથી થતો?'

'ખબર નથી. બેચેની લાગે છે.'

'કેટલા બધા દિવસનો થાક છે, એટલે એવું થાય. એક એનાસિન લઇ લે.'

'ના, શરીરનો થાક નથી.'

'ભાભુ ને મામા યાદ આવી ગયાં?'

'આ ધમાલમાં એ તો સાવ ભુલાઇ ગયાં છે.'

'તો બેચેનીનું કારણ?'

'ભાભુ કહેતાં હતાં કે આપણા બે કાનમાં આપણી આંગળીઓ ખોસીએ, એટલે બહારનો અવાજ સંભળાતો બંધ થાય. પછી અંદરનો અવાજ સંભળાવા માંડે. જે દિ અંદરનો અવાજ ન સંભળાય એ દિ' જરૂર કંઇક અમંગળ બને.'

પાવની આનંદના મૂડમાં હતી. બે આંગળીઓ બે કાનમાં ખોસી. બોલી, 'મને તો અંદરનો અવાજ સંભળાય છે.'

'પણ મને નથી સંભળાતો.'

'ઓહ! એટલે બેચેન છે? તેં ભાભુને પૂછેલું કે કાનમાં બહેરાશ

આવે તો અંદરનો અવાજ સંભળાય છે?'

'એટલે...?'

'હા, ઇએનટી સ્પેશિયાલિસ્ટ પાસે ચેકઅપ કરાવી લેવું સારું. બાકી વૈષ્ણવ થઇ આવી અંધશ્રદ્ધામાં ન પડવું. ભૂલી જા,એ...'

'ભાભુ. અંધશ્રદ્ધામાં નહોતાં માનતાં. અંધશ્રદ્ધાની વાત ભાભુ ન કરે.'

'માની લે કે આજ રાતે કે કાલે કંઇ અમંગળ થવાનું છે તું કે હું શું. કરીશું?'

'ખબર પડે તો ઉપાય થાય.'

'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!'

'ના, એ વાકય એમ નથી.'ન જાણ્યું, જાનકીનાથ! સવારે શું થવાનું છે!' હે જાનકીનાથ! હું જાણતો નથી કે કાલ સવારે શું થવાનું છે! જાનકીનાથ તો પુરુષોત્તમ હતા. એ તો બધું જાણે.'

'ભલે એમ. તું જાણતો નથી, તો શું કરવું છે? કહે તેમ કરીએ.'

'કંઇ નહીં. ભગવન્નામ લેતાં સૂઇ જઇએ.'

બીજો દિવસ રોજના જેવો જ ઊગ્યો. 'હરીશ, આજે કાન અંદરનો અવાજ સાંભળે છે?'

'ના.'

હરીશ વધુ પડતો ગંભીર હતો. સવારે મંગળભોગ ધરીને તે બહાર નીકળી ગયેલો. કામમાં પરોવાઇ ગયો. સામગ્રી પહોંચી. પાવની શ્રીગિરિરાજજીને સ્નાન-શૃંગાર કરાવવા બેઠી. એની આંખે અંધારાં આવવા લાગ્યાં. દુનિયા ફરતી હોય એવાં ચક્કર આવ્યાં. આંખો બંધ કરી. માથામાં

હથોડા ટિપાતા હોય એવા સણકા શરૂ થયા. ડૉકટર હતી. સ્વભાવે સહનશીલ હતી. શ્રીગિરિરાજજીને સ્નાન-શૃંગાર કરાવ્યાં. રાજભોગ ધરવાની તૈયારી કરવા ઊભી થઇ. થાળ સાજતાં જોરદાર ચકકર આવ્યા. બે હાથથી પ્લેટફોર્મ પકડી લીધું. પછડાતાં બચી ગઇ. જેમ તેમ કરી ભોગ ધર્યો. ટેરો લઇ દંડવત કરવા વિચારતી હતી. ટેરો લેતાં જ જમીન પર ઊભી ને ઊભી પટકાઇ. ફસકાઇ ગઇ હોય તેમ બેભાન થઇને પડી. ત્યાં કોઇ ન હતું.

અચાનક હરીશ અને પરિમલ ઘેર આવ્યા. હરીશે બહારથી પાવનીને બૂમ મારી. જવાબ ન મળ્યો. અંદર ગયો. પાવની બેભાન પડી હતી. નાકમાંથી ને મોંમાંથી લોહી નીકળી થીજી ગયું હતું. હરીશે ઢંઢોળી. પરિમલે નાડી પકડી. બીજા હાથે આંખનાં પોપચાં ખોલી જોયું. 'હરીશ, પાવનીને બહારના રૂમમાં લઇ લઇએ.'

હરીશ પણ ડૉકટર હતો. તે સમજી ગયો.

'પરિમલ, એને જમીન પર જ સુવાડીએ. મારી શંકા સાચી પડી. એ તો ચાલી ગઇ નિત્યલીલામાં.'

હરીશ ગુમસુમ થઇ બેઠો. અચાનક વજ્રઘાત થયો, પણ સંયમનો બંધ ન તૂટયો. હોઠ અષ્ટાક્ષર જપી રહ્યા. બધા ભેગા થઇ ગયા. ગામમાં સોપો પડી ગયો. સૌની આંખો રડીને લાલઘૂમ હતી. રાતે સૌ હરીશની પાસે બેઠાં. હરીશે કહ્યું : 'નારણભાઇ, દસમું શિક્ષાપત્ર સંભળાવો ને.'

'નારણભાઇ ઘરમાંથી પુસ્તક લાવ્યા. વાંચવા લાગ્યા. હરીશને લાગ્યું કે એના હૃદયમાં બિરાજી શ્રીહરિરાયજી આજ્ઞા કરી રહ્યા છે : 'વૈષ્ણવ, દુઃખ તો પ્રભુની દયાનું દાન છે. તારી પાસે શ્રીઠાકોરજીને ઘણી સેવા લેવાની છે. પરિવારની આસક્તિ સેવામાં બાધા કરે, તો શ્રીઠાકોરજી પરિવારને લઇ લે છે. પાવની હોત તો પરિવાર વધત. ન સેવામાં સરખાઇ

આવત કે ન હોસ્પિટલમાં. વૈષ્ણવ! લૌકિકનો શ્રીઠાકોરજી નાશ કરે છે. એનો શોક ન કરવો.

હરીશ ટટ્ટાર થયો.

'સરપંચ, કાલે દવાખાનાનું ઉદ્ઘાટન કરવાનું છે.'

'પણ ભાઇ...'

'પણ-બણ કંઇ નહીં. આ કાર્ય મારું નથી. શ્રીઠાકોરજીનું છે. શ્રીઠાકોરજીનું કાર્ય આપણાથી ના રોકાય.'

કોઇ વળતી દલીલ કરી શકયું નહીં. બીજા દિવસે સવારે જૂનાગઢથી મહારાજશ્રી પધાર્યા. પાવનીના સમાચાર તેમને મળ્યા હતા. સીધા હરીશ પાસે પધાર્યા. હરીશે દૂરથી દંડવત કર્યાં.

'હરીશભાઇ....'

'જે જ, ભાભુ એક ભગવદીયનો પ્રસંગ કહેતાં. શ્રીગુસાંઇજીનાં બહુ કૃપાપાત્ર સેવક હતા. એમનો એકનો એક દીકરો હરિશરણે થયો, ત્યારે શ્રીગુસાંઇજી તે ગામમાં જ બિરાજતા હતા. શ્રીગુસાંઇજી સ્વયં તે વૈષ્ણવને સાંત્વન આપવા વૈષ્ણવના ઘેર પધાર્યા. વૈષ્ણવને ખબર પડતાં તેમણે વિચાર કર્યો કે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી પણ અલૌકિક આનંદ સ્વરૂપ છે. મારા ત્યાં લૌકિક શોક છે. આનંદ-સ્વરૂપ આ પ્રસંગે પધારવાનો શ્રમ લે તે ઉચિત નથી. તે વૈષ્ણવ સામે ગયા. શ્રીગુસાંઇજીનાં દર્શન થતાં જ પદ ગાયું :

'આજ નંદલાલ મુખચંદ નયનન નિરખી,
પરમ મંગલ ભયો ભવન મેરે.'

'હરીશભાઇ, તમને ધન્ય છે. પુષ્ટિમાર્ગ તમે બરાબર પચાવ્યો છે.'

■

હરિ કરે સો હિત

'શ્યામ રંગ સમીપે જાઉં'ની ભાવના આત્મસાત કરવા 'ગોવિંદ ગોતી દ્યોને'નો સાદ દઈ, 'હરિથી હું હરિયાળો' થનારની 'આંખો કોરી ને ટહૂકા ભીના રહ્યા', ત્યારે તે મનને સમજાવે છે કે 'હરિ કરે સો હિત.'

પ્રા. રમેશભાઈ વિ. પરીખની આ પાંચમી નવલકથા છે. વાક્પતિ શ્રીવલ્લભના અસીમ અનુગ્રહની જ આ પ્રસાદી છે. એમની અન્ય નવલકથાઓની વિલક્ષણતા આમાં પણ છે. કેટલાંક સત્ય પાત્રો, એમના જીવનના સત્ય પ્રસંગો. પણ આખરે કોઈપણ નવલકથા તેના સર્જકની ભાવસૃષ્ટિનું જ સત્ય હોય છે. એમાં સત્ય ક્યાં છે અને કલ્પના ક્યાં છે એ શોધવાનો વ્યાયામ કરવાથી નવલકથાનો રસાસ્વાદ માણી શકાતો નથી. તે માણવા આપણે જ હરીશ અને આપણે જ પાવની બની જવું પડે.

આ નવલકથાનો એક વિશેષ સંદેશ છે દુઃખ વિના સુખના પ્રદેશમાં પહોંચવા માટે દુઃખને ય દાનરૂપે ખોળો પાથરી સ્વીકારી લો. દુઃખનું દુઃખ ન કરો. દુઃખ દામોદરલાલે આપેલું દાન છે.

નવલકથાના અંતે પાવનીની વાત પૂરી થાય છે, પણ હરીશની વાત અધૂરી રહે છે, કારણ દુઃખને અંત કેવો?